| ૯૧૫. | લય-પ્રલય ભાગ-૩ | શ્રી હરકિશન મહેતા |
| ૯૧૬. | લય-પ્રલય ભાગ-૧ | શ્રી હરકિશન મહેતા |
| ૯૧૭. | સિધ્ધ વૈતાલ માયાપુરી ભાગ-૩ | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૯૧૮. | જડ ચેતન | શ્રી હરકિશન મહેતા |
| ૯૧૯. | સંભવ - અસંભવ | શ્રી હરકિશન મહેતા |
| ૯૨૦. | રોકેટ | હેરોલ્ડ એલ. ગુડવીન |
| ૯૨૧. | માધવ ક્યાંય નથી | હરીન્દ્ર દવે |
| ૯૨૨. | જોબન જરાનું જુધ્ધ | શ્રી નટવર શાહ |
| ૯૨૩. | કામ વિજેતા - શ્રી સ્થૂલિભદ્ર | જયભિખ્ખુ |
| ૯૨૪. | શીલવતી | શ્રી મનુભાઈ જોધાણી |
| ૯૨૫. | લય પ્રલય ભાગ-૧ | શ્રી હરકિશન મહેતા |
| ૯૨૬. | જડ ચેતન | શ્રી હરકિશન મહેતા |
| ૯૨૭. | છલ પુરુષ | શ્રી ગૌતમ શર્મા |
| ૯૨૮. | મુક્તિ બંધન | શ્રી હરકિશન મહેતા |
| ૯૨૯. | નેવું વર્ષ ભાગ-૨ | શ્રી યશોધર મહેતા |
| ૯૩૦. | વસિયત | શ્રી હરીન્દ્ર દવે |
| ૯૩૧. | વૈરના વિષ | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૯૩૨. | પાણીનું પાર્સલ | ગૌતમ શર્મા |
| ૯૩૩. | નીરજા ભાર્ગવ | શ્રી અશ્વિન ભટ્ટ |
| ૯૩૪. | મુક્તિ બંધન | શ્રી હરકિશન મહેતા |
| ૯૩૫. | ઊંચો ગઢ ગિરનાર | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૯૩૬. | મલય સુંદરી ખંડ-૧ | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી |
| ૯૩૭. | પીળા રૂમાલની ગાંઠ-૩ | શ્રી હરકિશન મહેતા |
| ૯૩૮. | પીળા રૂમાલની ગાંઠ-૨ | શ્રી હરકિશન મહેતા |
| ૯૩૯. | પીળા રૂમાલની ગાંઠ-૨ | શ્રી હરકિશન મહેતા |
| ૯૪૦. | લય-પ્રલય ભાગ-૩ | શ્રી હરકિશન મહેતા |
| ૯૪૧. | શ્રી ભાગવત સ્વૈરવિહાર | હરિભાઈ કોઠારી |
| ૯૪૨. | જીવન સર્વસ્વ | આ.વિ.રત્નપ્રભસૂરિ |
| ૯૪૩. | આ મુંબઈ છે | આ.વિ.રત્નપ્રભસૂરિ |
| ૯૪૪. | બીજને ખેતર જોઈએ છે | આ.વિ.રત્નપ્રભસૂરિ |
| ૯૪૫. | ૨૦૦ | આ.વિ.રત્નપ્રભસૂરિ |
| ૯૪૬. | ગુજરાતનો નાથ | ક.મા.મુન્શી |
| ૯૪૭. | યાદગાર પ્રવાસ | સુરેશ દલાલ |
| ૯૪૮. | સંશય કી એક રાત (હિંદી પુસ્તક) | નરેશ મહેતા |
| ૯૪૯. | ભારત કે તીર્થ સ્થાન (હિંદી પુસ્તક) | મનમોહન ઝુનઝુનવાલા |
| ૯૫૦. | પર્યાવરણ બોધ (હિંદી પુસ્તક) | ડૉ. કલ્પના ગાંગુલી / ડૉ. સંદીપ નારૂલકર |
| ૯૫૧. | વિતરાગ વિજ્ઞાન પાઠમાળા ભાગ-૧ | પં. હુકમચંદ ભારિલ્લ |
| ૯૫૨. | માનવ જ્યોત શૈક્ષણિક સહાય અંગે સંપૂર્ણ માર્ગદર્શન ભાગ-૧ | કુલીનકાંત ચાંપશી લુઠિયા વલ્લભજી ડુંગરશી શાહ |
| ૯૫૩. | વીતરાગના અમૃત વચનો | સા.શ્રી જયદર્શિતાશ્રીજી |
| ૯૫૪. | પાંચમા ગુણસ્થાનકવર્તી શ્રાવક અને તેની અગિયાર પ્રતિમાઓ | શ્રી નેમિચંદજી પાટની |
| ૯૫૫. | તત્કાલ સેવા | માનવ જ્યોત |
| ૯૫૬. | ગાલા ગ્રેડ પરીક્ષા ચિત્રકલા | માલવ |
| ૯૫૭. | કલ્યાણ | કલ્પક એમ. શેઠ |
| ૯૫૮. | દેશ વિરતિ જીવન પ્રદેશિકા | |
| ૯૫૯. | Indian Political Roads | R.K. Jain |
| ૯૬૦. | The Guide to Social Work-2010 | શ્રી કુલીનકાંત લુઠિયા |
| ૯૬૧. | મેડિકલ સેવાઓ રાહત દરે | શ્રી કુલીનકાંત લુઠિયા |
| ૯૬૨. | The Guide to Social Work-2010 | શ્રી કુલીનકાંત લુઠિયા |
| ૯૬૩. | The Kite Runner | |
| ૯૬૪. | એલીમેન્ટરી ઇન્ટરમિડિયેટ ગ્રેડ પરીક્ષાની પૂર્વ તૈયારી | અરવિંદ પી. પાટીલ |
| ૯૬૫. | વીણેલા ફૂલ - ૧ | દયાનંદ તીર્થ (દાસાનુદાસ) |
| ૯૬૬. | વીણેલા ફૂલ - ૨ | દયાનંદ તીર્થ (દાસાનુદાસ) |
| ૯૬૭. | વીણેલા ફૂલ - ૩ | દયાનંદ તીર્થ (દાસાનુદાસ) |
| ૯૬૮. | જીવનની વાસ્તવિકતા | પટેલ મનુભાઈ સોમાભાઈ |
| ૯૬૯. | ભાતરના અવાજો | ડૉ. મનોજ જોશી |
| ૯૭૦. | પરમ સુખનો વૈભવ | સ્વામી શૈલેષાનંદજી |
| ૯૭૧. | ત્રિદેવ નિર્ણય | પંડિત શિવશંકર શર્મા |
| ૯૭૨. | ચંદ્રકાંત બક્ષી (બહુવચન) | ચંદ્રકાંત બક્ષી |
| ૯૭૩. | કૃષ્ણ વંદે જગદ્ગુરૂમ્ | |
| ૯૭૪. | અમૃત બિંદુ | સ્વામી રામસુખદાસ |
| ૯૭૫. | સમર્થ સંતવર્ય સમીપે | પ્રા. સૂર્યકાંત ભટ્ટ |

**ક્રમાંક-૯૭૬થી ૯૮૧ : શ્રી ચિત્રસેન આર. શાહ - ગાંધીનગર તરફથી**

| | | |
|---|---|---|
| ૯૭૬. | ધણીને ધાકમાં રાખો – પ્લસ! | ચિત્રસેન શાહ |
| ૯૭૭. | ફાઈવ સ્ટાર સ્મશાનમાં સ્વયંવર! | ચિત્રસેન શાહ |
| ૯૭૮. | ચાલો, ખવડાવો આઈસ્ક્રીમ! | ચિત્રસેન શાહ |
| ૯૭૯. | વરઘોડો – વનેચંદના પુત્રનો! | ચિત્રસેન શાહ |
| ૯૮૦. | સ્વર્ણિમ ગુજરાતમાં ૨૪ કેરેટનું હાસ્ય! | ચિત્રસેન શાહ |
| ૯૮૧. | હાસ્યનું મેઘધનુષ! | ચિત્રસેન શાહ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| **ક્રમાંક-૯૮૨થી ૧૦૫૦ : શ્રી શિવજીભાઈ માવજીભાઈ શીયાણી તરફથી** | | |
| ૯૮૨. | તણખો | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૩. | મને બચાવી લો | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૪. | માયાજાળ મનની | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૫. | પસંદગી | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૬. | સમી સાંજે | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૭. | ડૂબકી | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૮. | વિપ્લવ | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૮૯. | દેવાળુ | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૦. | તિજોરી | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૧. | આપણને ખબર પડી | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૨. | છત્તીસગઢિયા સબસે બઢિયા | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૩. | મહારાષ્ટ્રની મર્દાનગી | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૪. | સુસ્વાગતમ | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૫. | હર્ષોલ્લાસ | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૬. | પાથેય | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૭. | અવતરણનું આગમન | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૮. | પ્રવચન પંચામૃત | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૯૯૯. | કલિયુગની કમાલ | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૧૦૦૦. | ગજબ કહેવાય | આ.વિ. રત્નસુંદરસૂરી |
| ૧૦૦૧. | શ્રીમદ્ ભાગવત મહાપુરાણમ્ | જ્ઞાનપ્રકાશદાન શાસ્ત્રી |
| ૧૦૦૨. | યાજ્ઞવલ્કય સ્મૃતિ | જ્ઞાનપ્રકાશદાન શાસ્ત્રી |
| ૧૦૦૩. | સદ્. શ્રી અચિંત્યાનંદ | સાધુ બ્રહ્મપ્રકાશદાસ |
| ૧૦૦૪. | શ્રી હરિચરિત્રમ્ | જ્ઞાનપ્રકાશદાસ શાસ્ત્રી |
| ૧૦૦૫. | જ્ઞાનગંગા | પુરાણી નારાયણ પ્રિયદાસ સ્વામી |
| ૧૦૦૬. | શ્રીમદ્ ઉન્મત્ત ગંગા મહાત્મ્ય | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી |
| ૧૦૦૭. | શિક્ષાપત્રી અર્થદીપિકા | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી |
| ૧૦૦૮. | વચનામૃત | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી |
| ૧૦૦૯. | શ્રી હરિવાક્યસુધા સિન્ધુ | પંડિત શ્રી કૃષ્ણવલ્લભાચાર્ય |
| ૧૦૧૦. | શ્રી દુર્ગાપુર માહાત્મ્યમ્ | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી |
| ૧૦૧૧. | વાચકો કહે છે | મુનિ ધૈર્યસુંદરવિજયજી |
| ૧૦૧૨. | આત્માનુભૂતિનો પ્રવાસ | ભક્તિ વેદાંત સ્વામી |
| ૧૦૧૩. | આત્મ સાક્ષાત્કારનું વિજ્ઞાન | ભક્તિ વેદાંત સ્વામી |
| ૧૦૧૪. | ઔષધ આપણે આંગણે | ડૉ. એચ. વી. કેરાઈ |
| ૧૦૧૫. | કચ્છલીલા | ડૉ. એચ. વી. કેરાઈ |
| ૧૦૧૬. | કુમકુમના સાથિયા | પુનિતપદરેણું |
| ૧૦૧૭. | પારસમણિ | પુનિતપદરેણું |
| ૧૦૧૮. | ઘડીકનો સંગ આપણો | પુનિતપદરેણું |
| ૧૦૧૯. | જીવન મંદિરનું નિર્માણ | પુનિતપદરેણું |
| ૧૦૨૦. | દૃષ્ટિ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૧. | તુષ્ટિ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૨. | વૃષ્ટિ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૩. | સૃષ્ટિ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૪. | પુષ્ટિ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૫. | એક નજર આ બાજુ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૬. | સીધી વાત હૃદય સાથે | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૭. | મ્યુઝિયમ | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૮. | કરામત કોમ્પ્યુટરની | સા.વિ. રત્નસુંદરસૂરિ |
| ૧૦૨૯. | શિક્ષાપત્રી અને પ્રાર્થના | શાસ્ત્રી હરિપ્રકાશ |
| ૧૦૩૦. | શિક્ષાપત્રી | શાસ્ત્રી હરિપ્રકાશ |
| ૧૦૩૧. | કચ્છી લેવા પટેલ સંદેશ સુવર્ણ જયંતિ વિશેષાંક | વસંત જી. પટેલ |
| ૧૦૩૨. | શ્રીમદ્ ભગવદ્ ગીતા (હિંદીમાં) | શાસ્ત્રી હરિપ્રકાશ |
| ૧૦૩૩. | નિર્દોષ | શાસ્ત્રી હરિપ્રકાશ |
| ૧૦૩૪. | શ્રી હર્યાજ્ઞામૃતસિન્ધુ | શાસ્ત્રી હરિપ્રકાશ |
| ૧૦૩૫. | સંક્ષિપ્ત આત્મકથા ગાંધીજી | પુરાણી નારાયણપ્રિયદાસજી સ્વામી |
| ૧૦૩૬. | નીતિ શિક્ષણ | પુરાણી નારાયણપ્રિયદાસજી સ્વામી |
| ૧૦૩૭. | શ્રી સત્સંગ જીવન કથા | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૩૮. | શ્રી હરિચરિત્રમ્ (હિંદી) | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૩૯. | શ્રી હરિચરિત્ર | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૪૦. | શ્રી હરિચરિત્રામૃત સાગર | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૪૧. | શ્રી હરિચરિત્રામૃત સાગર | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૪૨. | દિવ્ય પ્રકાશ | શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસ |
| ૧૦૪૩. | રાધાસ્વામી સત્સંગ બ્યાસ | જે.સી. શેટ્ટી |
| ૧૦૪૪. | શ્રીમદ્ ભગવદ્ગીત સંવાદ | નારાયણપ્રિય દાસજી |
| ૧૦૪૫. | શ્રી હરિની જન્મપત્રિકા | પંડિત લાધારામ ઠાકર |
| ૧૦૪૬. | કીર્તન ભજન સંગ્રહ | શાસ્ત્રી રામકૃષ્ણ સ્વામી |
| ૧૦૪૭. | The Princess Diaries | Meg Cabot |
| ૧૦૪૮. | Ten Mighty Pens | K. A. Kalia |
| ૧૦૪૯. | Hindus in Africa | Dr. Joseph Irungu |
| ૧૦૫૦. | Swaminarayan Sect | Manubhai Shah |
| **ક્રમાંક-૧૦૫૧થી ૧૦૬૪ : શ્રી બાબુભાઈ મહેશ્વરી તરફથી** | | |
| ૧૦૫૧. | શશિકિરણે કચ્છ ભાગ-૧ | શ્રી શશીકાંત ઠક્કર |
| ૧૦૫૨. | શશિકિરણે કચ્છ ભાગ-૨ | શ્રી શશીકાંત ઠક્કર |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| ૧૦૫૩. | શશિકિરણે કચ્છ ભાગ-૩ | શ્રી શશીકાંત ઠક્કર |
| ૧૦૫૪. | પગ મેં ભમરી | લીલાધર માણેક ગડા |
| ૧૦૫૫. | પ્રેરણા | નીરવ ગઢાઈ |
| ૧૦૫૬. | તિતિક્ષા | ગૌતમ શર્મા |
| ૧૦૫૭. | પાંજી પીડા પાંજી ગાલ | કીર્તિ ખત્રી |
| ૧૦૫૮. | પાંજા પ્રશ્ન પાંજી ગાલ | કીર્તિ ખત્રી |
| ૧૦૫૯. | કચ્છ મિત્ર દીપોત્સવી અંક-૨૦૬૭ | |
| ૧૦૬૦. | કચ્છ મિત્ર દીપોત્સવી અંક-૨૦૬૮ | |
| ૧૦૬૧. | કચ્છ મિત્ર દીપોત્સવી અંક-૨૦૬૯ | |
| ૧૦૬૨. | કચ્છ મિત્ર દીપોત્સવી અંક-૨૦૭૦ | |
| ૧૦૬૩. | કચ્છ મિત્ર દીપોત્સવી અંક-૨૦૭૧ | |
| ૧૦૬૪. | કચ્છનો સર્વાંગી ઇતિહાસ ભાગ-૧/૨ | કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ |

## પુસ્તક સમીક્ષા

## કચ્છીઓને સમર્પિત દ્વિ-માસિક : "કચ્છ અર્પણ"

- ★ *તંત્રી / પ્રકાશક :* નવીન પટેલ
- ★ *છૂટક નકલ :* રૂા. ૨૦/-
- ★ *વાર્ષિક લવાજમ :* રૂા. ૧૦૦/-
- ★ *૫ વર્ષનું લવાજમ :* રૂા. ૫૦૦/- (કચ્છ ગાઈડ પુસ્તક ભેટરૂપે)
- ★ *સરનામું :* ડી/૧૧૧, વલ્લભ વિહાર કોમ્પ્લેક્સ-બી, મહાવીર હોલ નજીક, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯.
- ★ મો. ૯૩૭૭૧ ૨૪૫૮૨, ૯૪૨૮૬ ૯૩૭૭૧
- ★ E-mail : kutcharpan@gmail.com
- ★ Website : www.kutcharpan.com

'કચ્છ અર્પણ' જુલાઈ-૨૦૧૬માં પ્રકાશિત થયેલ સળંગ અંક-૧૬ 'કચ્છી સાહિત્ય વિશેષાંક' તરીકે બહાર પડેલ છે. કચ્છની એક સાહિત્યિક સંસ્થા 'શ્રી કચ્છી સાહિત્ય સભા' દ્વારા માર્ચ-૨૦૧૬માં કચ્છનાં આઠ સાહિત્યકારોને 'કચ્છી સાહિત્ય રત્ન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવેલ. આ આઠ સાહિત્ય રત્નોનો પરિચય બધા વાચકોને કરાવવાના હેતુથી આ વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. કચ્છને લગતા સામયિકોમાં આ પ્રકારનું કચ્છી વિશેષાંક ઘણાં વર્ષો બાદ પ્રસિધ્ધ થયેલ છે.

આ સાહિત્યકારો છે : સર્વશ્રી તેજપાલ ધારશી કવિ 'તેજ', વ્રજ ગજકંધ, જયંતી જોશી 'શબાબ', ડૉ. વિશન નાગડા, ધનજી ભાનુશાલી 'કડક બંગાલી', રવિ પેથાણી 'તિમિર', ગૌતમ એસ. જોશી તથા લાલજી મેવાડા 'સ્વપ્ન'.

અંકમાં આ સાહિત્યકારોનો સંક્ષિપ્તમાં પરિચય આપવાની સાથે એમની પસંદગીનો એક લેખ તથા કચ્છી ભાષા વિશે એમના મંતવ્યોનો એક લેખ આવરી લેવામાં આવેલ છે. આવા કચ્છી સાહિત્ય રત્નોના લેખોથી સમૃદ્ધ આ અંક 'કચ્છ અર્પણ' માટે એક અનેરૂં પગલું છે અને વાંચકો માટે એક યાદગાર સંગ્રહવાલાયક અંક છે.

આ ઉપરાંત હપ્તાવાર પ્રસિધ્ધ થઈ રહેલ કચ્છની પૃષ્ઠભૂમિમાં રચાયેલ શ્રી ગુણવંતરાય આચાર્યની સાગરકથા 'દરિયાલાલ' આગળ વધે છે. અન્ય વિભાગોમાં 'બ ગાલ્યું ધિલજ્યું' માણવાલાયક છે. 'કચ્છી બોલીને માતૃભાષા કહી શકાય?' માં મહેન્દ્ર દોશી કચ્છી ભાષાની સંવૈધાનિક બાબતે ચર્ચા માંડે છે.

'કવિતા કલરવ'માં કચ્છી કવિઓની કચ્છી તથા ગુજરાતી કવિતાઓનો રસાસ્વાદ માણવા જેવો છે. તો 'આપણી વિરાસતો'માં પ્રમોદ જેઠી દ્વારા કચ્છમાં વિવિધ સ્થળોએ મળતાં પાળિયાઓની વાત કરવામાં આવેલ છે. 'આપણી વેબસાઈટ'માં કચ્છી ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણવર્માની યાદમાં માંડવીમાં બનાવવામાં આવેલ ક્રાંતિતીર્થની વેબસાઈટ www.krantitirth.org ની માહિતી અપાયેલ છે. ઉપરાંત વતનનાં વાવડ, કીચન કોર્નર, કચ્છી પુસ્તક મેળો વગેરે ધ્યાન ખેંચે છે. ■

*હૃદયમાં જ્યારે શુદ્ધ કળાના આદર્શનો દીપક પ્રગટે છે ત્યારે એ જ્યોતને જાળવી રાખવા માટે કળાના ઉપાસકે એના રક્તના બિંદુએ બિંદુનો ભોગ આપવો પડે છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ગીતાબેન રાંભિયાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી

ગીતાબેન રાંભિયાની શહીદીને યાદરૂપે અમદાવાદમાં આંબાવાડી સ્થિત શહીદી સ્મારક સ્થળે તેમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો એક કાર્યક્રમ તેમના પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૯ ઓગસ્ટના રોજ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના હોદ્દેદારો, શહેરના આગેવાનો તથા અન્ય પ્રજાજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે અમદાવાદના 'પ્રિન્ટ વિઝન' પરિવારના સહકારથી સ્વામી શ્રી આધ્યાતમનંદજીના હસ્તે એક એમ્બ્યુલન્સની સેવાનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો, એમ શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટની એક યાદીમાં જણાવાયું હતું.

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને ગુજરાત પ્રતિભા એવોર્ડ

'ગુજરાત સમાચાર'ના પ્રસિદ્ધ કૉલમ લેખક ડૉ. કુમારપાળ દેસાઈને વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા ૨૦૧૫ના વર્ષ માટેનો શ્રી કાનજીભાઈ દેસાઈ ગુજરાત પ્રતિભા ઍવોર્ડ એનાયત કરવામાં આવશે. આ ઍવોર્ડમાં સન્માનપત્ર, એક લાખની ધનરાશિ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવશે.

**આ એવોર્ડ ડો. કુમારપાળ દેસાઈને સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, ધર્મદર્શન અને ગુજરાતી વિશ્વકોશના પ્રદાન માટે આપવામાં આવે છે.**

સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકેલા કુમારપાળ દેસાઈએ ચરિત્ર, વિવેચન, સંશોધન, ચિંતન, અનુવાદ, નવલિકા, ધર્મદર્શન વગેરે ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં કુલ સવાસો પુસ્તકો લખ્યા છે. જ્યારે ગુજરાત યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીના ડીન તરીકે નિવૃત્ત થયેલા કુમારપાળ દેસાઈ અત્યારે જૈન વિશ્વભારતી ઇન્સ્ટિટ્યૂટમાં પ્રોફેસર એમિરટ્સ છે. છેક ૧૯૬૨થી 'ગુજરાત સમાચાર' સાથે જોડાયેલા કુમારપાળ દેસાઈના સાક્ષર પિતા જયભિખ્ખુએ ૧૯૫૩માં શરૂ કરેલી અને જે ૧૯૬૯ સુધી ચાલુ રહી હતી તે 'ઈંટ અને ઈમારત' કૉલમ ૧૯૭૦થી લખી રહ્યા છે. **આમ છેલ્લા ૬૭ વર્ષથી પિતા-પુત્રે એક જ અખબારમાં સતત એક કોલમ લખી હોય એવી આ વિરલ ઘટના છે.**

જૈન દર્શનના વિચારક તરીકે અનેક દેશોનો પ્રવાસ ખેડી ચૂકેલા કુમારપાળ દેસાઇ અત્યારે ગુજરાતી વિશ્વકોશનું ભગીરથ કામ સંભાળે છે અને એને ગુજરાતની એક જીવંત સાંસ્કૃતિક સંસ્થાનું રૂપ આપ્યું છે. આઈકેર ફાઉન્ડેશનના ઇન્ટરનેશનલ ડાયરેક્ટર તરીકે તેમજ અનુકંપા ટ્રસ્ટ તેમજ સુલભ હેલ્થ એન્ડ હાર્ટ કેર સેન્ટરના ટ્રસ્ટી તરીકે એમણે માનવસેવાનાં કાર્યો પણ કર્યા છે. એમના આ સઘળાં કાર્યો માટે ૨૦૦૪માં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે પદ્મશ્રીનું રાષ્ટ્રીય સન્માન એનાયત કર્યું છે. સવિશેષ તો સાહિત્ય, શિક્ષણ, ધર્મદર્શન, પત્રકારત્વ, વિદેશપ્રવાસ, માનવસેવા અને ગુજરાત વિશ્વકોસના સર્જન દ્વારા – એમ સર્વ ક્ષેત્રોમાં કુમારપાળ દેસાઇ દ્વારા ગુજરાતની પ્રતિભાની સુવાસ પ્રસરી છે.

ડૉ. કુમારપાળ દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન.

## મહારાષ્ટ્રમાં ગુજરાતી ભાષા માધ્યમનું 'લોકરાજ્ય' ટૂંકમાં શરૂ થશે

મહારાષ્ટ્ર શાસન ગુજરાતી માધ્યમનું 'લોકરાજ્ય' ફરીથી ટૂંક સમયમાં શરૂ કરશે એમ ત્યાંના માહિતી ખાતાના એક અધિકારીએ જણાવ્યું હતું. હાલે મરાઠી અને અંગ્રેજી ભાષામાં 'લોકરાજ્ય' પ્રસિધ્ધ થઈ રહ્યું છે.

મહારાષ્ટ્ર શાસનના નિર્ણયો, પરિપત્રો વગેરેની જનતાને જાણ થાય તેવા હેતુથી ગુજરાતી 'લોકરાજ્ય'ની શરૂઆત થઈ હતી. જેથી ગુજરાતી પ્રજાને સરકારના નિર્ણયની માહિતી મળતી રહે. છેલ્લા કેટલાક સમયથી કોઈ કારણોસર તેનું પ્રકાશન બંધ થઈ ગયું હતું.

છેલ્લા બે વર્ષથી મહારાષ્ટ્ર ગુજરાતી સમાજના પ્રમુખ હેમરાજ શાહે ગુજરાતી 'લોકરાજ્ય' શરૂ કરવા ઝુંબેશ ઉપાડી હતી. જેના પરિણામે ગુજરાતી માસિક 'લોકરાજ્ય' ફરી શરૂ કરવા માટે સફળતા મળી છે અને ટૂંક સમયમાં તેનું પ્રકાશન થશે, એમ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ - મુંબઈની એક યાદીમાં જણાવાયું હતું.

*સાહસ કર્યા વિના જીવનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી.*

## ભુજમાં એસ.પી.ઇ. અને કે.આઇ.એ.એફ. દ્વારા યોજાયેલ નવતર કાર્યશિબિર

ઔદ્યોગિક અને ઇજનેરી શિક્ષણ ક્ષેત્ર વચ્ચે સેતુ બંધાય તથા કચ્છના વિદ્યાર્થીઓનું ભાવિ ઉજ્જવળ બનાવવાના ઉદ્દેશ સાથેના એક વધુ નવતર પ્રયાસમાં કચ્છના ઔદ્યોગિક સંગઠન ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (ફોકિઆ)નું ફોરમ કે.આઈ.એ.એફ. અને એસ.પી.ઈ. - વડોદરા દ્વારા દિવસભરના યોજાયેલા ચાર ટેકનિકલ સેશન્સ દ્વારા ઇજનેરી કૉલેજના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો, ઈલેક્ટ્રિકલ કંપનીના ઇજનેરો અને ઔદ્યોગિક કર્મચારીઓને જ્ઞાન આપવા 'પાવર સિસ્ટમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' પર એક દિવસની કાર્યશિબિર રાખવામાં આવી હતી.

જેટકોના નિવૃત્ત મુખ્ય ઇજનેર આર.જે. ઠક્કરના અધ્યક્ષ સ્થાને ફોકિઆના મેનેજિંગ ડાયરેક્ટર નિમેષ ફડકે, એસ.પી.ઇ. - વડોદરાના વાઇસ ચેરમેન એસ.એમ. ટાકળકર તથા અન્ય અધિકારીઓ કાર્યશિબિરમાં હાજર રહ્યા હતા. કાર્યશિબિરના આરંભે એસ.પી.ઈ. - વડોદરાના સેક્રેટરી એન.ડી. મકવાણાએ આમંત્રિતો તથા કાર્યશિબિરમાં ભાગ લેતા ડેલિગેટ્સને આવકાર્યા હતા.

એસ. એમ. ટાકળકર દ્વારા સબ સ્ટેશન એન્જિનિયરિંગ તથા વિદ્યુત સલામતી ઉપર પ્રવચન અપાયું હતું. ભેલના મનોજ કુમારે રીએક્ટીવ પાવર મેનેજમેન્ટ ઉપર રજૂઆત કરી હતી. પી.એ. શાહ એ સોલર પાવર, પોલિસી અને હાઈડ્રો પાવર પોલિસીની સમજણ આપી હતી. બી. એન. રાવલે વીજ બચત અને વીજળી બીલની ગણતરી વિશે સવિસ્તાર સમજણ આપી હતી. એન.ડી. મકવાણાએ પાવર સિસ્ટમ સંચાલન અને નિયંત્રણ તથા અંધારપટના સમયે સિસ્ટમને કેવી રીતે ફરી ચાલુ કરવી તે વિશે જ્ઞાન આપ્યું હતું. કે.જી. શાહે પાવર ઉત્પાદન તથા નવી ઈજનેરી શોધ વિશે પ્રવચન આપ્યું હતું. બધા વ્યાખ્યાતાઓએ ટેકનિકલ સેશન દ્વારા સમજણપૂર્વક માહિતી આપી હતી. કાર્યશિબિરમાં ભાગ લીધેલ ડેલિગેટ્સ એ પ્રશ્નો પૂછ્યા હતા, વ્યાખ્યાતાઓએ તેના સંતોષપૂર્વક પ્રત્યુત્તરો આપ્યા હતા.

આ કાર્ય શિબિરમાં મોટા ઉદ્યોગો જેમ કે આશાપુરા, પારલે, વેલસ્પન પાવર, શ્રીરામ પાવર, ઓપજીએસ પાવર, સૂર્યા ગ્લોબલ, ઇલેક્ટ્રોથર્મ, સોલારીસ કેમટેક, માન ઇન્ડસ્ટ્રી, ફિલીપ્સ કાર્બન, જ્યોતિ ટ્રાન્સ વગેરેએ ભાગ લીધો હતો. તદુપરાંત એચ.જે.ડી. કૉલેજ, સરકારી ઈજનેરી કૉલેજ, સરકારી પોલીટેકનિક અને તોલાની પોલીટેકનિકના ઇજનેરી વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્ય શિબિરમાં જેટકો, પીજીવીસીએલ અને પાનન્ડ્રોમાં સેવાઓ બજાવતા ઇજનેરોએ પણ ભાગ લીધો હતો. કાર્યશિબિરનું સંચાલન એસ.પી.ઈ. તથા ફોકિઆના અધિકારીઓએ સફળતાપૂર્વક અને જીવંતમય કર્યું હતું.

## પાણી પ્રશ્ને ભુજમાં સેમિનાર યોજવામાં આવ્યો

***કચ્છ - ફોકિયા દ્વારા પાણી સંબંધી એક મહત્ત્વનો સેમિનાર તાજેતરમાં ભુજ મધ્યે યોજવામાં આવેલ હતો. જેનો અહેવાલ અત્રે પ્રસ્તુત છે.***

*– તંત્રી મંડળ*

કચ્છ હજારો વરસોથી પાણીની અછતવાળા પ્રદેશ તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં બહુ જ ઓછો અને અનિયમિત વરસાદ રહ્યો છે અને આ કારણે કચ્છ પ્રદેશમાં દુષ્કાળ પણ પડતા હોય છે. કચ્છમાં ઘણા બધા વિસ્તારોમાં પીવાનું પાણી મેળવવું એ મોટો પડકાર હોય છે અને આ પરિસ્થિતિમાં આ પ્રદેશમાં ખેતી કરવી એ બહુ જ પડકારજનક બાબત છે.

ભૂકંપ પહેલાની પરિસ્થિતિમાં કચ્છમાં બહુ જ ઓછા ઔદ્યોગિક એકમો હતા અને આ કારણે આ ઔદ્યોગિક એકમોની પાણીની જરૂરિયાત, એ મોટો પડકાર ન હતો. ૨૦૦૧ના ભૂકંપ પછી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે જાહેર કરેલા આર્થિક પેકેજના કારણે બહુ જ મોટું ઔદ્યોગિક રોકાણ આ જિલ્લામાં આવ્યું. આ ઔદ્યોગિક એકમોની પાણીની જરૂરિયાત પણ બહુ જ મોટી થવા માંડી અને પાણીની આ જરૂરિયાતો સંતોષવાનું કામ બહુ જ પડકારજનક બની ગયું.

આ રીતે પાણીની અછતવાળો આ જિલ્લો પાણીના વિવિધ વપરાશકારો જેવા કે ઔદ્યોગિક એકમો, પીવાનું પાણી, પશુપાલન અને ખેતીની પાણીની માંગને કારણે પાણીના મામલે વધારે તાણમાં આવી ગયો.

આપણે સૌ જાણીએ છીએ તેમ પાણી એક કુદરતી સંપત્તિ છે અને માટે જ સમાજના એક જવાબદાર પેટ્રન તરીકે ફોકિયાએ કચ્છના વિવિધ ક્ષેત્રોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે એક વ્યાપક સર્વે કરવાનું નક્કી કર્યું. કચ્છના ૯૦૦ ગામડાનો સેટેલાઇટ ઇમેજીસ અને સ્થળ પરના ફિલ્ડવર્ક દ્વારા એમના વપરાશકર્તા કેન્દ્રો અને પાણીના સંભવિત સોર્સિસનો વ્યાપક

અભ્યાસ કરવામાં આવ્યો. આ સર્વેમાં પાણીના સંભવિત સ્રોતો, પાણીના સંગ્રહની ક્ષમતા વધારવા માટે, સીવરેજના પાણીને ટ્રીટ કરીને ફરી વાપરવા માટે અને પાણી જળસંચય અંગેની વિગતો આવરી લેવાઈ.

ફોકિયાના મેમ્બર યુનીટ એક્સેલ ક્રોપ કેર લિ. અને એગ્રોસેલ લિ. દ્વારા આશરે ૫૦ લાખનો આ રીસર્ચ પ્રોજેક્ટ માટે ખર્ચ કરવામાં આવ્યો. એરીડ કોમ્યુનિટિસ અને ટેકનોલોજીસના શ્રી યોગેશ જાડેજા અને તેમની ટીમ દ્વારા ૨૪ મહિના સુધી આ રીસર્ચ વર્ક કરી કચ્છના દરેક ગામડાનું માઈક્રો પ્લાનિંગ તૈયાર કરવામાં આવ્યું.

ફોકિયા વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા આ રીસર્ચ વર્ક પ્રમાણે participatory ground water વર્કના કામો શરૂ કરવામાં આવ્યા. આ વર્કશોપનો એક હેતુ વિવિધ ઔદ્યોગિક એકમો દ્વારા આ સંદર્ભમાં અત્યાર સુધી કરેલા કામોની વિગતો સરકાર અને સમાજ સાથે શૅર કરવાનો છે. અને આ કામો બીજા ઔદ્યોગિક એકમો અને સ્વૈચ્છિક સંસ્થાઓ તેનું અનુકરણ કરી કચ્છના જુદા જુદા વિસ્તારોમાં આગળ વધારે તેવો છે.

આ સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી કે.બી. બિસ્વાસ, Chairman, Central Ground Water Board, Government of India હતા. સેમિનારના અતિથિ વિશેષ તરીકે શ્રી એમ. એ. ગાંધી, કલેક્ટર – કચ્છ અને શ્રી સી.જે. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી - કચ્છ હાજર રહ્યા હતા. અન્ય વક્તાઓમાં શ્રી યોગેશ જાડેજા – ACT ના સ્થાપક નિર્દેશક, શ્રી દીપક વોરા - દેશ અને દુનિયાના આઈ.ટી. ક્ષેત્રના નિષ્ણાત તથા શ્રી ફિલીપ કુલેત - શૈક્ષણિક અને જળસંચય વિશેની નીતિના નિર્માતા હતા. આ સેમિનારમાં CGPL (Tata પાવર્સ), અદાણી ગ્રુપ, વેલસ્પન, IL & FS, હિંદુસ્તાન અને યુનિલીવર અત્યાર સુધી કરેલ કામોની રજૂઆત કરી હતી. આ સેમિનારના group discussion ના ટોપીક પર "Reusage of harvested and recharged water with Central Ground Water Board Protocol" હતો.

આ સેમિનારના સ્પોન્સર "ARAGHYAM" હતા. આ સેમિનારના knowledge partner તરીકે એરીડ કોમ્યુનિટીસ અને ટેકનોલોજીસ હતા.

આ સેમિનારમાં ભાગ લેનાર ઉદ્યોગ ગૃહો નીચે મુજબ હતા : Adani, Welspun, CGPL, IL & FS, OPS Power, Ultratech Group, Parle, Shreeyam Power, Anchor Electrical, Meterene, Gallant, Mahashakti Coke, Rama Cylinder, Saurashtra Enviro, Solaris Chemicals, Agrawalla Group, KPT, NARMADA NIGAM તથા એન.જી.ઓ. તથા ગવર્નમેન્ટ બોડીએ ભાગ લીધો હતો.

***ડાયસ પરના અતિથિ વિશેષોની યાદી નીચે જણાવેલ છે :***

- Dr. K.B. Biswas, Chairman, Central Ground Water Board, Government of India
- Mr. M.A. Gandhi, The District Magistrate & Collector, Kutch – Chief Guest
- Mr. C.J. Patel, Development District Officer - Kutch
- Mr. Nimish Phadke, Managing Director, FOKIA
- Mr. Yogesh Jadeja, Founder Director, Arid Communities & Technologies
- Mr. Deepak Vora, IT Expert
- Prof. Phillip Cullet, an Academic and a policy maker.
- Mr. Biswadeep Ghose, Director, Programmes, Arghyam.

## કચ્છ યુનિવર્સિટીનો ૧૩મો યુવકોત્સવ આદિપુરમાં ભવ્ય રીતે યોજાયો

કચ્છ યુનિવર્સિટીનો ૧૩મો યુવકોત્સવ આદિપુરની તોલાણી કોમર્સ કોલેજના ઉપક્રમે યોજાયો હતો. જેમાં જિલ્લાની ૩૧ કોલેજના આશરે ૮૫૦ સ્પર્ધકોએ ૨૫ જેટલી વિવિધ આઈટમમાં જોશભેર ભાગ લીધો હતો. યુનિવર્સિટીનો પ્રથમ યુવા ઉત્સવ ૨૦૦૮માં પણ આદિપુર ખાતે યોજાયો હતો.

આ મહોત્સવમાં જનરલ ચેમ્પિયનશીપનો શિલ્ડ સંસ્કાર કોલેજ - ભુજ અને રનર્સ-અપનું શિલ્ડ તોલાણી આર્ટસ-સાયન્સ કોલેજ - આદિપુરના ફાળે ગયું હતું. ગાંધીધામ કોલેજીએટ બોર્ડના અધ્યક્ષ શ્રીમતી અંજના હજારેના વડપણ હેઠળ આચાર્ય ડૉ. મનીષા પંડ્યાના માર્ગદર્શન અને ડૉ. એન.ટી. તગલાણીના સંયોજકપદ હેઠળ સંપન્ન થયેલા મહોત્સવના ઉદ્‌ઘાટન અને સમાપનમાં કુલપતિ ડૉ. સી.બી. જાડેજા, જી.સી.બી.ના કેમ્પસ ડાયરેક્ટર લક્ષ્મણ દરિયાણી તથા વિવિધ અગ્રણીઓએ ઉપસ્થિત રહી, વિજેતાઓ અને સ્પર્ધકોને અભિનંદન આપીને, આગળની સ્પર્ધાઓમાં જિલ્લાનું નામ રોશન કરવા અનુરોધ સાથે શુભેચ્છા પાઠવેલ હતી.

વિવિધ સ્પર્ધાઓના જે-તે ક્ષેત્રના તજજ્ઞોએ પોતાની નિર્ણાયક તરીકે સેવા આપી હતી. જેમાં મહોત્સવની સૌથી લાંબી અને કઠીન આઈટમ એકાંકી નાટકમાં પ્રકાશ શુક્લની સાથે 'કચ્છશ્રુતિ' પરિવારના વિભાગીય સંપાદક, આદિપુરના સામાજિક કાર્યકર તેમજ કચ્છ જિલ્લાના પ્રખ્યાત નાટ્ય કલાકાર પ્રદીપ જોશીએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી. જેમાં વિવિધ કોલેજના ૧૧ નાટકો રજૂ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રદીપ જોશી અગાઉ પણ કચ્છ યુનિવર્સિટીના સ્તરે યુવકોત્સવમાં અનેક વખત થિયેટર્સ - સ્ટેજ પરફોર્મન્સમાં નિર્ણાયક તરીકે પોતાની ઉત્કૃષ્ટ સેવાઓ આપી ચૂક્યા છે.

## ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
## એપરલ ટ્રેનિંગ અને ફેશન ડિઝાઇનિંગ સેન્ટર - અમદાવાદ
## શ્રી દીપકકુમાર ચૌહાણ – એક કચ્છીની સામાજિક ક્ષેત્રે સાહસિકતા



*સેન્ટર અને પ્રદર્શનની મુલાકાતના સમયે... સેન્ટરના પ્રિન્સિપલ કો-ઓર્ડિનેટર શ્રી દીપકભાઈ ચૌહાણ (ડાબી તરફ) શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા સાથે*



*પ્રદર્શનની તસવીરી ઝલક*

કચ્છમાં અનિયમિત વરસાદના કારણે કચ્છમાં સ્થાનિક લોકોના હાથમાં ઘરસંસાર ચલાવવાના સાધનો અથવા કામધંધા હતા નહીં. તે સમયે તેવા લોકોને કચ્છમાંથી બહાર નીકળ્યા સિવાય છુટકો ન હતો. તેમાંના કેટલાક મુંબઈમાં અને વિદેશ ગયા અને ત્યાં વસવાટ કર્યો. પરંતુ ગુજરાતમાં આવીને સ્થિર થવાનું તે સમયે અયોગ્ય જણાયું હતું. ૧ મે, ૧૯૬૦ના ગુજરાત રાજ્યની રચના થયા બાદ કચ્છીઓએ ગુજરાત રાજ્યમાં આવીને વસવાટ કર્યો. "**કચ્છી અસીં ધીંગા માડુ, વિજોં જડા હથ; ઇન જિણસ કે સજી ભાજાર ભરે લથ.**" તે રીતે દરેક કચ્છીઓમાં એક અજબનું ડ્રાઈવિંગ કોર્સ હોય છે. તેઓએ નોકરી, ખેતી, વેપાર, ઉદ્યોગ અથવા તો પોતાના કૌશલ્ય અનુસાર પ્રોફેશનલ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. તે પૈકી કેટલાક સફળ થયા અને વળી કેટલાક ખૂબ સફળ થયા. આ રીતે કચ્છીઓએ કામધંધા, સંસ્કૃતિ, કળા, બોલી, પહેરવેશ વગેરે દરેક રીતે પોતાની આગવી છાપ ઊભી કરી છે. **આજના સમયમાં કચ્છ અને કચ્છીઓનું નામ ચારે તરફ ગુંજતું થયું છે.**

તેના કારણમાં જોઈએ તો... દેશ-વિદેશમાં કચ્છી લોકોએ રાજકીય, સામાજિક, ઔદ્યોગિક અથવા તો શૈક્ષણિક ક્ષેત્રે સારી નામના હાંસલ કરી છે. તેની પાછળ તેમની સાહસવૃત્તિ અગત્યનું પરિબળ છે.

આધુનિક સમયમાં શિક્ષણ ક્ષેત્રે અનેક પ્રકારની ફેકલ્ટીઝ કાર્યરત છે. **આજે કોઈપણને પોતાના જીવન કારકિર્દીના ઘડતર માટે શિક્ષણ અનિવાર્ય છે.** અગાઉના સમયમાં આર્ટસ, સાયન્સ અને કોમર્સ લાઇન હતી. તેમાં ગ્રેજયુએટ થનારને માન મળતું. અત્યારના સમયમાં તેવી લાઇન અને ગ્રેજયુએશન સાઇડમાં ચાલ્યા ગયા છે. તેના સ્થાને આઈ.ટી., મેડિકલ, મેનેજમેન્ટ, કલા-કારીગરી, કોમ્પ્યુટર્સ, ફેશન, ડિઝાઇનિંગ અને નાના-મોટા ટેકનિકલ કોર્સીસની માંગ વધારે છે. તેમાં ડિગ્રી અને ડિપ્લોમા બંને પ્રકારના કોર્સ હોય છે. શિક્ષણ ક્ષેત્રે સરકારી અને બિન સરકારી અનેક સંસ્થાઓ આજે કાર્યરત છે. છાત્રએ પોતાની શક્તિ અનુસાર અને પોતાને ઉપયોગી થાય તેવા ફિલ્ડની પસંદગી કરવાની હોય છે.

**શિક્ષણ સાથે એપરલ અને ફેશન ડિઝાઇનિંગ ક્ષેત્રમાં આજે મોટા પાયા પર કાર્યરત કચ્છી સાહસિકનું એક સેન્ટર, જે ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા ચાલી રહ્યું છે** અને છેલ્લા વીસ વર્ષમાં ગારમેન્ટ્સ અને હેન્ડિક્રાફ્ટની વિવિધ બનાવટોમાં હરણફાળ ભરીને સમાજમાં ઉભરી આવ્યું છે. **આ સેન્ટરને ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત થઈ છે** અને તેનું ટ્રસ્ટ રજિસ્ટર્ડ છે. જે સેન્ટરના પ્રિન્સિપલ કો-ઓર્ડિનેટર એટલે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના સક્રિય કાર્યકર્તા **શ્રી દીપકભાઈ નાનાલાલભાઈ ચૌહાણ.**

ઉપરોક્ત એપરલ ટ્રેનિંગ અને ફેશન ડિઝાઇનિંગ સેન્ટરમાં તાલીમ મેળવી રહેલી બહેનો દ્વારા કુર્તીઓ, વેસ્ટર્ન ટોપ, ચણિયા ચોલી, બાળકોના ડ્રેસીસ, નવરાત્રિ ઓરનામેન્ટ્સ, હેન્ડમેડ એસેસરીઝ, ગૃહ સજાવટની અવનવી વસ્તુઓ, પેઇન્ટિંગ્સ, પેપર એમ્બ્રોયડરી, ગ્રીટિંગ કાર્ડસ, વૉલ પીસ વગેરે કલા કારીગરીથી ભરપૂર તૈયાર કરવામાં આવે છે.

તાલીમાર્થી બહેનો દ્વારા તૈયાર થતી ઉપરોક્ત ચીજવસ્તુઓ તેમજ તેના નમુનાઓનું જાહેર વેચાણ કરવામાં આવે છે અને **તેમાંથી થતી આવક સંબંધિત તાલીમાર્થીઓને આપવામાં આવે છે. જે તે ફેકલ્ટીઝનો કોર્સ પૂરો થતાં, તાલીમાર્થીઓ પોતાની રીતે તે પ્રકારનું કામ કરીને સ્વનિર્ભર થાય છે. આ રીતે સેન્ટરનું સ્વપ્ન અને હેતુ સિદ્ધ થાય છે.**

સેન્ટરમાં તૈયાર થયેલ ગારમેન્ટ અને હેન્ડિક્રાફ્ટની વિવિધ બનાવટોનું એક્ઝિબિશન કમ સેલ પ્રતિવર્ષ ગોઠવવામાં આવે છે. આ પ્રકારનું પ્રદર્શન છેલ્લે તા. ૨૨થી ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બાપુનગર ખાતે રાખવામાં આવ્યું હતું. જેમાં જાહેર જનતાએ બહોળા પ્રમાણમાં મુલાકાત લઈને પ્રદર્શન, સંસ્થા અને તેના સંચાલકોની પ્રશંસા કરી હતી.

આ પ્રકારના પ્રદર્શનમાં ચણિયા ચોલીની સાથે ઓક્સિડાઇઝની હાંસડી, હાર, પાટલા, બંગડીઓ, બાજુબંધ, ટીક્કો, કાનની લટકણીઓ, બુટ્ટીઓ, પગની પાયલ વગેરે જ્વેલરી રાખવામાં આવી હતી. તે પ્રમાણે ઘુઘરીવાળા કમરપટ્ટા, ઝાંઝર, ભાતીગળ ડિઝાઇનના ઘેરદાર ચણિયાચોળી, સ્ટોન અને કુંદન જેવી મેટલની જ્વેલરી, નાજુક સ્ટોન જડિત ટીક્કા, લાંબી પેટર્નવાળી બિંદી, વાળમાં પીન-અપ કરી શકાય તેવી લાંબી સેર, રંગબેરંગી મોજડીઓ, રંગબેરંગી સલવાર કમીઝો તૈયાર કરીને રાખવામાં આવેલ. આ દરેક ચીજવસ્તુઓમાં આભલા, કાચ, કોડી તથા મોતીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. જેને કારણે દરેક વસ્તુઓ નયનરમ્ય અને ખૂબ જ ધ્યાનાકર્ષક જણાતી હતી. ચણિયા ચોળીની સાથે ઓઢણીઓ પણ પ્રિન્ટેડ, પ્લેન તથા એમ્બ્રોઇડરીવાળી આ સેન્ટરમાં જ તૈયાર કરવામાં આવે છે.

આ પ્રકારની તમામ ચીજવસ્તુઓ તેમના સેન્ટરમાં ઓટોમેટિક સીલાઈ મશીન તેમજ હાથેથી થતું હોય છે. **તાલીમાર્થીઓ પોતાની ચીજવસ્તુઓ ઉત્કૃષ્ટ અને સુંદર દેખાડવા માટે જાતજાતની કલ્પના કરીને તેને મૂર્ત સ્વરૂપ આપે છે.**

*સેન્ટરના પ્રિન્સિપાલ કો-ઓર્ડિનેટર શ્રી દીપકકુમાર ચૌહાણ વિશે ટૂંકમાં જાણીએ....*

★ શ્રી દીપકકુમાર નાનાલાલ ચૌહાણ શ્રી કચ્છ ગૂર્જર ક્ષત્રિય સમાજ (અમદાવાદ)ના સભ્ય છે. અમદાવાદ ખાતે સ્થિત શ્રી દીપકકુમારના પરિવારમાં તેમના પિતાશ્રી, માતુશ્રી, પત્ની તેમજ બે પુત્રીઓ છે.

★ તેમણે બી.કોમ., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો છે.

★ મૂળ વતન નાગલપુર - અંજાર (કચ્છ).

★ વ્યવસાયને કારણે છેલ્લા ૫૦ વર્ષો પૂર્વે તેમના પિતાશ્રીએ અમદાવાદમાં વસવાટ કર્યો હતો. તેમના પિતાશ્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદના મંત્રીપદે રહી ચૂક્યા છે.

★ તેઓ યુવા મંડળ, શ્રી કચ્છી ગુજરાતી કેળવણી સમાજ - અમદાવાદ, ગુજરાત પ્રાદેશિક યુવા મંડળના પ્રમુખપદે હતા. તે ઉપરાંત, અખિલ ભારતીય કચ્છી ગુજરાત કેળવણી યુવા મહામંડળ, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્કીલ એન્ડ એન્ટ્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ (IISED) સાથે સક્રિયપણે સંકળાયેલા છે.

તેઓ છેલ્લા ૨૦ વર્ષથી ડી.એન. પોલીટેકનિક એજ્યુ. ટ્રસ્ટનું સંચાલન કરે છે. સેન્ટરની કુલ ૬ શાખાઓ (બાપુનગર, નરોડા, રાયપુર, મેઘાણીનગર, મણિનગર અને વાપી) છે અને ૧૫,૦૦૦થી વધુ તાલીમાર્થીઓ સ્કીલ ડેવલપમેન્ટની વિવિધ પ્રકારની તાલીમમાં જોડાયેલા રહે છે. ઉપરોક્ત સેન્ટર દ્વારા શ્રી દીપકકુમાર સમાજના જરૂરિયાતમંદ બહેનોના ઉત્કર્ષ માટે તેમજ તેમના જીવન ઘડતર માટે ખૂબ સુંદર કાર્ય કરી રહ્યા છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.

- **ટ્રસ્ટનું સરનામું :**
  ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ
  ***મુખ્ય કાર્યાલય :*** મોરલીધરની પોળ, રાયપુર ગેટની બાજુમાં,
  અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૬૧૪૦૩
  E-mail : dnpolytechnic@gmail.com
  Web : www.dnpolitechnic.com

- **સેન્ટરનું સરનામું :**
  ડી.એન. પોલીટેકનિક એજ્યુકેશન ટ્રસ્ટ
  એપરલ ટ્રેનિંગ અને ફેશન ડિઝાઇનિંગ સેન્ટર
  શ્રી હરદાસબાપુ પટેલ સમાજ કલ્યાણ અને કેળવણી ટ્રસ્ટ
  પટેલ વાડી, ઘંટી સ્ટેન્ડ પાસે, ભીડભંજન રોડ, બાપુનગર,
  અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૨૭૬૨૭૦૦

# વતનના વાવડ

● સંકલન : ભરત ઓઝા ●

## બે કચ્છી જાદુગરના નામ ગિનેસ બુકમાં લખાયાં

બે કચ્છી જાદુગર **દિનેશ ભરતવાલા** અને **વિવેક ગોસ્વામી**એ દિલ્હી ખાતે ૧૬૨ ભારતીય જાદુગરો દ્વારા એક સાથે જાદુની પ્રસ્તુતિમાં ભાગ લઈ ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. દિલ્હી ખાતે ધ ઈન્ડિયન બ્રધરહૂડ ઓફ મેજિશિયન્સ (ઈન્ડિયા) દ્વારા આયોજિત જાદુગરો માટેના એ કાર્યક્રમે એકી સાથે ૧૩૨ જાદુગરોના જાદુ દર્શાવવાના વર્ષ ૨૦૦૫ના ઈટાલીના વિશ્વ વિક્રમને તોડીને નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. લંડન સ્થિત ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા ભુજના દિનેશ ભરતવાલા અને પ્રિન્સ વિવેકને ભાગ લેવા બદલ સર્ટિફિકેટ એનાયત કરાયા છે. ૬૫ વર્ષીય દિનેશભાઈ ભરતવાલાએ દિલ્હી ખાતેના કાર્યક્રમ અંગે વિગતો આપતા જણાવ્યું કે, દરેક જાદુગરને બબ્બે મિનિટનો સમય અપાયો હતો. તેમણે રૂમાલનો જાદુ દર્શાવ્યો હતો. જેમાં વચ્ચેથી પકડી, કાતરથી કટકો કાપી અલગ બતાવી ફરી મૂળ સ્થાને મૂકી મેજિક કર્યો તો રૂમાલ આખો થઈ ગયો હતો. ૨૨ વર્ષીય વિવેક ગોસ્વામી જાદુની દુનિયામાં પ્રિન્સ વિવેક તરીકે વ્યવસાયી નામ ધરાવે છે. તેણે વિશ્વવિક્રમ દરમિયાન દોઢ ફૂટની મશાલવાળી લાકડીને પાંચ ફૂટ લાંબી કરવી, એક સ્ટીક ઉપર ગુલાબનું ફૂલ આવી જવું અને સિલ્કના રૂમાલને તિરંગામાં પરિવર્તિત કરી બતાવ્યા હતા.

## કચ્છના બે સેવાભાવીને ડૉ. અબ્દુલ કલામ 'રાષ્ટ્રરત્ન' એવોર્ડની જાહેરાત

પૂનાના મણિભાઈ દેસાઈ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા બે કચ્છી સહિત ૧૧ સેવાભાવીને ભારતરત્ન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ રાષ્ટ્રરત્ન ઍવોર્ડ આપવાનું જાહેર કરાયું છે. ટ્રસ્ટ દ્વારા **વલ્લભજીભાઈ ડી. શાહ** 'માનવમિત્ર' (મેરાઉ) તથા **પ્રબોધ મુનવર (ભુજ)**ને રાષ્ટ્રરત્ન ઍવોર્ડની જાહેરાત કરાઈ છે. વર્ષોથી માનવસેવા ક્ષેત્રે કાર્ય કરી રહેલા કચ્છ મેરાઉના અને મુંબઈ કાંદિવલી ખાતે રહેતા અને માનવજ્યોત પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ મુલુંડના ટ્રસ્ટી વલ્લભભાઈ ડી. શાહ 'માનવમિત્ર'ને એમની અનેકવિધ સેવાઓને ધ્યાને લઈ તેમની ૭૬ વર્ષની આ ઉંમરે પણ આ ઍવોર્ડથી સન્માનિત કરાશે. સંસ્થાને ૧૪૮ સેવાભાવીઓની ફાઈલો દેશભરમાંથી મળી હતી. જેમાંથી ૧૧ સેવાભાવીઓને આ ઍવોર્ડ ટૂંક સમયમાં પૂના ખાતે એનાયત કરાશે.

## ભુજના યુવાનને અમેરિકી સંસ્થા દ્વારા સીએમટીનું પદ

મૂળ ભુજના નાગર યુવાન **મિલન વૈશ્નવ**ની અમેરિકાના શેરબજારમાં રોકાણ મેનેજમેન્ટ અંગે માર્ગદર્શન આપતાં માર્કેટ ટેકનિશિયન એસોસિએશન દ્વારા 'ચાર્ટર્ડ માર્કેટ ટેકનિશિયન' (સીએમટી)નું પદ ચાર્ટર આપવામાં આવ્યું છે. **ડો. સુરેશભાઈ વૈશ્નવ**ના પુત્ર મિલન હવે ભારતમાં આવા ૬૨ સક્રિય હોદ્દો ધરાવતા એનાલિસ્ટમાં સ્થાન પામ્યા છે. ૪૦ વર્ષથી વધુ સમયથી ટેકનિકલ ક્ષેત્રે કાર્યરત વૈશ્વિક સંસ્થાના ૪૫૦૦થી વધુ સભ્યો છે.

## 'વંદે માતરમ' – દેશપ્રેમીઓ જ્યાં 'નતમસ્તક' થશે!

મેગા સ્ટાર અમિતાભ બચ્ચને 'કૌન બનેગા કરોડપતિ'માં એક સ્પર્ધકને ૫૦ લાખના ઈનામ માટે સવાલ કરેલો... ૧૬૦૮માં અંગ્રેજો ભારતમાં સુરત બંદરે આવ્યા એ જહાજનું નામ શું હતું? અન્ય કોઈને આ જવાબ આવડે કે ન આવડે પણ આવનારા દિવસોમાં ભુજોડી સ્થિત હીરાલક્ષ્મી પાર્કમાં આકાર લેતાં 'વંદે માતરમ્'ની જે મુલાકાત લેશે તેને અચૂક જવાબ આવડી જશે. અંગ્રેજો ગુજરાતના સુરત બંદરે 'ધ હેક્ટર' નામના જહાજમાં સૌપ્રથમ ઉતર્યા અને કેપ્ટન વિલિયમ હોકિન્સ એ જહાજના સુકીના હતા. લોર્ડ માઉન્ટ બેટન અંગ્રેજો વતી ભારત પર સામ્રાજ્ય ભોગવનારા છેલ્લા વાઈસરોય હતા.

## મુસલમાન જીગર હૈ તો હિંદુ જાન ઔર શીખ - ઇસાઇ દેશકી પહેચાન

ભુજ તાલુકાના ઝુરા ગામે અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના પ્રમુખ હાજી જુમાભાઈ રાયમાનો સન્માન સમારંભ યોજાયો હતો. ઝુરા સુન્નતવલ મુસ્લિમ જમાત તથા ઝુરા ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજ દ્વારા યોજાયેલા આ

કાર્યક્રમમાં ઝુરા ગામના ક્ષત્રિય સમાજ, ભાનુશાળી મહાજન સમાજ, મહેશ્વરી સમાજ, મારવાડા સમાજ, ગોસ્વામી સમાજ, બ્રાહ્મણ સમાજ, શીખ સમાજ, પારાધી સમાજ, વાઢા સમાજ ઝુરા, લોરિયા, નિરોણા, જતવાંઢ, ડાડોર વિરાણી વગેરે મુસ્લિમ સમાજો દ્વારા પણ હાજી જુમાભાઈ રાયમાનું શાલ અને મોમેન્ટો દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રાયમાએ જણાવેલું કે, 'મુસલમાન જીગર હૈ તો હિન્દુ જાન હૈ, શીખ ઓર ઈસાઈ હમારે દેશ કી પહેચાન હૈ. હમ સબસે મિલકો જો બના વહી તો હમારા હિન્દુસ્તાન હૈ.'

## દરેક કચ્છી માતૃભાષા જ બોલે

કચ્છી ભાષા અને સાહિત્યના જતન અને સંવર્ધનની જવાબદારી પ્રત્યેક કચ્છીની છે અને તેમાં રાજ્ય સરકાર તથા સાહિત્ય અકાદમી પણ સહયોગી બનશે. ભાષાને સમૃદ્ધ બનાવવા દરેક કચ્છી પોતાની માતૃભાષા જ બોલે એ એટલું જ જરૂરી છે એમ કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા સાહિત્ય સર્જનક્ષેત્રે સર્વોચ્ચ એવા ગૌરવ પુરસ્કાર એનાયત સમારોહમાં પાંચ સર્જકોને એવોર્ડ અને ૧૯ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક અર્પણ કરવા ભુજ ખાતે જિલ્લા પંચાયતના સભાખંડમાં યોજાયેલા સમારંભમાં રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી અને કચ્છના પ્રભારી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ સમારંભના અધ્યક્ષ સ્થાનેથી કહ્યું હતું. આ પ્રસંગે કચ્છ અને કચ્છીયત, સાહિત્યને ઉજાગર કરતાં સંમેલન યોજવાની તૈયારી અકાદમી અધ્યક્ષે દર્શાવી હતી.

## આને કહેવાય સાચી પદયાત્રા!

કચ્છના કુળદેવી આઈ આશાપુરાના માતાના મઢ સહિત મુખ્ય ધામે આસો નવરાત્રિમાં માથું નમાવવાની ટેક સાથે હજારો શ્રદ્ધાળુઓ પદયાત્રા કરીને પહોંચે છે. દર વર્ષે આ પદયાત્રીઓમાં અમુક એવા પણ હોય છે કે જે ચૂપચાપ માતાજીના નામસ્મરણ સાથે ડગ માંડતા હોવા છતાં તેમના તરફ અનેક આંખો ખેંચાય છે. તો ઘણા એવા પણ હોય છે કે જેમની નોંધ કોઈ નથી લેતું. શ્રાદ્ધના દિવસોમાં આજે એક એવો પરિવાર પંથ કાપી રહ્યો છે જે પરોપકારની ઉમદા ભાવનાને ચાલતા ચાલતા એવો તો ચરિતાર્થ કરે છે કે ન પૂછો વાત! પોતાના 'વૃક્ષરથ' સાથે ખેડા જિલ્લાનાં પ્રસિદ્ધ એવા ડાકોર ધામથી માતાના મઢની પદયાત્રાએ નીકળેલા નટવરસિંહ ચૌહાણ અને તેમની સાથે ચાલતો સંઘ ખૂબ જ જાગૃતિપૂર્વક યાત્રામાં આગળ ધપી રહ્યો છે. યાદ રહે કે આ પદયાત્રામાં લાખો શ્રદ્ધાળુઓ પગપાળા કે વાહનો વાટે આદ્યશક્તિના ચરણોમાં શીશ નમાવવા નીકળે છે ત્યારે રસ્તામાં ઠેર ઠેર પર્યાવરણની દરકાર પહોંચાડતા આ ડાકોરના સંઘની તો વાત જ ન્યારી છે. આ નટવરસિંહ ચૌહાણ અને તેમની સાથેના સંઘમાં કુલ દસ જણ છે. તેઓ ડાકોરથી નીકળ્યા ત્યારથી માર્ગમાં જેટલી પણ પ્રાથમિક શાળાઓ આવી, કૉલેજો, મંદિરો, જાહેર સ્થળો આવ્યા – ત્યાં તેમણે બીલી, લીમડો, ગુલમહોર, જાસુદ, કરેણ, આસોપાલવના વૃક્ષો વાવ્યા અને આસપાસના લોકોને સંભાળ સોંપી. આ સંઘ ડાકોરથી રવાના થતો હતો ત્યારે ડાકોર ઠાસરા વન વિભાગના આર.એફ.ઓ. એન.કે. સિંહાનિયાએ જો વૃક્ષો વાવતા જાવ, તો જોઈએ તેટલા રોપા આપું તેવી દરખાસ્ત મૂકી. અને ૬૭મા વન મહોત્સવના ભાગરૂપે આ વૃક્ષરથને ૧૫,૦૦૦ રોપા ફાળવ્યા. મા આશાપુરાના નામ સાથે આ રોપાયાત્રા કચ્છમાં પણ વૃક્ષોનાં વાવેતર સાથે આગળ વધી રહી છે. એમનો સંકલ્પ છે કે છેલ્લું વાવેતર મઢમાં કરીશું.... અને આને કહેવાય આસ્થા આદ્યશક્તિ પર અને પર્યાવરણ પર પણ.

## આ કચ્છીઓનો ક્રિકેટ શોખ કમાલનો

ટીમ ઇન્ડિયાની ટી-૨૦ અને વન-ડે મેચ હોય ત્યારે સ્ટેડિયમમાં પાઘડી અને ત્રિરંગા સાથે પરંપરાગત પરિધાનમાં ભારતીય ક્રિકટરોને ચીયર્સ કરતું એક ગ્રુપ સૌના આકર્ષણનું કેન્દ્ર બને છે. ભોજાણી બ્રધર્મ નામનું આ જૂથ મૂળ કચ્છના ભારાસર ગામનું છે. ક્રિકેટનો અને ભારતીય ટીમને સમર્થનનો ગજબનો શોખ ધરાવતા ભોજાણી ભાઈઓ અત્યાર સુધી વિશ્વભરમાં લગભગ ૨૨૫ આંતરરાષ્ટ્રીય મેચો નિહાળી ચૂક્યા છે. અને આજે તો એવી સ્થિતિ સર્જાઇ છે કે ટીમના આ પ્રશંસકોના પણ કેટલાય લોકો પ્રશંસક બની ચૂક્યા છે. ■

## હસો અથવા ખસો...

*છોકરો :* ચાહુંગા મૈં તુજે સાંજ - સવેરે...

*છોકરી :* અને બપોરે?

*છોકરો :* ૧ થી ૪ આરામ. રાજકોટનો છું બકા!

★

એક પરિણીત પુરુષના ઘેર એનું એક સગું લગ્નની કંકોતરી આપવા આવ્યું.

પુરુષે સહજભાવે પૂછ્યું, 'ઘટના સ્થળ ક્યાં છે?'

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

# પ્રતિભાવ

### પ્રસંગોપાત 'કચ્છશ્રુતિ'ના ખૂબ જ ઉમદા - ઉપયોગી અંકો.... ધન્યવાદ

માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ', માસ ઓગસ્ટ-૨૦૧૬નો અંક 'રાષ્ટ્રગીત વિશેષાંક' રૂપે રજૂ કરવા માટે ખૂબ ધન્યવાદ. **અતિ સુંદર, વિચાર પૂર્વકનો અને ખૂબ જ ઉપયોગી વિશેષાંક છે.** આ અંકમાં પ્રસિધ્ધ થયેલા દરેક ગીતો રાષ્ટ્રીય ભાવના જગાવે છે. એટલું જ નહીં પરંતુ દેશ માટે, દેશની હિફાજત માટે, દેશના રક્ષણ માટે અને મહામૂલી આઝાદીની રક્ષા કાજે પ્રેરણા આપતા ગીતો છે. ભુજમાં ૧૪મી ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ છત્રીબારી મહિલા મંડળનો દશાબ્દી ઉત્સવ ઉજવવામાં આવેલ હતો. તેમાં ત્યાંની બહેનોએ રાષ્ટ્રગીતો રજૂ કર્યા હતા ત્યારે ઉપસ્થિત સર્વે જણ ભાવવિભોર થઈ ગયા હતા.

ઉપરના કાર્યક્રમમાં ભુજ બી.એસ.એફ.ના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ તેમના ધર્મપત્ની સાથે હાજર રહ્યા હતા અને આનંદ વ્યક્ત કર્યો હતો. 'કચ્છશ્રુતિ'નો ઉપરોક્ત વિશેષાંક આ પ્રકારના પ્રસંગોએ અવશ્ય ઉપયોગી બની રહેશે તેમાં બેમત નથી. **'કચ્છશ્રુતિ' પ્રસંગોપાત ખૂબ જ ઉમદા - ઉપયોગી વિશેષાંકો પ્રસિધ્ધ કરીને એક સેવાકીય કાર્ય કરી રહ્યું છે**, જે ખરેખર સરાહનીય અને નોંધપાત્ર બાબત છે. **'સૌનો સાથ અને સૌનો વિકાસ' – તે સાચા અર્થમાં આનું નામ.** આ માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા મુખપત્રના સર્વે સહયોગીઓ અને સંચાલકોને ખૂબ ખૂબ ધન્યવાદ.

*બાબુલાલ ગોર - ભુજ*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૧૮૬૧*

★

### 'કચ્છશ્રુતિ' – અથાગ પરિશ્રમ સાથે દળદાર, માહિતી સમૃધ્ધ અંક

મુખપત્ર 'કચ્છશ્રુતિ'ના અંકો સમયસર મળે છે અને એમાં અથાગ પરિશ્રમ પણ જોવા મળે છે. આવા દળદાર, માહિતી સમૃદ્ધ અને વિગતસભર સામયિકો પ્રગટ કરવા માટે અભિનંદન. છેલ્લે અત્યંક લોકોપયોગી એવો રાસ-ગરબા વિશેષાંક પણ મળ્યો. આ માટે સમાજ અને તંત્રી મંડળને અભિનંદન.

*ડૉ. કુમારપાળ દેસાઇ, પદ્મશ્રી - અમદાવાદ*
*મો. ૯૮૨૪૦ ૧૯૯૨૫*

### 'કચ્છશ્રુતિ'ના અંકોમાં માહિતીસભર કૃતિઓ અને રસપ્રદ લેખો

'કચ્છશ્રુતિ' માસ ઓગસ્ટ-૨૦૧૬નો 'રાષ્ટ્રગીત વિશેષાંક' મળ્યો, વાંચ્યો અને માણ્યો. **'કચ્છશ્રુતિ'ના સંપાદકો વાચક વર્ગ અને કચ્છી જનતાને પ્રસંગોપાત કંઈક નવું, ઉપયોગી અને માહિતીસભર કૃતિઓ અને રસપ્રદ લેખો આપતા રહ્યા છે, એ હકીકત દરેક પ્રસંગે અંકોમાં નાવિન્ય આપી સાબિત કરી ચૂક્યા છે. ૩૦ વર્ષની અવિરત મંજિલ ધરાવતા સામયિકને ફરફરિયું - ચોપાનિયામાંથી વટવૃક્ષ બનાવી સાહિત્યની ઊંચાઈ પર લઈ આવેલ છે તેનો ઇન્કાર કોઈ કચ્છી કરી શકે તેમ નથી.**

રાષ્ટ્રીય તહેવાર નિમિત્તે તહેવારને અનુરૂપ આવું સુંદર અને ઉપયોગી રાષ્ટ્રગીતો સભર અંક કચ્છી જનતાને પ્રદાન કરી 'કચ્છશ્રુતિ'એ કચ્છ અને કચ્છી પ્રત્યેની તેમની ઉત્કર્ષ ભાવનાનું પ્રતિબિંબ દર્શનીય રીતે પૂરું પાડેલ છે.

**શ્રી બલવીરસિંહ જાડેજા** 'વૃક્ષનો ટેકો બની વેલ' રક્ષાબંધનની ભેટ સમાન ગણી શકાય. અત્યંત ભાવવાહી વાત છે. **શ્રી દિલીપભાઈ વૈશ્નવ**, લોકોપયોગી આરોગ્ય અંગેના માહિતીસભર અને સુવાચ્ય લેખો કચ્છી જનતાને આપી અનુપમ સેવા બજાવે છે. તેને માટે તેઓ અવશ્ય અભિનંદનના અધિકારી છે.

**રેખાબેન શુક્લ**નો લેખ આંખો ઉઘાડનારો છે. આઝાદીના સાત દાયકા બાદ મહિલા પ્રત્યેની આપણી દૃષ્ટિ અને વાણી - વર્તનમાં શું ફરક પડ્યો છે, એ આ લેખ પરથી પ્રતિપાદિત થાય છે.

અંતમાં 'કચ્છશ્રુતિ'ની ઊંચાઇ ઉત્તરોત્તર વધતી જાય એવી ભાવના.

*મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*
*મો. ૯૯૦૯૭ ૨૩૭૮૩*

★

*બાપુ :* ટામેટા કેમ આપ્યા?
*શાકવાળી :* ૨૦ના ૫૦૦.
*બાપુ :* તો હાલો, ગણવા માંડો!



*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

**'કચ્છશ્રુતિ' - માસ સપ્ટેમ્બરના અંક માટે અભિનંદન**

'કચ્છશ્રુતિ' માસ સપ્ટેમ્બર-૨૦૧૬નો માનવ જીવનની અસ્મિતા પ્રગટ કરતો 'રાસ-ગરબા વિશેષાંક' મેળવીને ખૂબ આનંદ થયો. **રાસ - ગરબા - સ્તુતિ - આરતી વગેરે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવામાં સહાયક નીવડે છે. આ માટે તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા દીપોત્સવી પ્રસંગે મીઠાઈ - ફરસાણનું વ્યાજબી ભાવે વિતરણ, ટેલિફોન ડિરેક્ટરીના સંપાદન જેવા કાર્યક્રમો સમાજની એકતાને સુદ્રઢ કરતા છે. આ દરેક બાબતે આપ સૌ ભારે જહેમત ઉઠાવી રહ્યા છો. સમાજ પરિવારના હિતમાં આવી પ્રવૃત્તિઓ કરવા માટે પણ અભિનંદન. 'વતનના વાવડ' વગેરે લેખો પોતાના જીગરસમા કચ્છ સાથેની પ્રીત તાજી કરતા હોય છે. તંત્રીલેખ દ્વારા વિવિધ વાદો અંગે ચર્ચાને યથોચિત નિમંત્રણ આપ્યું છે. ખ્રિસ્તી ધર્મમાં જાતિ - જ્ઞાતિ કે સંપ્રદાયને કોઈ સ્થાન નથી. પરિણામે આ પ્રજામાં ગરીબાઈ જેવું ભાગ્યે જ જોવા મળે છે. હિન્દુ ધર્મમાં જ્ઞાતિ - જાતિના અનેક વાડાઓને પરિણામે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક એકતાને ભારે નુકસાન પહોંચે છે. **વિશ્વમાં આપણે અગર ગૌરવભેર નામના પ્રાપ્ત કરવી હોય તો સંકુચિતતાને કોરાણે મૂકી 'રાષ્ટ્રવાદ'ને સ્થાન આપવું પડશે અને તે માટે પ્રાથમિક શિક્ષણથી જ બાળકોને તેના પાઠ શીખવવા પડશે.**

*પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર*
*પૂર્વ નિયામક, લોકભારતી, વડોદરા*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦, ૯૪૨૭૭ ૫૨૩૮૪*

**'કચ્છશ્રુતિ' માસ સપ્ટેમ્બરનો અંક ખૂબ જ ઉપયોગી**

'કચ્છશ્રુતિ'ના અંકો મને નિયમિત મળે છે. એમના વાંચનથી ઘણું જાણવા મળે છે. સપ્ટેમ્બર માસના અંકનું મુખપૃષ્ઠ ગુજરાતની અસ્મિતા ગરબામાં દાંડિયા રાસનું દૃશ્ય ઘણું જ આકર્ષક - સુંદર છે. આ અંકના રાસ-ગરબા ભૂતકાળમાં અનેક કવિઓએ લખ્યા છે. જે અત્યારની પેઢીને તેમજ વાચકવર્ગને ઉપયોગી થાય તેવા છે કારણકે ગુજરાતની આ એક ઓળખ છે. ગરબા રાસ ગુજરાતની અભિન્ન અસ્મિતા છે.

વર્તમાન સમયમાં કવિ તરીકે મને લખવાનું મન થાય છે કે 'ગરબીની ઈનામી માયાજાળમાં માનવ ગયો ખોવાઈ, ડિસ્કો દાંડિયા રાસમાં રમવા કેમ આવે અંબે મા...??' જગજનની મહાદુર્ગા દેવી માનવદેહમાં બિરાજમાન કળીકાળમાં માતની ભક્તિ ભૂલી ગયો ઈન્સાન. ખરેખર તો નવરાત્રીમાં માતાજીની ભક્તિના ગરબા ગાવામાં આવે તો માતાજી ગરબામાં ચોક્કસ રમવા આવે છે એમાં શંકા કરવાનું કોઈ કારણ નથી. 'કચ્છશ્રુતિ'માં જે ગરબા આપવામાં આવ્યા છે તેને પ્રધાનતા આપીને ગરબીમાં રાસે રમતા ગાવા જોઈએ. જેથી મન આનંદિત બને અને આધ્યાત્મિક ભાવ જીવનમાં જાગૃત થાય.

**'કચ્છશ્રુતિ' માસિક સતત આગળ ઊંચે જઈ રહ્યું છે. તે માટે તંત્રી મંડળને ઘણા જ અભિનંદન.** કચ્છી સમાજના વિકાસમાં હંમેશાં કાર્યરત રહો તેવી શુભેચ્છા સાથે નૂતન વર્ષાભિનંદન.

*મહાભાઈ આર. વોરા - ભુજ*

## નૂતન વર્ષાભિનંદન

*યુવાનોને રામરામ, વડીલોને હો વંદન*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

*સુખ હો સમૃધ્ધિ હો, હોજો શાંતિ અપાર*
*ચારે દિશાએથી મળજો, શુભ શુધ્ધ વિચાર.*
*જીવનમાં સુગંધ હો, જાણે કે પ્રસર્યું ચંદન,*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

*તનસુખ, મનસુખ હોજો ધનનું સુખ,*
*સુખનો સાગર છલકે, દૂર હો સબ દુઃખ.*
*નવા વર્ષનો સૂરજ લાવે, ફૂલો જેવા સ્પંદન,*
*સહુને અમારા નૂતન વર્ષાભિનંદન.*

*રજનીકાંત ઓઝા - ભુજ*
*મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦*

## ઉપર આભ - નીચે જમીન

બે મિત્રો જંગલમાં પિકનિક મનાવવા ગયા. રાત પડી એટલે તંબુ બાંધીને સૂઈ ગયા.

અડધી રાતે એક મિત્ર ઉઠ્યો અને બીજાને ઉઠાડીને પૂછવા લાગ્યો, 'આકાશ તરફ જો અને બોલ શું દેખાય છે?'

*મિત્ર :* સુંદર ચંદ્ર અને લાખો તારા નભ મંડળમાં ચમકી રહ્યા છે.

*પ્રથમ મિત્ર :* આ બધું જોઈને તને શું લાગે છે?

*બીજો મિત્ર :* એ જ કે કુદરતમાં કેટલી સુંદરતા છુપાયેલી છે.

*પ્રથમ મિત્ર :* અરે મૂર્ખ કવિરાજ! એનો અર્થ એ કે આપણો તંબુ ચોરાઈ ગયો છે!

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

Gujarat's Leading
Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com




SHREE
SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi,
Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad,
Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982



II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761 |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday,
Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live
જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર



પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન,
ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.



Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715

SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

Ramesh Savla
Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

Mfg :
Bakellit, eMoulding & Panel Board, Accessories,
Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

---

Bharat B. Gala
Nanvinchandra D. Dedhia

**Raju ENTERPRISE**

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

---

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

---

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

---

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**

(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

---

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર
૧, ઝલક કોમપ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

---

Let's Move towards Nature...
All things will be destroyed with time but time never just like...
शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track



Site Address : **Shashwat Green**
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

---

કચ્છ તથા કચ્છ બહાર વસતા સમાજના સગા-સ્નેહીઓ,
સ્વજનો, મિત્રો, વડીલો તથા સમાજ પરિવારજનોને
દીપાવલી તથા નવા વર્ષના અભિનંદન સાથે શુભકામના...

**ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર**
**હર્ષ, રિયા અને યશ ઠક્કર**

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

# તંત્રીલેખ સિંચાઈના પાણી થકી કચ્છમાં ખેતી ક્ષેત્રે ક્રાંતિ આણી શકાય

• અશોક મહેતા •

'કચ્છશ્રુતિ'નો ઓક્ટોબર-૨૦૧૬નો અંક આપશ્રીના હાથમાં આવશે ત્યારે દિવાળીના તહેવાર ખૂબ જ નજદીક આવી ગયેલ હશે. વિક્રમ સંવત ૨૦૭૨ પૂરું થવા આવેલ છે ત્યારે સંવત ૨૦૭૩ના આગમન સમયે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ અને તેનું માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' આપ સહુને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. અમે ઈચ્છીએ છીએ કે સારાયે દેશમાં પ્રવર્તી રહેલ મંદીનો માહોલ શક્ય ત્વરાએ પૂરો થાય અને તેજીનું માળખું ફેલાતું રહે તો અનેક લોકોની મુશ્કેલીઓ અને અડચણ દૂર થઈ શકે. લોકોના જીવનમાં લાલિત્ય ઉભરી શકે.

વિક્રમ સંવત ૨૦૭૨ના અંત ભાગે આપણને એક સુખદ સમાચાર જાણવા મળ્યા. કચ્છને ફાળવાયેલ નર્મદા નદીના વધારાના પાણીના કામો સત્વરે શરૂ થાય તે માટે કચ્છ ભાજપના એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને જળસિંચાઈ વિભાગના મંત્રીશ્રીને મળી તેઓ સમક્ષ આ પ્રશ્ને યોગ્ય રજૂઆત કરી કે જેના હકારાત્મક પ્રતિભાવો બંને મહાનુભાવો તરફથી સાંપડ્યા.

નર્મદા નદીના ગુજરાતને ફાળવાયેલ ૯.૦૦ એમ.એ.એફ. (મિલિયન એકર ફીટ) નિયમિત પાણીમાંથી કચ્છને ૦.૫ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવેલ હતું કે જેના કામો અત્યારે કચ્છમાં જ્યાં જ્યાંથી આ કેનાલ પસાર થવાની છે તે દરેક સ્થળે ચાલુ છે. નર્મદા નિગમના ડાયરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરીના જણાવ્યા અનુસાર આ પાણી માંડવીના મોડકુવા સુધી મોડામાં મોડા વર્ષ ૨૦૧૮ સુધીમાં પહોંચાડી દેવામાં આવશે. હાલે લગભગ ભચાઉ સુધીના કેનાલના કામો પૂર્ણ થઈ ગયેલ છે અને જૂન-૨૦૧૭ સુધીમાં ટપ્પર ડેમ સુધી આ પાણી પહોંચી આવવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.

નર્મદા નિગમના અન્ય એક ઉચ્ચ અધિકારીશ્રીના જણાવ્યા મુજબ તેઓને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છ બ્રાંચ કેનાલના કામ માટે બનાસકાંઠા વગેરે જિલ્લામાં જમીન સંપાદનની એટલી તકલીફ પડેલ નથી જ્યારે કચ્છમાં આ પ્રશ્ને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને તેના કારણે કેનાલના કામો પૂરા કરવામાં સારો એવો સમય પસાર થઈ જાય છે. અગર કચ્છના જમીનધારકો અને ખેડૂતો રાષ્ટ્રહિતના કામો સમજીને જમીન સંપાદનની પ્રક્રિયામાં સાથ-સહકાર આપે તો કેનાલના કામો વધુ ઝડપે પૂરા કરી શકાય.

ઉપરોક્ત હકીકત કચ્છની મેઈન કેનાલની છે. તેનાથી માંડવાની મોડકુવા સુધી પાણી પહોંચી શકે. પરંતુ ખેતરે ખેતરે પાણી પહોંચાડવા આ બ્રાંચ કેનાલમાંથી સબ બ્રાંચ કેનાલ, માઈનોર કેનાલ વગેરેના કામો હાથ પર લેવા પડે. તેના માટે પણ જમીન સંપાદન કરવી જરૂરી છે. અગર કચ્છના ખેડૂતો જમીન સંપાદિત કરવામાં (જંત્રીના ભાવો સારા એવા સુધારવામાં આવેલ છે) નર્મદા નિગમને સહકાર આપશે, તો એ પાણી ખેતરે ખેતરે પણ શક્ય ત્વરાએ પહોંચાડી શકાશે.

તાજેતરમાં જ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રમાં 'સૌની' યોજનાના પ્રથમ ચરણનું ઉદ્‌ઘાટન કર્યું. 'સૌની' યોજનાની શુભ શરૂઆત થઈ તેવું કહી શકાય. સૌરાષ્ટ્રમાં નર્મદા નદીના ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણી પહોંચાડવાના જે આયોજનો વિચારવામાં આવ્યા છે એ 'સૌની' યોજના પાછળનો કુલ્લ અંદાજિત ખર્ચ રૂા. ૧૨,૦૦૦ કરોડનો આકારવામાં આવેલ છે. આ યોજના પાછળ અત્યાર સુધી ૫૦ ટકાથી પણ વધુ રકમનો ખર્ચ કરી દેવામાં આવેલ છે અને તેના પ્રથમ ચરણને તાજેતરમાં જ કાર્યરત કરી દેવામાં આવેલ છે. આવતા દિવસોમાં આ યોજનાનો સંપૂર્ણપણે અમલ કરી દેવામાં આવનાર છે અને તેનાથી સૌરાષ્ટ્રની સારી એવી ખેતીલાયક જમીનમાં વર્ષમાં એક કે બે પાક લઈ શકાશે. તદુપરાંત સૌરાષ્ટ્ર માટે કલ્પસર યોજના પણ આયોજનમાં છે અને તેના અમલીકરણ

માટે સારી એવી વિચારણા પાર પાડી દેવામાં આવેલ છે. એ જ રીતે ઉત્તર ગુજરાતની નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીની સુજલામ્ સુફલામ્ યોજના આજથી ૩-૪ વર્ષ અગાઉ પૂર્ણ કરી દેવામાં આવેલ છે.

પ્રશ્ન એ ઉદ્ભવે છે કે કચ્છને નર્મદા નદીના વધારાના પાણીમાંથી ૧.૦૦ એમ.એ.એફ. પાણી છેક વર્ષ ૨૦૦૬માં ફાળવી દેવામાં આવેલ છે. તેમજ તે અંગે કન્સલ્ટન્ટ કંપની – મલ્ટીમીડિયાને રોકી તેના આયોજનો પણ આજથી ૨-૩ વર્ષ અગાઉ ફાઈનલ કરી લેવામાં આવેલ છે. તેમ છતાં આ યોજના પાછળ હજુ સુધી બજેટમાં ન તો નાણાંકીય ફાળવણી કરવામાં આવેલ છે, કે ન તો તેના અમલીકરણ માટે ગંભીરતાપૂર્વક વિચારવામાં આવેલ છે. આજથી બે વર્ષ અગાઉ આનંદીબેનની સરકારના સમયે કચ્છના ધારાસભ્યશ્રીઓ દ્વારા મુખ્યમંત્રીશ્રીને મળીને આ યોજનાના અમલીકરણ કરાવવા પ્રયાસ કરવામાં આવેલ પરંતુ એ સમયે એ રજૂઆત સફળ થઈ શકેલ ન હતી.

ભારતના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે તાજેતરમાં સૌરાષ્ટ્રની 'સૌની' યોજનાના પ્રથમ ચરણના ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ બૃહદ્ કચ્છના કચ્છીઓમાં અસંતોષની લાગણી જે હદે ફેલાઈ જવા પામી, તેના અનુસંધાને કચ્છ ભાજપના હાલના અને પૂર્વ સંસદ સભ્યશ્રીઓ, હાલના અને પૂર્વ ધારાસભ્યશ્રીઓ તથા કચ્છ જિલ્લા ભાજપના કેટલાક અગ્રણીશ્રીઓ ગત તા. ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા જળસિંચાઈ મં શ્રી નાનુભાઈ વાનાણીને કચ્છના પ્રતિનિધિમંડળ સ્વરૂપે મળી આ યોજના સત્વરે શરૂ કરવા રજૂઆત કરેલ હતી. વર્તમાનપત્રમાં પ્રસારિત થયેલ સમાચાર મુજબ મુખ્યમંત્રીશ્રીએ તથા જળસંપત્તિ વિભાગના મંત્રીશ્રીએ આ બાબત હકારાત્મક પ્રતિસાદ આપેલ હોવા છતાં આવતા બજેટમાં આ અંગે રૂા. પાંચ હજાર કરોડની નાણાંકીય જોગવાઈ થયા બાદ જ કચ્છની આ યોજનાના અમલીકરણ માટે સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

કચ્છને વધારાના પાણી ફાળવવાની યોજના અનુસાર કચ્છની મુખ્ય બ્રાંચ કેનાલ મોડકુવાથી આગળ વધારીને કેનાલ અને પાઈપ લાઈન દ્વારા છેક માતાના મઢ સુધી આગળ લઈ જવાની છે તેમજ મુખ્ય કેનાલમાંથી અન્યત્ર વિવિધ ૭ જેટલા સ્થળેથી પાણી મેળવી લિંક કેનાલ દ્વારા કચ્છના વિવિધ જળાશયોમાં પાણી પહોંચાડવામાં આવનાર છે. ત્યારબાદ આ જળાશયોની હયાત કેનાલમાંથી ખેતરો સુધી સિંચાઈના આ પાણી પહોંચાડવાના આયોજનો વિચારવામાં આવેલ છે. નિયમિત પાણીથી ૨,૮૫,૦૦૦ એકરમાં અને વધારાના પાણીથી અંદાજિત ૧૦ લાખ એકરમાં સિંચાઈના પાણી પહોંચાડવાના આયોજનો વિચારાયેલ છે પરંતુ તેનાથી કચ્છની કુલ્લ અંદાજિત ૪૦ લાખ એકર જેટલી ખેતીલાયક જમીનમાં પાણી પહોંચી શકવાના નથી. બાકી રહેતી જમીનમાં સિંચાઈના પાણી પહોંચાડવા કચ્છીઓએ આગવી રીતે વિચારવાની જરૂરત છે.

કચ્છને મૂળ તો સિંધુ નદીનો તટ પ્રદેશ ગણવામાં આવતો. અત્યારે જ્યાં રણ છે ત્યાં સેંકડો વર્ષ અગાઉ સિંધુ નદીના પાણી વહેતા અને ત્યાંથી તે અરબી સમુદ્રને મળતા. ધોળાવીરા સંસ્કૃતિ આ નદી કિનારે જ વિકસેલ હોય તેવું મનાઈ રહેલ છે. ત્યારબાદના એક ધરતીકંપના પરિણામે સિંધુ નદી પશ્ચિમમાં ખસી ગઈ અને તેની એકમાત્ર શાખા કોરીક્રીક દ્વારા લખપત વિભાગમાંથી પસાર થઈ સમુદ્રને મળતી હતી. કાળક્રમે ફરી એક ધરતીકંપના સમયે સિંધુ નદીના વહેણની આડે જમીનનો એક ભાગ ઊંચો આવી ગયો, કે જેને પાછળથી અલ્લાહના બંધ તરીકે ઓળખવામાં આવ્યો – જેના કારણે સિંધુ નદીના વહેણ કચ્છના આ ભાગમાં પણ આવવાના બંધ થઈ ગયા. કચ્છ સૂકો ભઠ્ઠ પ્રદેશ બની ગયો. પરંતુ આંતરરાષ્ટ્રીય કાયદા મુજબ કચ્છ, એ સિંધુ નદીના તટ પ્રદેશ તરીકે તો ગણી જ શકાતું હતું અને કચ્છનો સિંધુ નદીના પાણી પર અબાધિત હક્ક તો રહેલો જ હતો. ૧૯૬૦ના વિશ્વબેંકની દરમિયાનગીરીથી પાકિસ્તાન સાથેના સંધિ કરાર મુજબ પશ્ચિમની ત્રણ નદી – સિંધુ, જેલમ અને ચિનાબ – ના પાણી પાકિસ્તાનને ફાળવાયા અને પૂર્વની ત્રણ નદીઓ – રાવી, સતલજ અને બિયાસ – ના પાણી ભારત વાપરી શકે તેવું નક્કી કરવામાં આવ્યું. ત્યારબાદ ભારતના ફાળે આવેલ ત્રણ નદીના પાણીના વપરાશ માટે એક નદી પર ભાખરા નાંગલ

બંધ બાંધી તેનાથી પંજાબમાં હરીયાળી ક્રાંતિ આણી દીધી. આ બંધમાંથી નીકળેલ એક કેનાલ રાજસ્થાનના ખેતરોને પણ નવપલ્લવિત કરે છે. કચ્છ એ સિંધુ નદીનો તટ પ્રદેશ ગણાતો હોવાથી અને પાકિસ્તાન સાથે થયેલ કરાર મુજબ કચ્છે સિંધુ નદીના પાણી ગુમાવેલ હોવાથી રાજસ્થાનની આ કેનાલ કંડલા સુધી લંબાવવાના આયોજનો વર્ષો અગાઉ વિચારાયેલ હતા પરંતુ તેનું અમલીકરણ એક યા બીજા કારણોથી શક્ય બની શકેલ ન હતું.

જમ્મુ કાશ્મીરમાં આવેલ ઉરી વિભાગની લશ્કરી છાવણી પર આતંકવાદીઓના હુમલા પછી દેશભરમાં તેને પગલે વિરોધ જાગી ઉઠેલ છે. વળતા પ્રહાર તરીકે ભારતે પાકિસ્તાનના કબજા હેઠળ રહેલ કાશ્મીરના યુદ્ધ વિરામ રેખાની હરોળ ઓળંગી, આતંકવાદીઓની ૭થી ૮ છાવણીઓને નષ્ટ કરી, કેટલાક આતંકવાદીઓનો ખાત્મો બોલાવી દીધો. દેશભરમાં જનઆક્રોશ સ્વરૂપે એવી માંગ ઉઠેલ છે કે પાકિસ્તાન સાથે ૧૯૬૦માં કરવામાં આવેલ જળકરાર એકતરફી રીતે રદ્દ કરી ઉપરોક્ત પશ્ચિમની ત્રણ નદીઓના પાણી પાકિસ્તાન ખાતે જતા અટકાવી દેવા જોઈએ. એ સામે કેટલાક લોકોએ એવા પણ પ્રત્યાઘાત આપેલ છે કે ત્રણ નદીઓના આટલા બધા પાણી સંગ્રહી શકવાની આપણી ક્ષમતા ન હોવાથી એ કાર્ય આપણા માટે અશક્ય છે.

ઉપરોક્ત કરારના અનુસંધાને એ હકીકત પણ બહાર આવેલ છે કે વિશ્વ બેંકની મધ્યસ્થીથી પાકિસ્તાન સાથે ૧૯૬૦માં જે કરાર કરવામાં આવેલ છે એ કરાર અનુસાર અમુક શરતોને આધીન રહીને ભારત આ નદીઓના પીવા માટેના પાણી, સિંચાઈ માટે મળતા પાણી તથા વીજનિર્માણ માટે આ પાણીનો ઉપયોગ કરી શકે છે. આ નાતે અગર સિંધુ નદી પર બંધ બાંધી, એ જળાશયના પાણી રાજસ્થાન આવતી કેનાલમાં ઠાલવી, એ કેનાલને કચ્છ સુધી લંબાવવામાં આવે તો કચ્છની તરસી જમીન આ પાણીથી નવપલ્લવિત થઈ શકે અને કચ્છની ખેતી તથા પશુપાલન ક્ષેત્રની દરિદ્રતા તેટલે અંશે નિવારી શકાય.

આ પ્રશ્ન રાજકીય મહેચ્છાનો છે કે જેના માટે રાજકીય પીઠબળ ધરાવતી કોઈ કચ્છી વ્યક્તિ આ પ્રશ્ન પાછળ પડી જાય તો સમગ્ર કચ્છને તેનાથી અનહદ ફાયદો થઈ શકે.

અત્રે એક અન્ય વાત પણ યાદ કરી લઈએ.

કચ્છમાં ભદ્રેશ્વર પાસે દરિયા કિનારે ૫૦ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતા ડી-સેલિનેશન પ્લાન્ટની સ્થાપના માટે સરકારશ્રી તરફથી સત્તાવાર રીતે અવારનવાર સમાચાર આવતા રહે છે પરંતુ આ કાર્ય જે કોર્પોરેશનને સોંપવામાં આવેલ છે તે જી.આઈ.ડી.બી. છેક ૨૦૦૬થી આ કાર્ય માટે મક્કમ રીતે આગળ વધી શકતી નથી. ખરેખર તો તેના ઉચ્ચ અધિકારીશ્રીઓ આ કાર્ય આગળ ધપાવવા મન મક્કમ કરીને બેઠા જ નથી. તેથી નાના નાના કારણોસર આ કાર્ય અટકી જાય છે. અગર દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં પરિવર્તન કરવાનો પ્રોજેક્ટ હાથ પર લઈ શકાય તો તેના કારણે કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોને પુષ્કળ રાહત થઈ શકે તેમ છે. પરંતુ આ પ્રોજેક્ટ હાથ પર લેવાની ગંભીરતા જી.આઈ.ડી.બી.ના કોઈપણ અધિકારીમાં હાલે દૃષ્ટિગોચર થતી દેખાતી નથી.

કચ્છની નવી પેઢીમાં અનેક તજજ્ઞો પેદા થયેલ છે તેમજ એકથી ચડિયાતા એક એવા અનેક મહારથીઓ રાજકારણના ક્ષેત્રે પણ હાલે કાર્યરત છે. આ મહાનુભાવોમાંથી અગર કોઈ એક મહાનુભાવ (૧) નર્મદા નદીના નિયમિત પાણીના કાર્યો પૂરા કરાવવા, (૨) નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો શરૂ કરાવી તેને પૂર્ણતા તરફ લઈ જવા, (૩) સિંધુ નદીના પાણી કચ્છ સુધી પહોંચતા કરાવવા અને (૪) ડી-સેલિનેશન પ્લાન્ટ વડે દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં રૂપાંતરીત કરી ઉદ્યોગોની જરૂરિયાતને સંતોષવા માટે ગાંઠ વાળીને બેસી જાય તો કચ્છની આવતીકાલ આજ કરતા અનેકગણી ઉજળી બની શકે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

કચ્છ

# કચ્છ અને તેની અર્થવ્યવસ્થા – (૨)

• પ્રેમજીભાઈ ભવાનજીભાઈ ઠક્કર •

**(માસ જુલાઈ-૨૦૧૬ના અંકમાં પ્રકાશિત થયેલ પ્રકરણ-૧ થી ચાલુ)**

અગાઉ ગુજરાતથી આવેલ વાઘેલાઓ અને ચાવડાઓ કચ્છમાંની અમુક સૈધ્ધાંતિક બાબતોના લીધે અલગ રહ્યા. તેઓ તેમની જોડે ગુજરાતમાંથી કેટલીક જાતિઓને પણ લાવ્યા. તમને ગુજરાતમાંથી આવેલ પાટીદાર ખેડૂતો, સૌરાષ્ટ્રના લડાયક ખેડૂત આહિરો, સિંધના ખડતલ મુસ્લિમ પશુપાલકો અને કર્મઠ ભાનુશાલી તથા ગુજરાત સિંધમાંથી આવેલ વાણિયા, લોહાણા, ભાટિયા વિ. જેવી વ્યાપારી પ્રજા પણ કચ્છમાં જોવા મળશે.

આ પૂર્વ નિવાસીઓ તેઓની સાથે પોતાની આગવી ખાસિયતો, વિવિધ રીવાજો, રીતભાતો અને જીવનશૈલી લાવ્યા. કચ્છમાં તે સર્વેનું મિશ્રણ અને તેમાંથી ઉદ્‌ભવેલ એક જીવન પદ્ધતિ છે.

કચ્છના ઈતિહાસમાં એક મહત્ત્વનો બનાવ છે કે જેણે કચ્છના અર્થતંત્ર પર વિશેષતર અસર પાડી છે તે છે ઝારાનું યુધ્ધ. મેં અગાઉ કહ્યું તેમ કચ્છ તેની એકાકી સ્થિતિના કારણે હુમલા અને આક્રમણોથી મુક્ત રહ્યું છે. પરંતુ સિંધના અમીર મુસ્લિમો જોડે અથડામણ અને મારામારી થયા કરતી. તેમાં સૌથી મહત્ત્વનું ઝારાનું યુધ્ધ જે ૧૮મી સદીના અંતમાં થયું. એમ કહેવાય છે કે, લડી શકે તેવી એ વસ્તીનો લગભગ તમામ યુવાવર્ગ આ યુધ્ધમાં નાશ પામ્યો. જેની લાંબા સમય સુધી કચ્છની ખેતી અને અર્થતંત્રની પ્રવૃત્તિ પર વિપરીત અસર રહી.

મેં તમોને કચ્છની **ભૌગોલિક**, ઐતિહાસિક અને **ભૂસ્તરીય** પરિસ્થિતિની પૂર્વભૂમિકા આપી. જેથી કચ્છની ઉચ્ચત્તર આર્થિક સ્થિતિનો મુદ્દો વિચારવાનું અને સમજવાનું શક્ય બને. હવે આપણે કચ્છના અર્થતંત્રની વિશિષ્ટ લાક્ષણિકતા તપાસીએ.

અર્થતંત્ર એટલે તે વિસ્તારમાં રહેતા લોકોની આબાદી કે વિષમતાને અસરકર્તા પરિબળો અને સંયોગોનો સમાગમ. જેમાં તે વિસ્તારના વિકાસની તકોનો પણ સમાવેશ કરી શકાય.

ભારત એક ખેતીપ્રધાન દેશ છે અને કચ્છ, જે દેશનો ભાગ છે તે, ભારતના અન્ય ભાગો કરતાં કદાચ ખેતી પર વધુ આધારિત છે. તે જણાવવું વધુ ઉચિત થશે કે ૧૯૪૮ પહેલાં કચ્છમાં ઉદ્યોગો જવલ્લે જ હતા અને ૧૯૪૮ પછી પણ આ દિશામાં પ્રગતિ ઓછી છે. કચ્છનું અર્થતંત્ર સમજવા આપણે કચ્છના જમીનનો સ્રોત (ઉપલબ્ધિ) અને તેનો ઉપયોગ તપાસવો પડશે. કચ્છની જમીન નીચે મુજબની કક્ષામાં ફાળવી શકાય.

૧. સૂકો રણ વિસ્તાર જ્યાં ભાગ્યે જ વનસ્પતિ ઉગે છે.
૨. ઘાસભૂમિ જ્યાં માત્ર ગોચર થઈ શકે, ખેતી નહીં.
૩. નહેરોનો પ્રદેશ.
૪. સૂકી ખેતીનો પ્રદેશ.
૫. મિશ્ર ખેતીનો પ્રદેશ.

પ્રથમ કક્ષ સૂકો અને રણ પ્રદેશ, બે ભાગો, નાનું રણ અને મોટું રણનો બનેલો છે. હવે આ રણો વિશે મોટાપાયે ગેરસમજ પ્રવર્તે છે. રણ એટલે જ્યાં રેતી પથરાયેલી હોય છે જે વર્ષના અમુક સમયમાં ત્યાં જોરથી પવન ફુંકાય છે, ખેતી શક્ય નથી અને વાહન અને વ્યવહાર માટે ઊંટ સિવાય અન્ય સાધન હોતાં નથી. આ બંને રણના ભાગોને લાગેવળગે છે ત્યાં સુધી હકીકત તદ્દન જુદી છે. રણમાં એવા ટાપુઓ છે જ્યાં સારું ઘાસ ઊગે છે તેમજ હજારો પશુઓ ઉછેરી શકાય એટલું પાણી મળે છે. આપ સૌએ છાડબેટ વિશે સાંભળ્યું હશે જેણે પાંચેક વર્ષ અગાઉ નાનો ઈતિહાસ સર્જ્યો. આ ટાપુ રણના ઉત્તરે અંતિમ છેવાડે આવેલ છે. ત્યાંનું સારું અને સ્વાસ્થ્યપ્રદ ઘાસ જો પાણી મળી રહે તો આશરે ૧૦,૦૦૦ પશુઓને ઘાસ પૂરું પાડી શકે તેમ છે. તે જ રીતે નાના રણમાં અનેક નાના ટાપુઓ આવેલા છે તેમાં મોટામાં મોટો પુંગ છે. અહીં પણ તેટલા જ પશુઓનો નિભાવ કરી શકાય તેમ છે. આ ટાપુના અમુક ભાગની જમીનમાં છેવટે ઘાસચારાના હેતુ માટે ભૂમિ સુધારણા કરી શકાય તેમ છે. જેનો ખર્ચ આર્થિક દૃષ્ટિએ પરવડે તેમ છે કારણકે કચ્છમાં પશુપાલન ખેતી કરતાં ઓછું વળતર આપે તેમ નથી. ઉલટાનું કચ્છ અને તેના પાડોશી વિસ્તારોમાં સરળ અને ઝડપી હેરાફેરીમાં અવરોધ ઊભો કરવા તે સારું સાધન છે. એમ પણ કહેવાય છે કે રણ કચ્છ અને બહારના પ્રદેશોમાં ફેલાઈ દબાણ ઊભું કરે છે. મીઠાના કણો પવન દ્વારા ફેલાઈ સારી ખેતીલાયક જમીન પર જમા થઇ તેને ખેતી માટે બિનઉપયોગી બનાવે છે. સર ટી.એચ. હિમોન્ડ અને લે ક્રિસ્ટી જેવા જાણીતા ભૂસ્તરવિદોના મત પ્રમાણે વર્ષે સરેરાશ એક લાખ ત્રીસ હજાર ટન મીઠાનાં કણો હવામાં ઉડી કચ્છ - સૌરાષ્ટ્ર અને રાજસ્થાનની ભૂમિ પર પથરાય છે. જેથી આ વિસ્તારને તરત નાથવામાં આવવો જોઈએ. મારે એમ કહેવું જોઈએ કે, આ બાબત કચ્છ અને પાડોશી વિસ્તારો માટે શાપરૂપ છે. આ વિસ્તાર ખેતી

અથવા ઘાસભૂમિ માટે લાયક બનાવવો જોઈએ અને પરિવહન માટે અનુકૂળ બનાવવો જોઈએ. હું કહી શકું છું કે, પ્રચલિત વાયકાથી વિસંગત રીતે વર્ષના અડધા ભાગમાં આ વિસ્તારમાં ૬૦થી ૮૦ માઈલની મહત્તમ ગતિથી વાહન દોડાવવાનું શક્ય છે. જો કે મને કહેતા આનંદ થાય છે કે સરકાર પાસે આ વિસ્તાર અંગે સ્થળાંતર અટકાયત અને ભૂમિસુધારણાની યોજના હાથ પર છે પરંતુ સ્થળાંતર અટકાયત કરતાં ભૂમિ સુધારણા ગુજરાત રાજ્યના હિતમાં છે. આ વિસ્તાર ૫૭,૬૦,૦૦૦ એકર જમીન ધરાવે છે. જેનો દસમો ભાગ ઘાસભૂમિ માટે ભૂમિ સુધારણા માટે આવરી લેવામાં આવે તો પણ સારું વળતર આપી શકે છે.

કચ્છની મુખ્ય ભૂમિ અને રણ વચ્ચે આવેલ વિસ્તારને બન્ની કહેવાય છે. તે ૮૦૦ ચો.માઈલનો વિશાળ પટ્ટો છે. જે ભૂમિ વિસ્તારમાં ઉત્તર તરફ વહેતી નદીઓ દ્વારા આવેલ કાંપનો બનેલો છે. તેનું મૂળ નામ બન્ની એ મૂળ કચ્છી શબ્દ 'બનાઈ' એટલે કે 'નવું બનાવેલ'નો અપભ્રંશ છે. જે કુદરત દ્વારા રચિત તેવું સૂચવે છે. આ વિશાળ વિસ્તારમાં તમને હજારો પશુઓ, લગભગ વિસ્તારમાં ઉગેલું ઘાસ અને ઘાસનાં ભૂંગાવાળી કેટલીક વાંઢ જોવા મળશે. આ વિસ્તાર આશરે ૩૦,૦૦૦ પશુઓને ટેકો આપે છે તેવો અંદાજ છે. આ વિસ્તારમાં ઉગાડેલ ઘાસનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે અને તે પૌષ્ટીક અને સ્વાદિષ્ટ માલૂમ પડેલ છે. બન્નીના પશુઓ તંદુરસ્ત અને ખડતલ હોય છે અને તે ત્યાં ઉગાડેલ ઘાસમાંથી જ પોષણ મેળવે છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડની ઘાસભૂમિ જેમ આ વિસ્તાર માલધારી વસ્તીના ગોચર મેદાનોના વિકાસની ખાતરી આપે છે. યોગ્ય ભૂમિ સુધારણા અને પાણીની ઉપલબ્ધિથી આ વિસ્તારમાં કુલ ૨ લાખ પશુઓનું પાલન થઈ શકે.

કચ્છના અર્થતંત્રમાં પશુ ઉછેરનો ખેતીથી વધુ નહીં તો પણ તેના જેટલો જ ફાળો છે. બન્ની ઉપરાંત લખપત તાલુકાના ખડીર અને પચ્છમના ટાપુઓ પણ આવેલા છે જ્યાં સંપૂર્ણપણે યા તો ખેતી ઉપરાંત પશુપાલનની પ્રવૃત્તિ ચાલુ છે. આપણે મુખ્ય વિસ્તારમાં આવીએ જે ખેતીયોગ્ય છે. **રણ સિવાયનો કચ્છનો વિસ્તાર ૫૬ લાખ એકર છે. તે પૈકી લગભગ ૨૬ લાખ પડતર ખરાબો, લગભગ ૫ લાખ ખેતીયોગ્ય ખરાબો અને લગભગ ૬ લાખ એકર ઘાસભૂમિ છે. લગભગ એક લાખ એકરમાં જંગલ આવેલું છે. બાકીનો વિસ્તાર ખેતી હેઠળ છે.** પરંતુ વરસાદની અનિશ્ચિતતાને લીધે ખેતી હેઠળના એકરોમાં દર વર્ષે મોટા પાયે ફેરફાર થાય છે. એક વર્ષે તે ૬ લાખ હોય તો બીજે વર્ષે તે ૧૨ લાખ હોય. સાર્વત્રિક રીતે કચ્છની જમીનની ગુણવત્તા ખરાબ નથી પણ અનિયમિત અને અનિશ્ચિત વરસાદને લીધે ઉત્પાદકતા ઓછી રહે છે. મેં અગાઉ જણાવ્યું તેમ કેટલાક વિસ્તાર તદ્દન સૂકા અને સંપૂર્ણપણે મેઘદેવની કૃપાને આધીન હોય છે. આ વિસ્તારમાં ખેતી એ ખરેખરો જુગાર છે અને કચ્છનો આ પ્રકારનો વિસ્તાર મોટો છે. કચ્છની મધ્યમાં બે પર્વતમાળાની વચ્ચે જમીન સારી છે. તુલનાત્મક રીતે ભૂજળ સપાટી પણ સારી છે. પીયત જમીનના ટુકડાઓમાં પરીશ્રમી કણબી કોમ દ્વારા ખેતી કરવામાં આવે છે. અહીં તમને સારી ખેતી અને સારી વનસ્પતિ જોવા મળે છે. અહીં પણ વરસાદ પોતાનો ભાગ ભજવે છે અને નબળા વર્ષમાં ભૂતળનું પાણી યા તો અપૂરતું થાય છે યા અનિયમિત થાય છે. દક્ષિણના નીચાણવાળા વિસ્તારમાં ૧૦ માઈલ પહોળી અને ૪૦ માઈલ લાંબી પટ્ટી છે જ્યાં ભૂતળના પાણી પ્રમાણમાં સારા છે અને ઝાડપાનનું પ્રમાણ સારું છે. અહીં સરેરાશ વરસાદ સારો છે.

પરંતુ વરસાદી પાણી અને ભૂતળના પાણીનો મહત્તમ ઉપયોગ એ કચ્છમાં ખેતીની મુખ્ય સમસ્યા છે. વરસાદનું પાણી બંધપાળા કે જળાશયોથી ઉપયોગમાં લઈ શકાય છે. કમનસીબે કચ્છને અનુલક્ષીને ખેડૂતોનો વિકાસ ઓછો છે જેથી આ વિસ્તારમાં સંયોગોની માંગ છે તે ઝડપે પ્રગતિ કરી શકાય તેમ નથી. જળાશયોની ઉપયોગીતા અને સંભાવનાને પણ મર્યાદા છે. પાણીની જરૂરિયાત નબળા ચોમાસામાં જ રહેવાની અને કચ્છમાં બારમાસી નદી ન હોવાથી જળાશયોમાં સંગ્રહ કરેલ પાણી સિંચાઈ માટે અપૂરતું થશે. નવા કૂવા તૈયાર કરવામાં પણ મર્યાદા છે. કચ્છના ઘણા વિસ્તારોમાં ભૂતળમાં પાણી નથી ત્યાં નવા કૂવાને અવકાશ નથી. આમ છતાં આ ત્રણેય દિશામાં મહત્તમ પ્રયત્નોથી સઘન ઝુંબેશ કરવાથી કચ્છના કૃષિકારોને મુશ્કેલી અને ચિંતામાં રાહત થશે.

**કચ્છમાં હાલે લગભગ ૭૦ સિંચાઇ તળાવો છે જેની સારા વર્ષોમાં ૬૦ હજાર એકરની સિંચાઈની ક્ષમતા છે. કૂવાની ખેતી હેઠળ આવરી લેવામાં આવતી જમીનના વિસ્તારમાં વર્ષોવર્ષ વધઘટ થતી રહે છે. તેમ છતાં સામાન્ય વર્ષમાં આશરે ૪૦ હજાર એકર અંદાજી શકાય. આમ, સામાન્ય વર્ષમાં એક લાખ એકરને સિંચાઈની વ્યવસ્થા કરી શકાય.** જો કે નબળા વર્ષોમાં તે ત્રીજા ભાગની કે તેથી ઓછી સુધી નીચે જઈ શકે. કચ્છની વિશિષ્ટ લાક્ષણિકતાઓને લીધે કચ્છમાં સરેરાશ જમીન માલિકી ૨૪ એકર જેવી છે જે ભારતના ઘણા ભાગો કરતાં ઊંચી હશે પણ આ માલિકી ઓછાવત્તા અંશે ભ્રામક છે. જમીનનો વિશાળ ખેતીલાયક વિસ્તાર વધુ લોકોને નિર્ભર થવા આકર્ષે છે.

***પ્રાપ્તિ સ્રોત :***

***ઘનશ્યામભાઈ ઠક્કર - અમદાવાદ***

# કચ્છ સ્વામિનારાયણ સંપ્રદાયનું સંસ્કારબીજ કચ્છની ભૂમિમાં રોપાયું હતું

• નરેશ પી. અંતાણી •

*અગિયાર હજાર શિલ્પીઓ અને સ્વયંસેવકોના ૩૦ કરોડ માનવ કલાકોની મહેનતને અંતે નિર્માયેલા ભારતીય શિલ્પકલાનું ઉત્કૃષ્ટ પરિસર અક્ષરધામના સાનિધ્યમાં સહજાનંદ સ્વામી અને સ્વામિનારાયણ સંપ્રદાય એ વિષયમાં ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિ પરિપ્રેક્ષ્યમાં સહજાનંદ સ્વામીના જીવન અને કાર્યોને મુલવવા રાષ્ટ્રીય સેમિનારમાં મંથન કરાયું હતું.*

સ્વામિનારાયણ અક્ષરધામ, પાંચ વર્ષની સેંકડો ક્લાકસબીઓની અવિરત મહેનત પછી દેશની રાજધાની નવી દિલ્હીમાં નિર્માણ પામેલું માત્ર ધાર્મિક તીર્થ નહીં પણ એક અભિનવ સંસ્કૃતિ તીર્થ છે, એક અદ્વિતીય પરિસર છે. ભારતીય કલા, પ્રજ્ઞા, ચિંતન અને મૂલ્યોનું એક સમયાતીત સર્જન છે. સ્વામિનારાયણ સંપ્રદાયના જનક સહજાનંદ સ્વામિની સ્મૃતિમાં એકસો એકર જમીનમાં પથરાયેલું વિશાળ પરિસર શાંતિ, સૌંદર્ય અને દિવ્યતાનો અનુભવ કરાવે છે.

સમાજના સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક વિકાસમાં ધર્મ અર્થાત સદાચાર અને નૈતિક મૂલ્યો પાયાની ભૂમિકા ભજવતા હોય છે. આ વિના માનવવિકાસ જડ અને ખોખલો બની રહેતો હોય છે. આ દૃષ્ટિએ દેશના ધર્મપ્રવર્તક સહજાનંદ સ્વામિ અને તેમણે સ્થાપેલા સ્વામિનારાયણ સંપ્રદાયનું આજના સાંપ્રત પ્રવાહોના સંદર્ભમાં ઐતિહાસિક નજરે અનેકઘણું મહત્ત્વ છે. આવા વ્યાપક પરિપ્રેક્ષ્યને નજરમાં રાખીને સહજાનંદ સ્વામિના જીવન અને કાર્યના વિવિધ આયામોને ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિક દૃષ્ટિએ તપાસવાના હેતુસર ગુજરાત ઈતિહાસ પરિષદ ભો.જે. વિદ્યાભવન, અમદાવાદ અને બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનના આર્ષ અધ્યયન કેન્દ્ર, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે અક્ષરધામના સાનિધ્યમાં નવી દિલ્હી ખાતે યોજાયેલા રાષ્ટ્રીય સેમિનારમાં આ લેખ લખનારને હાજરી આપવાનું સૌભાગ્ય મળ્યું હતું અને તે સમયે અક્ષરધામ મંદિર અને વિશાળ પરિસરને માણવાની તક મળી.

આવા સુંદર ધામમાં ત્રણ દિવસ ચાલેલા સેમિનારમાં સહજાનંદ સ્વામિ અને સ્વામિનારાયણ સંપ્રદાય એ વિષયમાં ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં સહજાનંદ સ્વામીના જીવન અને કાર્યોને મુલવતા વિવિધ ૯૦ જેટલા શોધપત્રો રજૂ કરાયા હતા. જેમાં આઠ શોધપત્રો સંપ્રદાયના સંતોના પણ હતા.

કચ્છમાંથી આ લખનારે આ સેમિનારમાં ભાગ લઈ 'સહજાનંદ સ્વામીનો કચ્છ વિહાર' એ વિષય પર નિબંધ રજૂ કર્યો હતો. જેમાં સંવત ૧૮૬૦થી ૧૮૬૮ સુધી સહજાનંદ સ્વામિએ પોતાના મુખ્ય કાર્યક્ષેત્ર તરીકે કચ્છને કેન્દ્રમાં રાખીને આ પ્રદેશમાં હિંદુ હિત રક્ષા, ભારતીય સંસ્કૃતિનું જતન, હિંદુ ધર્મનું સશક્તિકરણ, સામાજિક કુરિવાજોને તિલાંજલિ, સાચા ભાગવત ધર્મનો પ્રચાર વગેરે સ્વરૂપે ઐતિહાસિક મહત્ત્વનું કાર્ય કરી કચ્છની અને તેના માધ્યમથી ગુજરાત અને રાષ્ટ્રની જે ઐતિહાસિક સેવા કરી હતી તેના પર પ્રકાશ ફેંકવા પ્રયાસ કરાયો હતો.

કચ્છમાં સહજાનંદ સ્વામિના આગમન અને વિહારની મોટી ઉપલબ્ધિ એ હતી કે કચ્છમાં એમણે સમાજ સુધારણાના અનેક કાર્યો કર્યા. લોકોને ધાર્મિક ઉપદેશ આપી સત્માર્ગે વાળવાના પ્રયાસો કર્યા. ખાસ કરીને જાડેજાઓમાં દીકરીને દૂધ પીતી કરવાનો રીવાજ હતો. આ રીવાજ બંધ કરાવવાના પણ એમણે પ્રયાસો કર્યા.

સહજાનંદ સ્વામિ જીવહિંસાના પણ વિરોધી હતા. એમણે કચ્છમાં યજ્ઞમાં બલિ તરીકે હોમાતા નિર્દોષ પશુઓની હિંસા બંધ કરાવી હતી. એક સમયે તેમને જાણ થઈ કે હવનમાં પશુઓનો બલિ ચડાવવાનો છે ત્યારે તેમણે આ હિંસાનો સખ્ત વિરોધ કર્યો અને આ ઘટનાની જાણ કચ્છના મહારાવને થતાં તેમણે તાત્કાલિક આ હવન રોકાવી અને જીવહિંસા બંધ કરવાનો આદેશ આપ્યો અને ત્યારથી કચ્છમાં હવનમાં પશુઓના બલિ ચડાવવાની પ્રથા બંધ થઈ. આ ઉપરાંત સંપ્રદાયના બ્રહ્માનંદ સ્વામિ ઉપરાંત ઉધ્ધવ સંપ્રદાયના અનેક સ્વામિઓ અને

શિષ્યોએ ભુજની વ્રજભાષા પાઠશાળામાં શિક્ષણ મેળવ્યું હોઈ ઉધ્ધવ સંપ્રદાય અને પાછળથી સ્વામિનારાયણ સંપ્રદાય તરીકે જાણીતા બનેલા સંપ્રદાયના સંસ્કારના પાયાના બીજરોપણ આ પાઠશાળામાં જ થયા હોવાની વાત વિગતે આ શોધપત્રમાં કરી હતી.

સમગ્ર સેમિનાર તથા આવેલા તમામ ઈતિહાસ સંશોધકો અને સાહિત્યકારોના આવાસ તથા અન્ય વ્યવસ્થાઓનું આયોજન ડૉ. જનક દવે, ડૉ. આનંદ આચાર્ય અને ડૉ. જયેશ માંડણકાએ સંભાળ્યું હતું. ભવ્ય અક્ષરધામ તીર્થનો પણ ટૂંક પરિચય મેળવીએ.

ભારતીય સંસ્કૃતિ અને શિલ્પ સ્થાપત્યનું અભિનવ તીર્થ : અક્ષરધામ

છઠ્ઠી નવેમ્બર, ૨૦૦૫ના દિવસે ખૂલ્લું મૂકાયેલું અક્ષરધામના નિર્માણને પાંચ વર્ષ જેટલો સમય લાગ્યો. અગિયાર હજાર શિલ્પીઓ અને સ્વયંસેવકોના ૩૦ કરોડ માનવ કલાકોની મહેનતને અંતે ભારતીય શિલ્પકલાનું એક ઉત્કૃષ્ટ પરિસર તૈયાર થયું છે.

વ્યવસ્થાપનના વિષયના વિદ્યાર્થીઓ અહીંથી મોટા પ્રમાણમાં વ્યવસ્થાપનનું જ્ઞાન મેળવી શકે એટલો સુંદર વહીવટ ધરાવતું આ પરિસર ભારતીય શિલ્પ, કલા અને સંસ્કૃતિનું સુંદર દર્શન કરાવે છે. પરિસરમાં દાખલ થતાં જ દસેય પૃથ્વીની દિશાઓમાં સમગ્ર સૃષ્ટિમાં જે માંગલિક છે, દિવ્ય છે જે દર્શનાર્થીના જીવનમાં પ્રવેશે એવી શુભ ભાવના પ્રગટ કરતાં દસેય દિશાઓના પ્રતીક સમાન દસ દ્વારોમાં પ્રવેશ કરાય છે. આ પછી આપણને ભક્તિભાવના એક અનોખા વિશ્વમાં લઈ જતાં ભક્તિદ્વારમાં થઈ દેશના રાષ્ટ્રીય પક્ષી મોરના જુદા જુદા ૮૬૧ શિલ્પો ધરાવતાં મયૂર દ્વારમાં પ્રવેશ કરાવાય છે. આ મયૂરદ્વાર ભારતીય શિલ્પકલાની એક સુંદરતમ કૃતિ છે.

આ પછી આ વિશાળ પરિસરના મધ્યમાં જ સુંદર ભવ્ય અક્ષરધામ મંદિરના દર્શન થાય છે. ગુલાબી પથ્થર અને સફેદ સંગેમરમરના સંયોજનથી તૈયાર કરાયેલા આ વિશાળ મંદિરમાં ૨૩૪ શિલ્પાંકૃત સ્તંભ, એક વિશાળ ઘુમ્મટ-મંડપ, ૨૦ ચતુષ્કોણ શિખર અને ૨૦,૦૦૦ થી પણ વધારે કલાત્મક શિલ્પો દર્શનાર્થીનું મન મોહી લે છે. આ મંદિર ૧૪૧ ફૂટ ઊંચું, ૩૧૬ ફૂટ પહોળું અને ૩૫૩ ફૂટ લાંબુ છે. લોખંડના કોઈપણ ઉપયોગ વગર તૈયાર કરાયેલાં આ મંદિરમાં પ્રાચીન ભારતીય પરંપરાને પુનર્જીવિત કરવાનો સુંદર પ્રયાસ કરાયો છે.

મંદિરના મધ્યમાં જ સ્વામિનારાયણ ભગવાનની ૧૧ ફૂટ ઊંચી પંચધાતુથી નિર્માણ કરાયેલી સુંદર મૂર્તિ આંખોને ગમી જાય એવી છે. સુંદર કલાકૃત સિંહાસન પર આ મૂર્તિને બિરાજમાન કરાઈ છે. સાથે સાથે લક્ષ્મીનારાયણ, રામ-સીતા, કૃષ્ણ-રાધા અને શિવ-પાર્વતીની પણ સુંદર સંગેમરમરની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાઈ છે.

આ મંદિરમાં જ ભારતીય સ્થાપત્ય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ જેમાં પાંચરાત્ર આગમશાસ્ત્ર મુજબના ૨૪ કેશવ સ્વરૂપોના શિલ્પ, સંગેમરમરના કલામંડિત સ્તંભો ઉપર સંતો-ભક્તોના શિલ્પ, સહજાનંદ સ્વામીના દીક્ષાર્થી ૫૦૦ પરમહંસોની સેવારત વિવિધ મૂર્તિઓ, સંગેમરમરના ૩૫ ફુટ ઊંચા લીલામંડપ, ભક્ત મંડપ, સ્મૃતિ મંડપ, ઘનશ્યામ મંડપ, નીલકંઠ મંડપ, સહજાનંદ મંડપ, સ્વામિનારાયણ મંડપ અને પરમહંસ મંડપની શિલ્પકૃતિઓ પણ મનોહર છે.

મંદિરના દર્શન પછી દર્શનાર્થીઓને વિવિધ ઝાંખીઓના દર્શન કરાવાય છે. જેમાં રોબોટિક એનીમેટ્રોનિક્સ, દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી વિવિધ ડાયરોઓમાના માધ્યમથી શ્રદ્ધા, અહિંસા, શાંતિ અને દયા જેવાં સનાતન મૂલ્યોની રજૂઆત કરતાં સહજાનંદ સ્વામિના જીવન પ્રસંગોની અદ્ભુત રજૂઆત કરાઈ છે. સહજાનંદ સ્વામિએ પોતાના બાલ્યકાળ નીલકંઠ સ્વરૂપમાં સાત વર્ષ સુધી ૧૨,૦૦૦ કિલોમીટરની ભારતયાત્રા કરી હતી તેની ૪૦ મિનિટની ફિલ્મ પણ અહીં એક વિશાળ પડદા પર દર્શાવાય છે. આ પછી ૧૪ મિનિટના નૌકાવિહાર દ્વારા પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવતા વિવિધ ડાયરોમા મારફત કરાવાય છે જે દ્વારા ભારતનો ગૌરવપૂર્ણ ઈતિહાસને આપણી સમક્ષ રજૂ કરાયો છે.

આ ઉપરાંત યોગી હૃદય કમલ, ભારત ઉપવન સાંસ્કૃતિક ઉદ્યાન પણ જોવાલાયક છે. અહીં શુદ્ધ સાત્ત્વિક આહાર પીરસતું એક સુંદર પ્રેમવતી આહાર ગૃહ પણ છે.

આમ, આ પરિસર ભારતીય સંસ્કૃતિનું પૂર્ણ દર્શન કરાવે છે.

*'ભૂમાનિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે, રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૯૩*
*મો. : ૯૯૯૮૨૨૦૪૭૮*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

કચ્છ

## વૂડ ફોસિલ પાર્ક

# કચ્છની ધરતીમાં ધરબાયેલું ૧૮ કરોડ વર્ષ જૂનું રતન

• લલિત ખંભાયતા •

ધોળાવીરાથી દસેક કિલોમીટર દૂર કચ્છનું ધોળું રણ શરૂ થાય છે. એ રણની સરહદે જ 'કચ્છ વૂડન ફોસિલ પાર્ક' નામનો નાનકડો વિસ્તાર આવેલો છે. છેક જુરાસિક યુગમાં લઈ જતો એ એકાદ ચોરસ કિલોમીટરનો વિસ્તાર પ્રવાસીઓથી સદંતર અજાણ છે. એટલે લોકો ત્યાં જવાનું અને એ પછી પ્રાગ્ ઐતિહાસિક યુગની સફર કરવાનું ચૂકી જાય છે...

ધોળાવીરાથી થોડે સુધી ડામર રસ્તો, પછી ઊંચો-નીચો થતો કાચો રસ્તો, ફરી ડામર રસ્તો અને રસ્તાના કાંઠે જર્જરિત થયેલું બોર્ડ. બોર્ડમાં આડા-તેડા અક્ષરે લખેલું છે, 'ફોસિલ પાર્ક...'

અહીં કયો ફોસિલ પાર્ક હશે?

**આમ તો આખો કચ્છ જિલ્લો જ ફોસિલ એટલે કે ધરતીમાંથી મળી આવતા અવશેષોનો ગઢ છે.** પણ ઘણા-ખરા અવશેષો કચ્છના પશ્ચિમ વિસ્તારમાંથી મળ્યા છે. ધોળાવીરા જેવો ઉત્તર-પૂર્વનો વિસ્તાર કરોડો વર્ષ જૂના અવશેષો માટે સંશોધકો સિવાય ખાસ જાણીતો નથી. તો પછી અહીં શેનો ફોસિલ પાર્ક હશે?

ટેકરી પસાર કર્યા પછી તેનો જવાબ મળે એ પહેલાં જ નજર સામે નવું જગત ખડું થાય છે. દૂર સુધી ફેલાયેલું ધોળું, સફેદ ચળકતું રણ, રણ વચ્ચે ભરાયેલું પાણી, પાણી વચ્ચે અણનમ ઊભેલો ભાંજડો ડુંગર... જાણે અચાનક જ ધરતીનો છેડો આવી ગયો હોય એવું એ દૃશ્ય. ભૂખરા કલરની ટેકરીઓ, લીલી-પીળી વનસ્પતિ અને કાબર-ચીતરો સિમેન્ટનો રસ્તો એક તરફ, બીજી તરફ નજર પડે ત્યાં સુધી દેખાતું સફેદ રણ.

ડુંગરનો ઢોળાવ પૂરો થાય ત્યાં વિશાળ, દેખાવે જ જુદી દુનિયાના લાગે તેવા કદાવર કાળમિંઢ પથ્થરો કોઈએ ગોઠવ્યા હોય એમ પડ્યા છે. એ પથ્થરો જ છે, આપણો ભુલાયેલો કાષ્ઠાવશેષનો સંરક્ષિત એરિયા એટલે કે ફોસિલ પાર્ક...

૨૦૦૬ના ડિસેમ્બરમાં રાપરના રેન્જ ફોરેસ્ટ ઓફિસર અશોક બી. ખમાર અને તેમનો સ્ટાફ ખડીરના છેડે આવી પહોંચ્યો હતો. નજીકમાં આવેલી બી.એસ.એફ.ની ચોકી પાસે દર વર્ષે તેઓ પર્યાવરણ શિક્ષણ શિબિર કરતાં હતાં. સ્કૂલનાં બાળકો એ શિબિરમાં ભાગ લેવા આવી પહોંચ્યાં હતાં. ટૂંકમાં વન-વિભાગ માટે એ પ્રવાસ રૂટિન હતો.

ચોકીથી શરૂ કરીને સફેદ રણના કાંઠે ચાલતાં ચાલતાં બાળકો બે-ત્રણ કિલોમીટરનું ટ્રેકિંગ કરે, દરમિયાન પ્રકૃતિનું શિક્ષણ મેળવે, પોતાને થતા સવાલો પૂછે અને બપોર થાય ત્યાં વન-વિભાગે બનાવેલા તળાવે આવીને વિશ્રામ કરે. વન-વિભાગે પહેલેથી જ ત્યાં એક કૃત્રિમ તળાવ તૈયાર કરી દીધું હતું. એટલે ડુંગર અને સફેદ રણ વચ્ચે નાનકડું, તળાવ બ્રેક લેવા માટે બેસ્ટ જગ્યા હતી. વળી દૂર સુધી દેખાતું સફેદ રણ કોઈ પણને ત્યાં થંભી જવા મજબૂર કરે એમ છે.

એ વખતે જ એક વિશાળ પથ્થર જોઈને વન-ખાતાના કર્મચારી પ્રભુ કોળી પણ થંભી ગયા. કદાવર રતુમડા કલરના પથ્થર સાથે બીજો એક લાંબો પથ્થર જોડાયેલો દેખાતો હતો. પણ બન્નેની રચનામાં થોડો ફરક હતો. આડો પડેલો પથ્થર જાણે ખવાઈ ગયો હોય એમ ત્રૂટક ત્રૂટક હાલતમાં હતો. પ્રભુ કોળીએ તુરંત તેના ઉપરી અધિકારી એ.બી. ખમારને જાણ કરી. પથ્થર કે જૂના અવશેષો એ ખમારનો પણ વિષય ન હતો. પરંતુ તેમને એટલી સમજણ પડી કે આ રચના છે કંઈક જુદી ભાતની!

ખમારે તુરંત એ પથ્થરના કેટલાક અવશેષો લઈને વડોદરાની 'સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી' ના ભૂસ્તશાસ્ત્ર વિભાગને મોકલ્યા. **'ડિપાર્ટમેન્ટ ઓફ જિઓલોજી' ના પ્રોફેસર કે.સી. તિવારીએ અવશેષો જોઈને પ્રાથમિક તારણ આપ્યું કે આ કોઈ વૃક્ષના અવશેષો છે અને ઓછામાં ઓછાં પાંચેક કરોડ વર્ષ જૂના છે!**

ઓહ, એ તો ભારે સરપ્રાઈઝિંગ વાત હતી.

પણ માત્ર અંદાજના આધારે અવશેષોની તપાસ થઈ શકે એમ ન હતી. એટલે તિવારીએ એ જુનવાણી પથ્થરોને વધુ અભ્યાસ માટે પૂનાની 'ડેક્કન કૉલેજ' ને મોકલ્યા. લખનૌની 'બિરલા ઈન્સ્ટિટ્યૂટ ઓફ પેલિઓબાયોલોજી' પણ અભ્યાસમાં જોડાઈ. **સૌ એટલું તો સમજી ચૂક્યા જ હતા કે આ અવશેષો કચ્છ**

**કે ગુજરાત કે ભારત જ નહિ, દુનિયાના પુરાતન ઈતિહાસ માટે પણ મહત્ત્વના છે.**

**લાંબાં સંશોધનો, સરખામણીઓ, અવશેષોની તપાસ પછી ચુકાદો આવ્યો. એ પ્રમાણે પથ્થર સાથે આડો પડેલો એ અવશેષ હકીકતે એક વૃક્ષ હતું. અને એ પણ ૧૮.૭ કરોડ વર્ષ પુરાતન વૃક્ષ!** પ્રોફેસર તિવારી એ અંગે વધુ વિગત ઉમેરતાં કહે છે, 'આ વૃક્ષનું થડ અહીં તણાઈને આવ્યું હશે. વળી એ એક જ મોટું છે, એટલે દેખાય છે. બાકી તો કુલ મળીને ૧૮-૧૯ કાષ્ઠાઅવશેષો (વૂડન ફોસિલ) પાર્કમાં સચવાયેલો છે. પણ પાર્ક ખુલ્લો છે, એટલે તેને વહેલી તકે માથે છાપરું બાંધી દેવું જોઈએ.'

**જેસલમેર પાસે રણમાં આકલ નામનો વિસ્તાર છે. ત્યાંથી પણ આવા જ અને આટલા જૂના લાકડાના અવશેષો મળ્યા છે. મતલબ કે સમગ્ર પશ્ચિમ ભારતની ધરતી આવા અવશેષો ધરબીને બેઠી હોઈ શકે.** એ સમયનું પર્યાવરણ, વાતાવરણ, વૃક્ષવેલા ઊગવાની પેટર્ન, ધરતીમાં આવેલા બદલાવો, જમીનનું બંધારણ અને ખાસ તો આપણા સૌ માનવીઓનો ઈતિહાસ સમજવામાં આવા અવશેષો કામ લાગે. માટે તેનું મહત્ત્વ અનેરું છે. એ અવશેષો માત્ર લાકડાના ટુકડાં નથી, પણ ૧૮-૧૯ કરોડ વર્ષ પહેલાંનાં ઈતિહાસનાં પાનાં છે. વિજ્ઞાનની ભાષામાં આ અવશેષ 'પેટ્રિફાઈડ વૂડ્સ' તરીકે ઓળખાય એટલે કે પથ્થર-ખડક સાથે મિક્સ થઈ ગયેલા વૃક્ષના અવશેષો. કરોડો વર્ષ જૂના અવશેષો એ રીતે જ મળતા હોય છે, કેમ કે ધરતીના પેટાળમાં અનેક ફેરફારોના એ અવશેષો સાક્ષી રહ્યા હોય છે.

સૌથી પહેલા અવશેષ જેના ધ્યાનમાં આવ્યા એ જંગલ અધિકારી ખમારના કહેવા પ્રમાણે આ વિસ્તાર મૂળ તો ભૌગોલિક ઊથલપાથલનો સાક્ષી રહ્યો છે. એટલે વારંવાર સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળના સંજોગો ઊભા થયા છે. **એલેક્ઝાન્ડર અહીંથી પસાર થતો હતો ત્યારે તેને ભયંકર ત્સુનામીનો સામનો કરવો પડ્યો હતો.** એ પછી ૧૯મી સદીમાં પણ કચ્છમાં તોતિંગ ભૂકંપ આવ્યો હતો અને ત્યારે સિંધુ નદી કચ્છમાંથી વહેણ બદલીને પાકિસ્તાન જતી રહી હતી. આજે રણ હોવા છતાં કચ્છમાં દરિયાની માફક પાણી ભરાય છે. એ બધાને કારણે દુનિયામાં ક્યાંય ન હોય એવું કુદરતી વૈવિધ્ય અહીં એકઠું થયું છે.

આડું પડેલું વૃક્ષ દસેક મીટર લાંબુ અને ક્યાંક અડધો મીટર તો ક્યાંક એક મીટરની ત્રિજ્યા ધરાવે છે. કરોડો વર્ષ જૂનું છે, છતાં જોઈને ઓળખી શકાય કે આ કોઈ વૃક્ષ છે અને અવશેષો થઈને પડ્યું છે. વૃક્ષ સિવાય પથ્થરના આકારો પણ અત્યંત આકર્ષક અને વૈવિધ્યપૂર્ણ છે. જેમ કે એક પથ્થર કાચબા આકારનો છે અને દરિયાકાંઠે એ રીતે પડ્યો છે, જાણે કાચબો પાણીમાં જઈ રહ્યો હોય. ખડકો ખવાઈ ખવાઈને વિવિધ રંગ-રૂપના થયા છે. જમીન પર જાણે મેક-અપ કર્યો હોય એવાં ચકામાં રચાયાં છે. ખડકો વચ્ચે પણ ગૂગળ ઊગી નીકળ્યો છે. ત્રાંસમાં મોહનથાળ ગોઠવીને કાપા પાડ્યા હોય એમ કુદરતી રીતે જ ખડકો પર કાપા રચાયા છે. તો વળી કેટલાક ખડકો ટેરાકોટાની રચના હોય એવા લાગે છે. પરંતુ આ સ્થળનો પૂરતો અભ્યાસ થયો નથી.

રાપર વટાવ્યા પછી રામપર પાસે ખડીર ટાપુ શરૂ થાય છે. એ ટાપુ જ્યાં પૂરો થાય ત્યાં આ ફોસિલ પાર્ક આવેલો છે. એ પછીનો વિસ્તાર નિર્જન છે અથવા તો 'બોર્ડર સીક્યુરીટી ફોર્સ (બી.એસ.એફ.)' ના કબજામાં છે. એટલે સ્થાનિક જાણકારો સિવાય કોઈ ત્યાંથી બહુ આગળ વધ્યું હોય એવી શક્યતા ઓછી છે. હા, થોડે દૂર પાણીથી ઘેરાયેલો ભાંજડો ડુંગર દેખાય છે. તેના પર ભોંજડાદાદાનું મંદિર છે. પણ વર્ષનો ઘણોખરો સમય પાણી ભરાયેલું રહેતું હોવાથી ત્યાં જવું અઘરું છે. પાણી સુકાયું હોય એ વખતે કાળઝાળ ઉનાળામાં જઈ શકાય. બાકી તો કુદરતે જ એ બેટને માનવીય દખલીગીરીથી દૂર રાખ્યો છે.

આ કાંઠો નિર્જન છે, શાંત છે અને સાફ પણ છે. અહીં ભાગ્યે જ કોઈ આવે છે, એટલે કોઈ જાતની ગંદકી મળવાનો સવાલ નથી. વળી ક્યાંક ક્યાંક કચરાપેટીઓ પણ મૂકી છે. એટલે લોકો ધરાર ન ઇચ્છે ત્યાં સુધી ગંદકી થવાનું કોઈ કારણ નથી. વનવિભાગે દાયકા પહેલા તૈયાર કરેલું નાનકડું તળાવ કે પછી તળાવડી આજેય યથાવત છે અને તેમાં પાણી ભરાયેલું છે. રણનાં સફેદ પાણી અને ડુંગર વચ્ચે મોટો લીલો કાચ ગોઠવ્યો હોય એવું એ તળાવ લાગે છે.

**સ્થળનું મહત્ત્વ પારખીને 'જિઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા' એ અહીં ફોસિલ પાર્ક સ્થાપી દીધો છે. પાર્ક ફરતે ફેન્સ બનાવેલી છે. વચ્ચે જ્યાં એ જુનવાણી વૃક્ષ અઢારેક કરોડ વર્ષથી આડે પડખે પડ્યું છે, ત્યાં વળી બીજી ફેન્સિંગ વાડ કરેલી છે.** કેટલાક અવશેષો કાચબંધ પેટીમાં તાળુ મારીને રખાયા છે. પાર્ક બહાર એક બોર્ડ લગાવેલું છે. અલબત્ત, કુદરત જે વૃક્ષાવશેષોને ૧૮ કરોડ વર્ષથી સાચવીને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)**

સમાજની ક્ષિતિજો

# અવગણાયેલા મહામાનવો

• મુરજી ગડા •

મહાકાવ્યો લખનાર ઋષિ-કવિ લોકમાનસમાં અમર થઈ ગયા છે. એમના માનસ પુત્રો અને પુત્રીઓ (પાત્રો) એમના કરતાં પણ વધારે અમર થઈ ગયા છે. ઘણા રાજાઓ, સેનાપતિઓ, તત્ત્વજ્ઞાનીઓ, દાર્શનિકો ઈત્યાદિ પણ વત્તે ઓછે અંશે અમર થઈ ગયા છે. વાર્તાકાર અને એમના વાસ્તવિક તેમજ કાલ્પનિક પાત્રો (ટારઝન, સુપરમેન, શેરલૉક હોમ્સ વગેરે) પણ અમર થઈ ગયા છે. વર્તમાનમાં પ્રસિદ્ધિની ટોચ પર પહોંચેલી રમતગમત અને મનોરંજન ક્ષેત્રની થોડી વ્યક્તિઓ પણ આગળ જતાં અમર થઈ શકે છે.

આ બધા ક્ષેત્રની વ્યક્તિઓ કરતાં માનવ જીવનને પ્રત્યક્ષ રીતે વધારે સ્પર્શી ગયેલી વ્યક્તિઓ પાઠ્યપુસ્તકો સિવાય સદંતર વિસરાઈ ગઈ છે. આ અવગણાયેલ વ્યક્તિઓ છે વૈજ્ઞાનિકો અને સંશોધકો. **આપણી આસપાસ માનવસર્જિત જે પણ દેખાય છે તે તમામ આ લોકોની સાધના અને મહેનતનું ફળ છે.** આ લોકોએ પોતાનું કાર્ય ન કર્યું હોત તો આજે પણ આપણે ગુફાઓમાં રહેતા હોત, ઝાડના પાનફળ ખાતા હોત અને શરીરે ચામડું લપેટતા હોત.

ગુફામાંથી બેઠા ઘરો અને પછી બહુમાળી ઈમારતો સુધી આપણને પહોંચાડનાર બધા લોકો ભૂલાઈ ગયા છે. આજ રીતે પહેરવેશ, ખોરાક અને અન્ય જીવન જરૂરિયાતની પાયાની ચીજો પાછળ પણ આવા જ અગણિત ગુમનામ લોકો રહેલા છે. વીસરાઈ ગયેલા આવા અસંખ્ય લોકોમાંથી હજી કંઈક યાદ હોય એવા નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા થોડા લોકો અને એમના કાર્ય વિશે જાણીએ.

વૈજ્ઞાનિકોની વાત આવે એટલે સૌથી પહેલાં **આલ્બર્ટ આઈન્સ્ટાઈન** નું નામ લેવાય છે. એ કદાચ વીસમી સદીના સૌથી વધુ બુદ્ધિશાળી પુરુષ હતા. એમની શોધોએ પ્રત્યક્ષ રીતે આપણી જિંદગી પર હજી સુધી ખાસ અસર કરી નથી. એ થવાની હજી બાકી છે.

આધુનિક શોધખોળોના પાયામાં સૌથી વધારે યોગદાન રહ્યું છે **આઈઝેક ન્યૂટન**નું. એમનું નામ જેમણે પણ સાંભળ્યું છે તેઓ એમને **ગુરુત્વાકર્ષણ**ના શોધક તરીકે ઓળખે છે. તે એમની એક મહત્ત્વની શોધ ખરી પણ તે સિવાય એમણે ભૌતિકશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર, ગણિત, ખગોળ વગેરે વિષયોમાં ખૂબ ઉપયોગી કામ કર્યું છે. પાછળથી થયેલી ઘણી શોધો એમના સ્થાપિત સિદ્ધાંતો પર રચાયેલી છે. કહેવાય છે કે ત્રણસો વરસ પહેલાં થઈ ગયેલ આ યુગપુરુષ દુનિયામાં આજ સુધી થઈ ગયેલા લોકોમાં સૌથી વધુ બુદ્ધિશાળી હતા.

**કાગળની શોધ આશરે બે હજાર વરસ પહેલાં ચીનમાં થઈ હતી.** બીજા દેશોમાં પહોંચતા એને કેટલીક સદીઓ લાગી. આ અગત્યની શોધનો ખરો લાભ **છાપખાનું** શોધાયું ત્યાર પછી જણાયો. છાપખાનાની શોધનો યશ આશરે છસો વર્ષ પહેલાં થઈ ગયેલ **જોહાનીસ ગુટેનબર્ગ** ને ફાળે જાય છે. આને લીધે જ્ઞાન અને માહિતી વધુ લોકો પાસે ઝડપથી પહોંચવા લાગી. એના લીધે સાક્ષરતામાં વધારો થયો. ભારતમાં એનો ખરો લાભ સદીઓ પછી અંગ્રેજોના વખતથી થયો છે. એ સાથે, ભારતના સંદર્ભમાં, લખવા વાંચવાનો બ્રાહ્મણોનો ઈજારો જતો રહ્યો. જન સમુદાયને પોતાની રીતે જ્ઞાન મેળવવું શક્ય બન્યું છે.

આજના સમયમાં થોડીવાર માટે પણ વીજળી જતી રહે તો આપણો બધો વ્યવહાર અને વ્યવસ્થા ખોરવાઈ જાય છે. આ વીજળીની શોધ અને એના જુદા જુદા ક્ષેત્રોના ઉપયોગ પાછળ પચાસ જેટલા મુખ્ય સંશોધકોનું યોગદાન છે. વીજળીના અગણિત ઉપયોગોમાંથી મુખ્ય છે પ્રકાશ, ઈલેક્ટ્રિક મોટર, ટેલિફોન વગેરે.

વીજળીની લાઈટ શોધનાર **થોમસ એડિસન** નું નામ પ્રમાણમાં વધુ જાણીતું છે. એમણે રાતના અંધારાનું વર્ચસ્વ ઘટાડી નાખ્યું અને કામના કલાકો વધારી આપ્યા. ચોવીસે કલાક ચાલુ રાખવી પડે એવી જીવન જરૂરિયાતની પ્રવૃત્તિ વીજળીને લીધે શક્ય બની છે.

કોઈપણ મશીન ચલાવવા માટે ઈલેક્ટ્રિક મોટરની જરૂર પડે છે. એના વગર આપણાં બધાં કારખાનાનાં યંત્રો ચાલી ન શકે. તેમજ ઘરમાં વપરાતાં સાધનો પણ શક્ય ન બને. આ મોટરની શોધનો યશ મુખ્યત્વે **માઈકલ ફેરાડે** ના નામે જાય છે. મોટરથી ચાલનાર દરેક યંત્ર પાછળ વળી બીજા જ કોઈ વૈજ્ઞાનિકનો ફાળો છે.

દુનિયાને ટેલિફોન આપનાર **એલેક્ઝાન્ડર ગ્રેહામ બેલ** નું નામ પણ કંઈક જાણીતું છે. એના લીધે દૂર બેઠેલી

વ્યક્તિઓ વચ્ચે તાત્કાલિક વાતચીત શક્ય બની. સંદેશ વ્યવહાર ખૂબ સરળ અને કાર્યદક્ષ બન્યો.

ટી.વી.ના આગમન પહેલાં લાંબા સમય માટે રેડિયોની બોલબાલા હતી. એની શોધનો યશ **માર્કોની** ના ફાળે જાય છે. રેડિયોએ હવે ભલે એનું મહત્ત્વ ગુમાવ્યું હોય પણ ત્યાર પછીનો બધો વાયરલેસ સંદેશ વ્યવહાર માર્કોનીની શોધ પર આધારિત છે.

બધા વાહનોમાં વપરાતાં પેટ્રોલ અને ડીઝલ એન્જિનના શોધક **નિકોલસ ઓટો** અને વરાળથી ચાલતા એન્જિન શોધનાર **જેમ્સ વૉટ.** આ બે જણાએ વાહન વ્યવહાર બદલાવી દીધો છે. ત્યાર પછી **રાઈટ બંધુઓ** એ વિમાનની શોધ કરી દુનિયાને નાની બનાવવામાં મોટી હરણફાળ ભરી છે.

આ થોડી રોજબરોજના વપરાશની મુખ્ય શોધોની વાત થઈ. આ બધી શોધખોળો આજથી સો અને બસો વરસ પહેલાંના સમયગાળામાં થઈ છે. ભારતના સૌથી વિશાળ એવા મોગલ સામ્રાજ્યના શક્તિશાળી સમ્રાટોએ આ કોઈપણ સાધનો વિશે સાંભળ્યું સુદ્ધાં નહોતું.

આ ઉપરાંત આરોગ્ય અને ચિકિત્સા ક્ષેત્રે પણ આજ સમય દરમિયાન ખૂબ અગત્યની શોધો થઈ છે. **એલેકઝાંડર ફ્લેમિંગે** શોધેલ પેનિસિલીનને લીધે જાતજાતના ચેપ સામે રક્ષણ મળ્યું છે. **વિલિયમ મોર્ટને** શોધેલ એનેસ્થેસિયાને લીધે શસ્ત્રક્રિયા શક્ય અને સહ્ય બની છે. તે ઉપરાંત વિવિધ ચેપી રોગો સામે રક્ષણ આપતી રસીઓ, ટીસ્યુ કલ્ચર, જર્મ થિયરી, ડી.એન.એ., એક્સ-રે, એન્ટી બાયોટિક વગેરે શોધોએ ચિકિત્સા ક્ષેત્રને સમૂળગું બદલાવી દીધું છે.

આ શોધોના પરિણામે ચેપી રોગથી મરતા લાખો લોકો બચી ગયા છે. શીતળા જેવો રોગ દુનિયામાંથી સદંતર નાબૂદ થઈ ગયો છે અને બીજા બધા રોગોના ઉપચાર શક્ય બન્યા છે. બાળમૃત્યુનું પ્રમાણ ઘણું ઘટી ગયું છે અને માણસોની સરેરાશ આવરદા બે-ત્રણ ગણી થઈ ગઈ છે.

આ બધાના પરિણામસ્વરૂપ થયેલ વસતિ વિસ્ફોટનું નિવારણ પણ શોધી કઢાયું છે. ગર્ભનિરોધક ગોળીઓ અને અન્ય સાધનોએ વસતિ નિયંત્રણ ઉપરાંત સ્ત્રીઓનો પ્રસૂતિ આધારિત ઊંચો મૃત્યુદર ઘટાડી એમના સ્વાસ્થ્ય અને આવરદાને ઘણી વધારી છે.

આપણને પ્રત્યક્ષ અસર કરતા આ થોડાં ઉદાહરણ છે. પરોક્ષ રીતે અસર કરતી શોધો આનાથી અનેકગણી વધારે છે. દરેક વસ્તુને વધારે અસરકારક અને કાર્યક્ષમ બનાવવાના પ્રયાસો સતત થઈ રહ્યા છે. જો બધા વૈજ્ઞાનિક અને સંશોધકોનું લિસ્ટ બનાવવા જઈએ તો એક દળદાર પુસ્તક બની જાય. એ ઉપરાંત કેટલાયે એવા સંશોધકો છે જેમના નામની દુનિયાને ખબર સુદ્ધાં નથી.

આ ભૌતિક ઉપકરણોની શોધ જે પાયાના સિદ્ધાંતો પર રચાયેલી છે તે સિદ્ધાંતો ઘડનાર વૈજ્ઞાનિકોનું યોગદાન પણ એટલું જ મહત્ત્વનું છે. એમની નામાવલીમાં જવાનું હમણાં ટાળીએ. આપણી જીવનશૈલીમાં બધું જ માનવસર્જિત છે. ખાવાનું અનાજ સુદ્ધાં. આને ભૌતિકવાદ કહેતા લોકો પોતે એનો જેટલો પણ લાભ મળે એટલો લેવાનું ચૂકતા નથી.

આ બધા ઉપરાંત **ગેલેલિયો, કોપરનિક્સ, હબલ, ચાર્લ્સ ડાર્વિન, સિગમંડ ફ્રોઈડ** વગેરે જેવાઓએ આપણી બાહ્ય દુનિયા અને આંતરમન વિશેની પ્રચલિત માન્યતાઓને ધરમૂળથી બદલાવી દીધી છે.

તાજેતરમાં શોધાયેલી **કમ્પ્યુટર, ઈન્ટરનેટ, સ્માર્ટ ફોન અને સ્ટેમ સેલ** જેવી શોધોનો પૂરો વ્યાપ હજી હવે ખબર પડવાનો છે. નીત નવી શોધોનો અહીં અંત નથી આવતો. બધું ક્યાં પહોંચશે એની કોઈને ખબર નથી. ભવિષ્યની કલ્પના કરતા ઘણા પુસ્તકો લખાયા છે, ફિલ્મો બની છે અને બનતી રહેવાની છે. એ બધી અત્યારે કોઈકની કલ્પનાઓ છે, આજની વાસ્તવિક્તા નથી. એવું ભવિષ્યમાં થઈ શકે છે અને ન પણ થઈ શકે.

એ જ રીતે ભૂતકાળમાં ત્યારના ભવિષ્ય વિશે જે પણ લખાયું છે એમાંની ઘણી બાબતો તે વખતની વાસ્તવિક્તા નહીં પણ કવિકલ્પના હોવાની શક્યતા ઘણી વધારે છે. આના અનુમોદનમાં પુષ્પક વિમાન, પવન પાવડી, સંજય દૃષ્ટિ જેવા ઘણા દાખલા આપી શકાય.

આગળ વર્ણવેલ બધા લોકો વૈજ્ઞાનિક અને સંશોધક ઉપરાંત સાધક અને તપસ્વી પણ હતા. આ સિદ્ધિઓ એમને કોઈ મંત્રનો જાપ જપવાથી નથી મળી, કે કોઈ મંદિરના ઘંટ વગાડવાથી નથી મળી. પૂજા પાઠ કરવાથી, જાત્રાઓ કરવાથી, શિબિરોમાં જવાથી કે બાધા આખડીઓ રાખવાથી પણ નથી મળી.

**આવી શોધો કરવા માટે રાત દિવસ જોયા વગર અભ્યાસ ખંડમાં અને પ્રયોગશાળામાં જાત ઘસી નાંખવી પડે છે.** એ માર્ગે કેટલીયે નિષ્ફળતાઓને પચાવવી પડે છે. એમાં કૌટુંબિક જીવનનો ભોગ દેવાય છે અને ઘણી વખત આર્થિક પાયમાલી પણ નોતરવી પડે છે. ફક્ત પોતાના આત્માના ઉદ્ધાર માટે નહીં પણ સમસ્ત માનવજાતના લાભ માટે કરેલી

આ એમની સાધના અને તપસ્યા છે.

એક માન્યતા એવી છે કે બધાનું ભવિષ્ય જન્મ સાથે જ નક્કી થયેલું હોય છે અને એ બદલી શકાતું નથી. આ મહામાનવોએ ફક્ત પોતાનું જ નહીં પણ સમગ્ર માનવજાતનું ભવિષ્ય બદલ્યું છે. **પોતાની મહેનતનો લાભ પોતા પૂરતો મર્યાદિત રાખવાનો સ્વાર્થ નથી દાખવ્યો.**

આ શોધખોળોની વિશેષતા એ છે કે, એક ચીનના અપવાદ સિવાય, એ બધી જ પશ્ચિમના દેશોમાં થઈ છે. આની પાછળ એમની સવાલો કરી, એના ઉત્તર મેળવવા માટે જાતમહેનત અને પ્રયોગો કરવાની વૃત્તિ રહેલી છે. રાજકીય કારણોસર અંગ્રેજો સાથેના દ્વેષથી પ્રેરાઈને આપણે વિચાર્યા વગર પશ્ચિમના દેશોની બધી બાબતોનો આંધળો વિરોધ કરતા આવ્યા છીએ. જ્યારે એમની મહેનતનું ફળ ભોગવવામાં જરાય સંકોચ કરતા નથી.

સદીઓથી અવગણાયેલ આ વર્ગનું છેલ્લા સો વરસથી જાહેર સન્માન થવા લાગ્યું છે. આવા સન્માનોમાં સૌથી વધુ પ્રતિષ્ઠિત છે, દર વર્ષે અપાતું **નોબલ પ્રાઈઝ.** એનાથી એમને કદર અને કલદાર બંને મળે છે. હવે સંશોધકોને આપવો પડતો ભોગ ઘણો ઓછો થયો છે અને મળતું વળતર પણ વધ્યું છે. આ સ્વીકાર-સન્માન હજીયે મર્યાદિત વર્તુળમાં સીમિત છે. જનસમુદાય હજી એમના પ્રત્યે ઘણો ઉદાસીન છે.

ભૂતકાળમાં સ્વીકાર-સન્માન તો દૂર રહ્યા, સર્વ સ્વીકૃત માન્યતાથી અલગ કહેનારને ઘણું સહન કરવું પડતું હતું. એવું કહેનારને ક્યારેક જેલવાસ તો ક્યારેક દેહાંત દંડ પણ મળ્યો છે. આજે પણ જૂનવાણી સમાજોમાં રૂઢિગત માન્યતાથી અલગ વિચારનાર દંડાય છે.

ઘણી વખત સાંભળ્યું અને વાંચ્યું છે કે પ્રથમ જૈન તીર્થંકર ઋષભદેવે માણસોને ખેતી કરતા શિખવાડ્યા છે. ખોરાક પાછળ ભટકવા કરતાં સ્થાયી થઈ ખેતી કરવી એ માનવ ઉત્ક્રાંતિનું ખૂબ અગત્યનું પગથિયું હતું. આગળના કથનને બીજી રીતે પણ જોઈ શકાય. જૈન વિચારધારાએ એક સંશોધક - વૈજ્ઞાનિક - તપસ્વીને તીર્થંકર ગણ્યા છે. આ ગૌરવની વાત છે. કોઈ પ્રગતિશીલ વાસ્તવવાદી ધર્માચાર્ય આ પરંપરાને આગળ ચલાવવા ઈચ્છે તો એમને એવા ઘણા સંશોધક - વૈજ્ઞાનિક - તપસ્વી મળી આવે. ફરક એટલો છે કે એ ભારતની ભૂમિ પર ઓછા અને અન્ય દેશોમાં ઘણા વધુ મળશે.

મૂળ સવાલ તરફ પાછા ફરીએ. ગીત ગાતા, ક્ષણિક મનોરંજન કરતા, ધનનો ઢગલો ભેગો કરતા, કથા - વાર્તા કરતા વગેરે લોકો લોકજીભે રહે છે અને એમનું સન્માન થાય છે. ક્યાંકથી મળી આવેલી અજાણી પથ્થરની મૂર્તિને નવું નામ આપી એને પૂજાય છે. **જ્યારે આપણી રોજબરોજની પ્રવૃત્તિઓને આટલી આસાન અને સગવડભરી બનાવી આપણી જિંદગી ધરમૂળથી બદલી નાંખનારાના નામ સુદ્ધાં કોઈને ખબર નથી કે જાણવાની દરકાર પણ નથી.**

રાજકીય, સામાજિક, ધાર્મિક વગેરે બધી જ વિચારધારાઓએ માનવ સમુદાયના મર્યાદિત વર્ગને પ્રભાવિત કર્યા છે. ઘણી વખત એકબીજા સાથે લડાવ્યા પણ છે. અવગણાયેલ મહામાનવોની મહેનતનું ફળ સમસ્ત માનવજાત ભોગવી રહી છે. બધા જ એમના ઋણી છે. એમનું યથાયોગ્ય સન્માન સૌની નૈતિક ફરજ બની જાય છે.

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

## વૂડ ફોસિલ પાર્ક

**(અનુસંધાન : પાના નં.-૪૫ ઉપરથી ચાલુ)**

બેઠી છે, તેની બહાર લાગેલું બોર્ડ જોકે ૧૮ વર્ષ પણ ટકી શકે એવું નથી. આજની તારીખે બોર્ડ જોઈને કોઈને ખબર પડે એમ નથી કે અહીં કરોડો વર્ષ પહેલાંની દુનિયા ધરબાયેલી છે. એમાંય જે વિસ્તારમાં પુરાતનકાલીન વૃક્ષનું થડ પડ્યું છે, ત્યાં સમ ખાવા પુરતીય એકેય સૂચના નથી. એટલે કોઈ આવીને ગોળાકાર, ઊંચા-નીચા, વિવિધ આકારના પથ્થરો પડ્યા છે, એટલું જોઈને જતું રહે તો પણ તેમને સ્થળનું ઐતિહાસિક મહત્ત્વ ક્યાંથી ખબર પડે?

**સરકારે રણોત્સવને ભારે પ્રસિદ્ધિ આપી છે. જો આ સ્થળને જરા સરખી રીતે સમજીને (સરકાર સમજે તો!) દિશા-દર્શનનાં પૂરતાં બોર્ડ મારે અને પબ્લિસિટી કરે તો પુરાતત્ત્વશાસ્ત્રીઓ, પુરાતત્ત્વ ભૂસ્તરશાસ્ત્રીઓ, પુરાતન વનસ્પતિશાસ્ત્રીઓનાં ધાડે-ધાડાં ત્યાં ઊતરી આવે એમ છે.** ફિલ્મના શૂટિંગ માટે પણ અહીં અદ્‌ભુત લોકેશન બની શકે એવી જમીન ખાલી પડી છે. પણ અત્યારે તો પાર્ક સુધીનો રસ્તોય માડં મળે એમ છે. પાર્ક વળી રેઢો પડ્યો છે. એટલે ત્યાં પહોંચ્યા પછી કોઈ માહિતી આપશે એવી આશા રાખી શકાય એમ નથી. **ગુજરાત અને ભારતના ઈતિહાસની અત્યંત મહત્ત્વની શોધ હોવા છતાં ૨૦૦૬ પહેલા આ વિસ્તારથી આખી દુનિયા અજાણ હતી અને આજે પણ અજાણ જ છે ને!**

અલબત્ત, અહીં આવ્યા પછી એટલું જરૂર લાગે કે ગુજરાતમાં આવું સ્થળ હોય એની તો કલ્પનાય કરવી મુશ્કેલ છે.

*(સૌજન્ય : 'ગુજરાત સમાચાર')*

વિચાર વિમર્શ

# વહેમ અને અંધશ્રદ્ધા એ આપણા મહાપ્રશ્નો છે

• ડૉ. યાસીન દલાલ •

હરિયાણાના હિસ્સાર ગામે એક ઢોંગી બાબાની માંડ ધરપકડ થઈ. રામપાલ મહારાજ તરીકે ઓળખાતા આ બાબાના આશ્રમમાં હજારો લાખો અનુયાયીઓ એમની સેવામાં હાજર હતા. અદાલતના ફરમાન મુજબ એમણે અદાલતમાં હાજર થવાનું હતું. પણ બહાર ઉભેલા હજારો અનુયાયીઓ પોલીસને દાખલ થવા દેતા નહોતા. પોલીસની સંખ્યા ચાલીસ હજારની હતી અને અનુયાયીઓની સંખ્યા પણ એનાથી અનેકગણી વધારે હતી. પહેલે દિવસે તો પોલીસ નિરાશ થઈને પાછી ફરી. અંતે ત્રીજે દિવસે આ બાબા હાથમાં આવ્યા. એમની ધરપકડ ૧૦ દિવસની સંતાકૂકડી પછી થઈ. આ આશ્રમમાં પાંચ મહિલાઓ અને એક બાળકનું મોત થયું હતું. એમને ચુસ્ત સલામતી હેઠળ ચંદીગઢ લઈ જવાયા. આશ્રમમાંથી અનેક નિરોધ તથા બીજા હથિયારો મળી આવ્યા હતા. આપણા દેશમાં આવા ઢોંગી બાબાઓની કમી નથી.

અત્યારે આપણો દેશ આર્થિક રીતે સમૃદ્ધિ તરફ ધીમે ધીમે ડગ માંડી રહ્યો છે. ગયા વર્ષે ૯%નો વિકાસ દર મેળવ્યા પછી આ વરસે પણ સાડા છ ટકા જેટલો વિકાસ દર રહેવાની અપેક્ષા અર્થશાસ્ત્રીઓએ વ્યક્ત કરી છે. અમેરિકા જેવી મહાસત્તા મંદીમાંથી બહાર નથી આવી. પણ આપણે ત્યાં મંદીની મામૂલી અસર થઈ અને એ પણ દૂર થવાના અણસાર દેખાઈ રહ્યા છે. ૬૯ વરસની આઝાદી પછી પહેલીવાર આવી તક આપણા હાથમાં આવી છે.

પણ આ તક અને શક્યતા સામે અનેક પડકારો ઊભા છે. **અંધશ્રદ્ધા અને વહેમ આમાંથી સૌથી મોટો પડકાર છે.** આપણી પ્રજા હજી સદીઓ પુરાણી પ્રાચીન માન્યતાઓમાંથી બહાર આવી નથી. આપણો એક પગ અણુયુગમાં છે અને બીજો પગ છાણ યુગમાં છે. આપણે ત્યાં સૌથી વધુ ટેલિવિઝન ચેનલો લોકો જુએ છે. આ ચેનલોનો સદુપયોગ કરવામાં આવે તો આર્થિક ક્રાંતિ ઝડપી બને, પણ મોટાભાગની ચેનલો રાત્રે અંધશ્રદ્ધા ફેલાવે તેવા ભૂતપ્રેતના અને શનિ જેવા ગ્રહોની નજરમાંથી બચવા સુરક્ષા કવચનો પ્રચાર કરતી રહે છે. **ટેલિવિઝન એ વિજ્ઞાનની એક ક્રાંતિકારી શોધ છે. પણ આવી વૈજ્ઞાનિક શોધનો ઉપયોગ આપણે અવૈજ્ઞાનિક અને પાયા વિનાની વાતો ફેલાવવામાં કરીએ છીએ.** આ આપણી સામે એક મોટો પડકાર છે. આ પડકારને ઝીલવામાં માધ્યમો ઉપયોગી બની શકે, પણ એને બદલે ટી.વી. જેવું માધ્યમ એમાં આડખીલીરૂપ બની રહ્યું છે. મંત્રતંત્ર, ભૂતપ્રેત, ચમત્કાર, ભવિષ્યવાણી, દોરાધાગા અને શુકન - અપશુકન જેવી જુજપુરાણી વાતોને ચગાવવામાં આવે છે. મુશ્કેલી એ છે કે ટેલિવિઝનનો વ્યાપ ખૂબ મોટો છે અને એ હિંદી ભાષામાં આવતું હોવાથી આખા દેશની પ્રજા સુધી સરળતાથી પહોંચે છે.

દેશના ઘણા ભાગોમાં આજે પણ અંધશ્રદ્ધાનો અતિરેક જોવા મળે છે. ગુજરાતમાં ગાંધીનગર નજીક રૂપાલની પલ્લીનો ઉત્સવ થાય ત્યારે હજારો મણ ઘી ચડાવવામાં આવે છે. રસ્તાઓ ઉપર ઘી વહેતું હોય છે અને ત્યાં ચોક્કસ દિવસોએ હજારો શ્રદ્ધાળુઓની ભીડ જામે છે. દંતકથા મુજબ આ ઘી પોતાના બાળક સુધી પહોંચે એ માટે લોકો પોતાના સંતાનોના ઘા કરે છે અને એ બાળક હજારો લોકોને ટપીને પુણ્ય મેળવે છે. આ ઘીની કિંમત કરોડો રૂપિયામાં થાય છે. એનો સદુપયોગ થવાને બદલે અંધશ્રદ્ધામાં એ વેડફી દેવાય છે. થોડાક પ્રબુદ્ધ નાગરિકો આ પ્રથા વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે, પણ એની કોઈ અસર થતી નથી. એવો જ રિવાજ મહારાષ્ટ્રમાં સોલાપુર નજીક મોજમસ્તી નામના ગામમાં પ્રવર્તે છે. છેલ્લા પચાસ વરસથી શેખ ઉંમરસાહેબના સમાધિ સ્થળે ચૈત્ર સુદ પાંચમના દિવસે હજારો માતાપિતા એકઠાં થાય છે અને ચાળીસ ફુટ ઊંચા મિનારા પરથી પોતાના સંતાનોને નીચે રહેલી ગાદી પર ફેંકે છે. એવી માન્યતા પ્રવર્તે છે કે એનાથી બાળક આજીવન તંદુરસ્ત રહે છે. આટલી ઊંચાઈથી બાળકને નીચે ફેંકવું એ જોખમી છે. પણ એક તો નીચે ગાદી પાથરેલી હોય છે અને લોકો કહે છે કે અહીં કોઈ બાળકનો વાળ વાંકો થયો નથી. પોલીસ અહીં હાજર હોય છે પણ કોઈ પગલા લેતી નથી. પોલીસ ઈન્સ્પેક્ટરનું કહેવું છે કે કોઈ ફરિયાદ ન મળે ત્યાં સુધી અમે કાંઈ કરી ન શકીએ. બાળકને ફેંકવાની પ્રક્રિયા બાળકના જન્મના એક વરસની અંદર જ થાય છે. મુંબઈ હૈદ્રાબાદના હાઈવે ઉપર આ મેળો યોજાય છે અને આ વિધિમાં હિંદુઓ અને મુસ્લિમો બંને ભાગ લે છે. અંધશ્રદ્ધાની બાબતમાં રાષ્ટ્રીય એકતા પ્રવર્તે છે. અહીંની જિલ્લા પંચાયત શાળાના શિક્ષક ભાવસાહેબ ફાળકેએ આ વિધિ કરાવી હતી. તેમના આઠ સંતાનો મરી ગયા પછી એમણે શેખ સાહેબની માનતા કરી અને દીકરો થયો. આ પછી એમણે આ રિવાજ શરૂ કરાવ્યો.

મહિલાઓને માતાજી આવવા અને ધૂણવું એ પણ એક જાતની અંધશ્રદ્ધા છે. તબીબી વિજ્ઞાન કહે છે કે આને **હિસ્ટીરિયા** કહેવાય. કોઈ પણ સ્ત્રીના નાની ઉંમરે લગ્ન થઈ જાય અને સાસરિયામાં ત્રાસ અપાતો હોય કે પતિ દ્વારા જાતીય અત્યાચારો થતા હોય ત્યારે સ્ત્રી ઉપર એની શારીરિક અસર ધૂણવારૂપે બહાર આવે છે. કેટલીક સ્ત્રીઓ પરંપરાગત રીતે ધાર્મિક પ્રસંગોએ ગરબાના તાલે નાચવા માંડે છે અને બૂમબરાડા પાડીને કહે છે કે હું મેલડી છું અથવા હું દશામાં છું. લોકો ભક્તિભાવ સાથે એની આરતી ઉતારે છે. પણ આને બાદ કરતા અગાઉ કહ્યું તેમ એનું મૂળ કારણ હિસ્ટીરિયા છે. આને અંગ્રેજીમાં **હેલ્યુસીનેસન** પણ કહે છે. આ અવસ્થામાં વ્યક્તિ પોતાનું અસ્તિત્વ ભૂલીને તંદ્રાવસ્થામાં બીજી જ દુનિયામાં પહોંચી જાય છે. આ અવસ્થામાં એ શું બોલે છે એનો પણ એને ખ્યાલ રહેતો નથી. અવસ્થામાંથી બહાર આવે ત્યારે એ શું બોલી ગઈ એ એને યાદ પણ આવતું નથી. આ એક પ્રકારનો મનોરોગ છે અને નાની ઉંમરે પરણેલી સ્ત્રીઓને સાસરામાં આ રોગ લાગુ પડે છે. દાંપત્યજીવનનો અસંતોષ આ રીતે બહાર આવે છે. વ્યક્તિનું અચેતન મન આ અવસ્થા દરમિયાન કાર્યશીલ બને છે. આ મનોરોગની કોઈ સાઈકિયાટ્રિસ્ટ ડૉક્ટર પાસે સારવાર કરાવવી જોઈએ. ભૂવાઓ એમને શારીરિક ત્રાસ આપીને રિબાવે છે.

લોકોમાં પ્રવર્તતી આવી અંધશ્રદ્ધાનો ગેરલાભ લઈને કેટલાક કરોડપતિ અને અબજપતિ બની જાય છે. ગુજરાતની એક વ્યક્તિ આ રીતે પાંચ હજાર કરોડની માલિક થઈ ગઈ. આ વ્યક્તિ લોકોમાં એવો પ્રચાર કરતી હતી કે મને એક હજાર રૂપિયા આપો અને એક મહિના પછી ત્રણગણા પૈસા પાછા લઈ જાવ. એની માયાજાળ છેક રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી ફેલાયેલી હતી. એ કહેતો કે મને માતાજીના આશીર્વાદ છે અને હું કંઈ કરતો નથી પણ માતાજીની કૃપાથી સંપત્તિ ત્રણગણી થઈ જાય છે. એની આ માયાજાળમાં ગરીબ અને મધ્યમ વર્ગ તથા અમીરો પણ ફસાયા. સ્વેચ્છાએ એ લોકો આ મહાઠગને પૈસા આપી જતાં. એણે એમાંથી ખૂબ વૈભવ ભોગવી લીધો. કરોડો રૂપિયા એણે રાજસ્થાનના એક મિત્રને ત્યાં મોકલી દીધા. અંતે ભાંડો ફૂટ્યો અને આ મહાશય અત્યારે જેલમાં છે પણ એનું અભિમાન હજી ગયું નથી. અદાલતમાં રજુ કરાયા પછી પત્રકારોને એણે વટથી કહ્યું કે હું ટૂંક સમયમાં જ નિર્દોષ છુટવાનો છું. વકીલો અને ન્યાયાધીશોને હું પૈસા ખવડાવી દઈશ. મતલબ કે આવા ઠગ લોકોને પણ આપણી જર્જરિત ન્યાયપ્રથા ઉપર પૂરો ભરોસો છે.

આશારામ બાપુના આશ્રમો લાંબા સમયથી વિવાદમાં છે. છેલ્લે વિધાનસભામાં સરકારે પોતે કબૂલ કર્યું કે આશારામે સુરતમાં હજારો હેક્ટર જમીન પચાવી પાડી હતી. એથી ગંભીર વાત એ છે કે એમના આશ્રમમાં ચાર બાળકોના મોત થયાં છે. આ બાળકોના વાલીઓ કહે છે કે એમની હત્યા કરવામાં આવી છે. રાજ્ય સરકારે આ અંગે એક તપાસ સમિતિ નીમી છે.

હમણાં એવા અહેવાલ મળ્યા છે કે સંરક્ષણ મંત્રાલયના એક સંસ્થાનમાં ફરજ બજાવી રહેલા એક જુનિયર વિજ્ઞાનીએ પોતાના સિનિયર વિજ્ઞાની સામે તંત્રમંત્રની મદદથી તેનો બલિ લેવાનો પ્રયાસ કર્યો હતો. જુનિયર વિજ્ઞાની પોતાના કુટુંબીજનો સાથે પોલીસ મથકે પહોંચ્યા. પોલીસે એ વિજ્ઞાનીના શરીરની ઈજાઓનું તબીબી પરીક્ષણ કરાવીને તપાસ શરૂ કરી છે. સિનિયર વિજ્ઞાની ડૉ. રાવે તબિયત ખરાબ હોવાનું કહીને ડૉ. સુશીલને રાતે ઘરે બોલાવ્યા હતા. એ ઘરે પહોંચ્યા ત્યારે ડૉ. કામેશ્વર અને ભાસ્કર રાવ પૂજા કરતા હતા. એકાદ કલાક પછી પાણીના છાંટા ઊડતાં સુશીલની ઊંઘ ઊડી ગઈ અને બંને વિજ્ઞાની તેમની સામે ઊભા હતા. એકના હાથમાં ખંજર હતું. એમની ઉપર હુમલો થયો. ઝપાઝપીમાં કામેશ્વરના હાથમાંથી ખંજર પડી ગયું અને પડોશીઓ આવી ગયા.

વહેમ અને અંધશ્રદ્ધામાં સામાન્ય માણસો જ નહિ પણ ઉચ્ચ અધિકારીઓ પણ ફસાય છે. માજી ડી.જી.પી. ખંડવાવાલાની ચેમ્બરમાં ફેરફાર થયા છે. એમની ચેમ્બરની ખુરશી દક્ષિણ દિશામાં ગોઠવવામાં આવી છે. આમાં કહે છે કે વાસ્તુ શાસ્ત્રીઓની સલાહ મુજબ આમ થયું છે. કેટલાક લોકો આને ફાલતું શાસ્ત્ર કહે છે. કેટલાક અધિકારીઓ હાથમાં વિવિધ નંગોની વીંટીઓ પહેરે છે. આપણા જાણીતા અભિનેતા અમિતાભ બચ્ચન માંદા પડ્યા ત્યારથી દરેક કામમાં જ્યોતિષની સલાહ લે છે. છેલ્લે હોસ્પિટલમાંથી ઘરે ક્યારે જવું એ સમય નક્કી કરવામાં પણ જ્યોતિષિઓએ ભાગ લીધો હતો.

કેટલાક લોકો કહે છે કે વહેમ અને અંધશ્રદ્ધા આખી દુનિયામાં છે. આ વાત સાચી છે પણ એમાં ટકાવારીનો ભેદ છે. પશ્ચિમમાં ચારથી પાંચ ટકા લોકો વહેમી છે અને આપણે ત્યાં નેવુથી પંચાણું ટકા લોકો અંધશ્રદ્ધામાં રાચે છે.

ટૂંકમાં **આપણે પ્રગતિ ટકાવી રાખવી હોય તો વિજ્ઞાન અને ટેક્નોલોજીની મદદથી જ તેમ થશે. વહેમ અને અંધશ્રદ્ધાથી નહીં થાય.** શ્રદ્ધા એક વાત છે અને અંધશ્રદ્ધા બીજી વાત છે. બંને વચ્ચેની ભેદરેખા પાતળી છે. માણસ ઈશ્વરમાં માને એનો વાંધો નહીં પણ આ માન્યતા જ્યારે વહેમમાં પલટે ત્યારે ભારે અનિષ્ટ સર્જાય છે.

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

નિબંધમાળા

# 'કોઈ જ નવરું નથી'નું સ્મરણ

• ગુલાબ દેઢિયા •

તમે વર્ષો પહેલાં ધોરણ આઠ, નવ કે દસમાં શું ભણ્યા તે ભૂલાઈ ગયું હશે. આમ તો તે સારું થયું કહેવાય. વિસ્મરણ એ પણ વરદાન જ છે, પરંતુ તમે ધોરણ પહેલા બીજામાં શું ભણેલા પાઠ કે કવિતા તમને જરૂર યાદ હશે. બચપણની કેટકેટલી સ્મૃતિઓ આપણા મનમાં ટાંપીને બેઠી હોય છે. તક મળી કે બહાર ધસી આવે છે. **'ઝરણું રમતું રમતું આવે, ઝરણું રમતું રમતું જાય.'** ભૂલાય જ કેમ? લાલ પીળાં પતંગિયાં ઊડે છે, આજ આપણાં હૈયાં કૂદે છે. એ કવિતા હજી યાદ છે. **'મેં એક બિલાડી પાળી છે, તે રંગે બહુ રૂપાળી છે' કે 'દાદાનો ડંગોરો લીધો, તેનો મેં કીધો ઘોડો...'** તમે દાદા બની ડંગોરો લઈને ચાલતા થઈ જાઓ પણ એ કાવ્ય યાદ કરો ત્યારે પાછા બાળક બની જાઓ છો.

અત્યારે મારા હાથમાં આપણે ૩૦ કે ૪૦ વર્ષ પહેલાં ભણ્યા હતા તે 'ગુજરાતી વાચનમાળા બીજી ચોપડી' છે. એ પુસ્તક હાથમાં લેતા જ હું રોમરોમ પુલકિત થઈ જાઉં છું. એમાં જે પાઠ કવિતાઓની મોજ આપણે માણી છે તેની વાત માંડતાં જ તમને મજા પડી જશે. એ પુસ્તકમાં છે : 'અમે તારા સૌ બાળ, પિતા તારા સૌ બાળ.' 'સસલીને માથે આભ તૂટતું.' 'વાઘ આવ્યો રે વાઘ આવ્યો.' મફત નાળિયેર મેળવવા જતા જાન ગુમાવનાર લોભિયો, 'હું તો પૂછું કે મોરલાની પીંછીમાં રંગરંગવાળી આ ટીલડી કોણે જડી?' 'કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં, ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે, હાલો ગલૂડિયાં રમાડવાં જી રે.'

હજી યાદ અપાવું? રંગીન ચિત્રવાળી વાર્તા : 'સાચા બોલી ગાય.' વાર્તાને અંતે આવે છે : વાઘ તો ગળગળો થઈ ગયો. 'બહેન તું કેવી સાચા બોલી છે. મરવા માટે તે કોઈ આમ પાછું આવતું હશે? અને તું તો બચ્ચાં સાથે આવી છે! તને મારીને હું ક્યાં જાઉં?' એમ કહી વાઘ તો છલાંગ મારતો ચાલ્યો ગયો. વાર્તાનો કરુણ ભાવ બાળક મનને સ્પર્શી ગયાનું હજી યાદ છે.

એ હૃદયસ્પર્શી વાર્તાના લેખક છે કવિ ઉમાશંકર જોશી.

પુસ્તકને આરંભે 'નિવેદન' છે. ત્યારે આપણે નિશાળિયા એ કંઈ થોડું વાંચતા'તા! આજે વાંચું છું : 'તે વખતના મુંબઈ રાજ્યના સરકારી કેળવણી ખાતાના પ્રમુખ અધિકારી દા.ચિ. પાવટે ૧૪-૧૦-૧૯૪૯ની તારીખે પુસ્તક તૈયાર કરનાર સમિતિના છ સભ્યોના નામ જણાવે છે : (૧) શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ (પ્રમુખ) (આપણા જાણીતા કવિ 'સ્નેહરશ્મિ'), (૨) શ્રી ચંદ્રવદન ચુનીલાલ શાહ, (૩) ઉમાશંકર જેઠાલાલ જોશી, (૪) શ્રી અનંતરાય મણિશંકર રાવળ, (૫) શ્રી નગીનદાસ નારણદાસ પારેખ, (૬) શ્રી શંભુપ્રસાદ કૃપાશંકર ભટ્ટ (મંત્રી). અધિકારીશ્રી આગળ લખે છે : આ સમિતિના સભ્યોએ પોતાનું કામ ઉત્સાહપૂર્વક અને કોઈ પણ જાતનો પુરસ્કાર સ્વીકાર્યા વિના કર્યું છે તે બદલ સરકાર તરફથી હું તેમનો આભાર માનું છું.

૧૯૪૯થી આ પાઠ્યપુસ્તક બન્યું તે ૧૯૬૬ સુધીની તો આવૃત્તિ મારા હાથમાં છે. ત્યારે મુંબઈ રાજ્યને બદલે મહારાષ્ટ્ર રાજ્ય આવી ગયેલું. ગુજરાતમાં પણ એ જ પુસ્તક હતું. ૧૯૬૬માં પુસ્તકની કિંમત હતી '૫૦ પૈસા.' અને મૂલ્ય... એ તો આપણા હૈયામાં ઊંડે ઊંડે હજી સચવાયેલું પડ્યું છે. ત્યારે કવિતાઓ તો આગળના ધોરણમાં ભણતા ભાઈ-બહેન સાથે ગાઈગાઈને મુખપાઠ થઈ જ ગઈ હોય. રાગ સાથે ગવાય એવાં કાવ્યો હતાં. વર્ગમાં કવિતાઓ સમજાવતા નહીં, શિક્ષકો માત્ર ગવડાવતા. 'જાગને જાદવા' અને આંબડાળે ટહુકા કરતી કોયલરાણી બોલી : વસંત આવી, વસંત આવી, હવે આવશે હોળી, કાવ્યોના શબ્દો હજી મનમાં ગુંજે છે.

'ચાંદલિયો ચમકતો આવ્યો' પણ છે અને 'રાતે વહેલા જે સૂઈ, વહેલા ઊઠે વીર, બળ, બુદ્ધિ, ધન બહુ વધે, સુખમાં રહે શરીર' એ સુભાષિત પણ છે. હવે તો 'રાતે મોડા જે સૂઈ, મોડા ઊઠે વીર'નો જમાનો આવી ગયો છે!

'વાંદરાઓના ઉપવાસ' એકાંકી તો તમે શાળામાં જરૂર ભજવ્યું હશે. અમે ભજવેલું. વાંદરાએ પોતાને ખાવાનું કેળું પોતાના ઘરેથી લાવવાનું હતું.

પુસ્તકના ચિત્રો તો મજાનાં છે જ. કારણકે આપણે એ ચિત્રોને અગણિત વખત નિહાળી ચૂક્યા છીએ. એ ચિત્રોમાં વધારાનું ચિતરામણ પણ કર્યું છે. ઈતિહાસના પુસ્તકમાં અનેકને મૂછો બક્ષી હતી. પુસ્તકમાં બે રંગીન ચિત્રો છે. એક, સાચાબોલી ગાયનું અને બીજું ભરતનું. તે રામની પાદુકાઓ સ્વીકારી રામને વંદન કરી રહ્યા છે.

રસ્તા વચ્ચેનો પથરો સૌને નડે છે. છેલ્લે નિશાળિયા મુકુંદ અને રમેશ નિશાળે જતાં જતાં એ હટાવીને બાજુએ મૂકતા જાય છે.

'કબૂતરોનો સરદાર' બોધપ્રદ વાર્તા છે. પારધીની જાળમાં સપડાયેલા કબતરોને લઈ તેમનો સરદાર જાળ સાથે નદીકાંઠે ઊતરે છે. તેનો મિત્ર ઊંદર જાળ કાપી એને છૂટો કરવા તૈયાર થયો. પણ **સરદારે કહ્યું : 'તું મને એકલાને છૂટો કરે એ ન ચાલે. હું આ બધાંનો સરદાર છું. પહેલાં એ બધાં અને પછી હું.'** (કેવી ઉમદા ભાવના છે! નેતાના સાચા ગુણોનો પરિચય આપ્યો છે.) ઉંદર કહે છે : 'પણ મારા ઝીણા દાંત વડે આવડી મોટી જાળ હું શી રીતે કાપું.'

'કપાય તો કાપ, ને ન કપાય તોયે કાપ. તું મારો મિત્ર છે.' આ ડાયલોગ પાસે જરીવાર થંભી જતા. શબ્દોનો શ્વાસ લેવા થોભવું જ પડે. છેલ્લે બંને મિત્રો ભેટે છે તે ચિત્ર છે. તેમાં ચિત્રકારે ખૂબીથી એક કબૂતરને જેણે દાણા ખાવાનું પ્રથમ સૂચન કર્યું તેને ક્ષોભ પામતું ચીતર્યું છે.

આજે આપણે પત્રો લખવાનું ભૂલતા જઈએ છીએ. હા, ટી.વી.ની હરિફાઈઓના જવાબ લખવામાં પાછા નથી પડતા! ત્યારે 'માધુ ટપાલી' પાઠ ફરી વાંચવા જેવો છે. માધુ ટપાલીની દિનચર્યા, પહેરવેશ, પત્રનો નમૂનો બધું સચિત્ર આપેલ છે.

પાઠ્ય પુસ્તકમાં ગ્રામ્ય જીવનની સારી એવી ઝાંખી મળે છે. બાળકોના સ્તરનો પૂરો ખ્યાલ રખાયો છે. 'મદારી' પાઠમાં રતનબાઈ અને નાથિયાના ખેલની વાત છે. તો 'બીજાને માટે આંબો' પાઠમાં સંવાદ દ્વારા ખરું વાતાવરણ ઉપસાવ્યું છે.

સાધુ પૂછે છે : 'કેટલાં વરસ થયાં તમને?'

ડોસો કહે : 'થયા હશે એંસી નેવું. કોણ ગણવા બેઠું છે?'

આ સંવાદ કોણ જાણે કેમ યાદ રહી ગયો છે. 'કોઈ નવરું નથી.' પાઠ કદાચ ત્યારે નહિ, આજે વધુ સુસંગત લાગે છે. ગાયો ચરાવનાર ગોપાળ ભાઈબંધની શોધમાં નીકળે છે. કોઈની સાથે એને રમવું છે. ખિસકોલી કામમાં છે. ખાવાનું શોધે છે. ચકલી માળો બાંધે છે, મધમાખી મધ ભેગું કરે છે.

નદીને દૂર દરિયા પાસે જવું છે. હસતાં સૂરજદાદાને સવાર, બપોર, સાંજ કરવાં છે. ગોપાળ સ્વગત કહે છે : કોઈ જ નકામું રખડતું નથી. ચાલ, હું પણ ગાયો ચરાવવા જાઉં. ગોપાળ ગાયો પાસે દોડી ગયો.

આ વાર્તાની મજા એ છે કે બાળક કુદરતનાં કેટકેટલાં તત્ત્વો સાથે તાદાત્મ્ય અનુભવે છે. મધમાખીથી માંડી સૂરજ સુધી કોઈને પણ મિત્ર બનાવવા - એની સાથે રમવા તૈયાર છે. **કુદરતમાં કોઈ નવરું નથી. જીવજંતુથી માંડી સૂરજદાદા સુધી સૌ કોઈ કાર્યરત છે** એ વાર્તાનો બોધ છે.

ત્યારે મને ગોપાળની દયા આવી હતી. આજે મને મારી દયા આવે છે.

*૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા, અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.*

## ગુજરાતી ભાષાની કમાલ!

ગુજરાતી ભાષામાં લખનારા ઘણા લોકો માતા વિશે લખે છે ત્યારે 'મા' શબ્દ પર અનુસ્વાર કરીને 'માં' લખે છે. ગુજરાતી ભાષામાં 'માં' ન જ લખાય કારણકે માં લખવાથી અર્થ તદ્દન બદલી જાય છે.

ગુજરાતીમાં 'માં' એટલે અંદર, IN, જેમકે ઘરમાં, બજારમાં, દુકાનમાં. પરંતુ જો હિંદીમાં લખવું હોય તો ફરજિયાત 'માં' એટલે કે મા ઉપર મીંડું કરવું જ પડે કારણકે હિંદીમાં એકલુ 'મા' એટલે 'નહીં' NOT એવો અર્થ થાય. મતલબ કે ગુજરાતીમાં ''મારી મા'', હિંદીમાં ''મેરી માં.''

વિનોબાજીના કહેવા મુજબ શબ્દમાં અદ્‌ભુત શક્તિ રહેલી છે. એક મીંડું કરવાથી કે ન કરવાથી કેટલો બધો ફરક પડે છે, જેમકે પાંડવોની મા કુંતી હતા. હવે કુંતીની જગ્યાએ મીંડું કાઢી નાખવાથી કેવો અનર્થ થાય છે તે – (અજમાવી જુઓ!)

ઘણી બહેનો જેનું નામ 'લતા' હોય છે તે – અથવા તેમના કુટુંબીજનો પોતાનું નામ 'લત્તા' લખે છે. પણ 'લત્તા'નો અર્થ શેરી, ફળિયું, નુક્કડ એવો થાય છે. 'લતા' જ કહેવાય.

કેટલીક બહેનો જેનું નામ 'હિના' હોય છે, તેઓ કે તેમના કુટુંબીજનો ભૂલભૂલમાં 'હીના' લખી નાકે છે અને તેથી અર્થનો અનર્થ થાય છે.

હિના = મહેંદી

હીના = વગરની. જેમકે દીનહીન, દયાહીન, શક્તિહીન, ધનહીન વિ.

કેટલીક બહેનોનું નામ 'જલ્પા' હોય છે. જો કે તેમાં તે બહેનોનો પોતાનો જરાપણ વાંક હોતો નથી પણ 'જલ્પા'નો અર્થ 'બડબડાટ કરતી' એવો થાય છે.

પરંતુ આપણો સમાજ ભારે ભાગ્યશાળી છે કારણકે :

બધી જ લતાઓ બિલકુલ 'કુંજલતા'ઓ હોય છે.

બધી જ હિનાઓ એકેય બાબતમાં 'હીન' હોતી નથી.

બધી જ જલ્પાઓ ભારે બુધ્ધિશાળી હોય છે. અને બધી જ અલ્પાઓ એક પણ વિષયમાં 'અલ્પ' હોતી નથી.

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

INSTA-POWER™
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in

M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13

Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com

Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com

પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



।। જય જલારામ ।।
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.

પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાજંરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ આોફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશ્ન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



## Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment
  Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



॥ જય માતાજી ॥

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬

## P પ્રતાપસિંહ

પેંડાવાલા

(બાપુ પેંડાવાલા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને
કચ્છી ગુલાબપાકના
સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં
કચ્છી અડદિયા, ગુંદરપાક,
અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

૩, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

**શ્રી હરિ ટ્રાવેલ્સ**

પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

વાર્તા

# ઢાકાની મલમલ

• બલવીરસિંહ જાડેજા •

*આપણા સમાજમાં નારીના ત્યાગની ભાવના અને કુટુંબ માટે જીવનભર ભોગ આપવાના દાખલા અગણિત જોવા મળે છે. એક સમયે એકથી વધુ પત્નીનો રિવાજ પણ આમ સમાજમાં પ્રવર્તમાન હતો. આ બધા મુદ્દાઓને આવરી લેતી અર્ધસત્ય ઘટના પર આધારિત લેખકશ્રીની ખૂબ જ રસપ્રદ વાર્તા અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

'ભૂખ્યા પેટે ભજન ન થાય દિકરા.'

'દેવા, હવે આ બે બે વરસના દુકાળમાં કોઈ ભજન કરાવતું નથી અને ઘરમાં જ્યાં કુટુંબ જેટલા બે ટંકના દાણા - પાણીની માંડ માંડ જોગવાઈ થતી હોય તો, હરિહર પણ ક્યાંથી મળે. માટે મને પણ તું તારી હારે ઓરિસ્સા લઈ જા. આમેય તારે ખાવા-પીવાનો કે જાતે રાંધવાનો સમય માંડ માંડ મળે છે અને પછી બહારનું આચર કૂચર ખાઈને તારી તબિયત બગડતી હશે. પણ તું કોઈ દી કહેતો નથી. અહીંથી તારી ઘરવાળી ગંગા, કચ્છ છોડીને આવવા રાજી નથી. 'મને ઈયાં ના ફાવે' કહીને વાત કાપી નાખે છે. હું આવીશ તો હજી તો હું આપણા બેના રોટલા બનાવી શકું એમ છું. પછી બસ નવરાશે ભજન કરીશ. હજી એકાદ વાર ભગવાન જગન્નાથના દર્શન, જીવતા જીવ કરી લઉં એટલી ભાવના છે. તે પણ પૂરી કરાવી દેજે.' કહીને બાવાજી હરચનપુરી (હરિશરણપુરી)એ, સામાજિક પ્રસંગે ચાર વરસે વતન કચ્છમાં આવેલા દિકરા દેવપુરી પાસે માંગણી કરી.

દુષ્કાળ, એ કચ્છની જાણે કાયમી ઓળખ થઈ ગઈ હતી. વરસો પહેલાં જ્યારે કડેધડે હતા ત્યારે હરસનપુરી દિકરા દેવપુરીને લઈને ઓરિસ્સામાં કચ્છના પટેલના સંગાથે, બળગડ કે બરગદ આવેલા. જંગલમાં લાકડા કાપવાના મુકાદમ તરીકે કામકાજ કરતા. પછી દિકરા દેવપુરીને ધંધો સોંપી, વતનમાં આવી ગયેલા. આંખે ઓછું દેખાવાનું શરૂ થયું એટલે વતન કચ્છમાં ગામમાં લોકોને ત્યાં, પ્રસંગોપાત ભજન તેમજ હરિહર માંગીને જીવનનું ગાડું ગબડાવતા.

દિકરા દેવપુરીની ઘરવાળી, દિકરાઓ મોટા થતા ગયા તેમતેમ તેમના લગ્ન કરી, સંસાર વસાવી, જુદા કરી, નાના દિકરા બાબુપુરી અને સસરા હરચનપુરી... બાવાજી સાથે રહેતી. પતિ દેવપુરી મોકલતા મનીઓર્ડરથી ઘર ચાલતું.

વાત પણ સાચી હતી કે હવે ફક્ત ભજન કરી કે હરિહર માંગીને પૂરું થતું નહીં. એટલે દિકરા દેવપુરીને ત્યાં, ખાવા-પીવાની અગવડ, પોતે રાંધી ખવડાવે તો દૂર થાય, તેમજ દેવપુરી ધંધામાં વધુ સારી રીતે ધ્યાન પણ આપી શકે. વળી એકવાર ભગવાન જગન્નાથના છેલ્લીવાર જીવતે જીવ દર્શન થાય એવી બાવાજી હરચનપુરીએ દિકરા પાસે માંગણી કરી.

'ભલે અધા, તમે કહો છો તો લઈ જઈશ બળગડ.' દેવપુરીએ પિતાને સાંત્વન આપ્યું.

વરસો પછી બાપ-દિકરો ફરી એકવાર ઓરિસ્સાના એ જ જૂના વ્યવસાયમાં, બળગડ આવી ગયા. વર્ષો પહેલાના જૂના મિત્ર ભગવાનદાસ ગોસ્વામી, પોતાની જ જ્ઞાતિના અને સાથે જ જંગલમાં લાકડા કપાવવાના મુકાદમનો વ્યવસાય કરતા બંને મિત્રો, વરસો પછી હેતથી મળ્યા અને જૂની વાતો અને શરૂઆતના વર્ષોમાં સંઘર્ષમય જીવનની ખાટી મીટી યાદો વાગોળતા રહ્યા.

ભગવાનદાસ ગોસ્વામી, હરચનપુરીથી ઉંમરમાં દસ બાર વરસ નાના. હવે જંગલના મુકાદમને બદલે, લાકડાની પીઠું બનાવેલું. ઘરની નજીકના પ્લોટમાં વાડો બનાવેલો અને આદિવાસીઓ લાકડા કાપી લાવે તે ખરીદી સંગ્રહ કરતા અને પછી બળતણ તરીકે કે બીજા કામ માટે વેચતા. કુટુંબમાં આગલા ઘરની એક દીકરી હતી રૂકમણી. જેને સૌ રૂખીમાઈ કે રૂખીમા કહીને બોલાવતા. રૂખીમાઈની માતા બચપણમાં જ દસેક વરસની હતી ત્યારે સ્વધામ સિધાવેલી. ભગવાનદાસે બીજા લગ્ન કરેલા પરંતુ બીજી પત્ની પણ બે વરસનો સંસાર ભોગવી, મેલેરિયા તાવની જીવલેણ બીમારીમાં જતી રહી. રૂખીમાઈ થોડી મોટી થઈ પછી ચાર ચોપડી ભણીને, બીજી મા પણ સ્વર્ગે સિધાવી એટલે બાપને સંભાળી લીધા. બાપ - દીકરી એકબીજાના સહારે જીવન વિતાવી

રહ્યા હતા. ઉંમરલાયક થવા છતાં, રૂખીમાઈ બાપને એકલા છોડીને લગ્ન કરવા માંગતી નહોતી. લગ્ન કરે તો બીજા ગામે... સાસરે, બાપને છોડીને જવું પડે. એટલે ૩૦ વરસ ઉપરની થવા છતાં કુંવારી જ રહી અને બાપની સાથે ઘર અને લાકડાનું પીઠું સંભાળતી.

હરચનપુરી દિકરા દેવા સાથે ઉનાળામાં ઓરિસ્સા આવ્યા તો ખરા પણ ચોમાસું શરૂ થતાં જ, વરસાદના અતિરેકથી મેલેરિયાના ઉપદ્રવમાં, તાવમાં પટકાયા. ઉંમરને લઈને શરીરની રોગ પ્રતિકારક શક્તિ ઓછી થઈ ગઈ હોય તે સ્વાભાવિક હતું. દેવપુરીને તો ધર્મસંકટ આવી પડ્યું. જો કે વરસાદની ઋતુ, જંગલનું કામકાજ નહિંવત્ હતું એટલે અધા પાસે રહેવા સમય મળી રહેતો. દિવાળી નજીક આવતા ધંધાની મોસમ શરૂ થાય તો બાપને કોના ભરોસે મૂકવા? હજી હરીફરી શકે કે રાંધી શકે એવી સ્થિતિ નહોતી. અને આટલા સુધી આવ્યા પછી પુરીના જગન્નાથજીના દર્શન કર્યા વિના વતન પાછા જવા તૈયાર પણ ન થાય.

વાતવાતમાં એક દિવસ, બાપાના મિત્ર ભગવાનદાસને કાને દેવપુરીએ વાત નાખી, 'કાકા, કોઈ બાપાની સેવા કરે અને રસોઈ કરી આપે એવી વ્યક્તિ, મહારાજ કે કોઈ ઉંમરલાયક બાઈ હોય તો શોધી આપોને!'

'અરે બહારના માણસની ક્યાં જરૂર છે? મારી દીકરી રૂખીમાઇ જ તમારી બંનેની રસોઈ કરી આપશે અને બાપાની સેવા ચાકરી કરશે. એમાં શું? હું કાંઈ થોડો હવે પારકો છું?' એમ કરી દેવપુરીની ચિંતા દૂર કરી.

ધીમે ધીમે સાજા થયેલા અધા હરચનપુરી, પ્રભુ ભજન કરતાં અને ભગવાનદાસના પીઠા ઉપર બેસીને અલક મલકની વાતો કરતા અને પુરીના દર્શન કરવા જવાની અને આયોજન કરવાની યોજના બનાવતા રહેતા.

દીકરી રૂખીમાઈ, ઉંમરલાયક થઈ હોવા છતાં, લગ્ન કરવાની ના પાડતી કે હવે યોગ્ય પાત્ર એ વખતમાં જલ્દી મળે તેવી શક્યતા ઓછી હતી. એટલે બાપ તરીકે દીકરીના હાથ પીળા ન કરી શક્યાની ચિંતા ભગવાનદાસ ગોસ્વામીને હંમેશાં રહ્યા કરતી. દીકરીને સમજાવતા. પણ, 'હું જાઉં પછી તમારૂં કોણ?' કહી વાત ટાળી દેતી. એટલે ભગવાનદાસ લાચાર હતા.

'બાવાજી, હું એક દિવસ ભગવાનના ઘરે જતો રહીશ પછી મારી રૂખીમાઈનું શું થશે? એ ચિંતા રહ્યા કરે છે.' એક દિવસ ભગવાનદાસે બાવાજી હરચનપુરીને વાત વાતમાં કહ્યું.

'અરે... મારો દેવો છે ને! એ રૂખીમાઈનું ધ્યાન રાખશે.'

'પણ કઈ રીતે ધ્યાન રાખશે?'

'હા, એ વાત ખરી. પણ બીજું શું થાય!'

'ખોટું ન લગાડો તો મારા મનમાં આવેલા વિચારની વાત કરૂં.'

'ભલે કરોને, તમે ક્યાં પારકા છો?'

'ભલે દેવો પરણેલો છે અને ઘરવાળી અને છોકરાઓ પણ છે. તમે દેવાને સમજાવો અને રૂખીમાઇ સાથે બીજા લગ્ન કરે તો?' મને મારી આંખ મિંચાયા પછી કોઈ ચિંતા ન રહે. *(એ વખતે એકથી વધારે પત્નીઓ કરવાનો રિવાજ, ભલે ગમે તે કારણ હોય, આમ સમાજમાં સામાન્ય હતો.)*

હરચનપુરીને પણ રૂખીમાઇની, પોતાની બીમારીમાં કરેલી સેવા અને દરરોજ કંટાળા કે અભાવના જરાપણ ભાવ લાવ્યા વિના પ્રેમથી રસોઇ કરી, ઘરના માણસની જેમ જમાડવાની જવાબદારી અને સ્વભાવ તો યાદ હતા જ. મનોમન એમનાથી રૂખીમાઈની સરખામણી દેવાની પત્ની ગંગાબાઈ સાથે થઈ જતાં કોઈવાર ગંગાબાઈની સસરાની સેવા કે કામ કરવાની તોછડાઈ યાદ આવી ગઈ.

દેવો માને તો દેવાની કાયમી તકલીફ દૂર થાય.

એક દિવસ રાત્રે, બાપે દિકરા પાસે ભગવાનદાસના પ્રસ્તાવની વાત ડરતા ડરતા કરી.

'અધા તમે કેવી વાત કરો છો. હું પરણેલો બચરવાળ માણસ. ચારમાંથી ત્રણ દિકરાના લગ્ન પણ થઈ ગયા છે. એમને ત્યાં પણ સંતાનો છે. વતનમાં ઘરવાળી ગંગા બેઠી છે અને હું આ ઉંમરે બીજા લગ્ન કરૂં? કુટુંબ તમારા વિશે ને મારા વિશે શું વિચારશે? હું મારી જાતને પ્રભુનો, ભોળા શંભુનો ગુનેગાર બની કઈ રીતે માફ કરી શકું?'

'ના, આ તો એક વાત છે અને ભગવાનદાસ આપણા ઘર જેવો માણસ છે એટલે...'

'એ બધી વાત સાચી પણ મારાથી આવું કેમ થાય, અધા તમે જ કહો!'

'ભલે, તારી ઈચ્છા.'

હરચનપુરીએ ભગવાનદાસને વળતો જવાબ આપી દીધો.

દીકરીની ચિંતામાં ને ચિંતામાં ભગવાનદાસ બીમાર પડ્યા. દીકરીએ બાપનો ધંધો, ઘરનું કામ અને હરચનપુરી બાવાજીની અને દેવપુરીની રસોઈ કરવાની જવાબદારી તો સંભાળી જ લીધી હતી. પરંતુ રાતોની રાતો જાગતા રહેતા અને વલોપાત કરતાં બાપની હાલત રૂખીમાઈથી અજાણી કઈ રીતે રહી શકે? ત્યાં સુધી બાપ અને હરચનપુરી સાથે

થયેલી વાત તેનાથી સાવ અજાણી હતી.

એક રાત્રે જાગતા રહેતાં પિતાને રૂખીમાએ, ભાર દઈને લાગણીથી જ્યારે વાત પૂછી ત્યારે ભગવાનદાસે અતથી ઇતિ સુધી બધી જ વાત કરી. વાત જાણ્યા પછી એને પણ લાગ્યું કે દેવપુરીની વાત પણ સાચી હતી. બાપ ભગવાનદાસના જીવની શાંતિ માટે શું કરવું જોઈએ?

રૂખીમાઈએ, મનોમન નિર્ણય લઈ, એક દિવસ બાવાજી અને દેવપુરીને ત્યાં રસોઇ કરવા ગયા ત્યારે પિતાથી પણ ખાનગી રાખી બંનેને હાથ જોડી વિનંતી કરી : 'અધા તમને અને બાવાજીને (દેવપુરીને) હાથ જોડી કહેવા આવી છું કે મારા બાબા (ભગવાનદાસ)ના સુખ માટે, તેમના આત્માની શાંતિ માટે, તેમનું મોત સુધારવા માટે નાછૂટકે હું સામેથી માંગણી મૂકું છું કે મારો સ્વીકાર કરો. મારી કોઈ જાતની સંસાર ભોગવવાની ઇચ્છા નથી. આ ઉંમરે મારા માટે કોઈ પાત્ર ભાગ્યે જ મળે. બીજું, મારે એમને આ ઉંમરે એકલા છોડીને જવું નથી. હું બાવાજીના સંસારમાં આગ ચાંપવા માંગતી નથી કે નથી મારે કોઈ સંતાનની ઇચ્છા. હું અલગ પથારીએ સૂઈશ અને બાવાજીના ઘરવાળીને મારી મોટી બહેન ગણી, એમની સેવા કરીશ. ફક્ત અને ફક્ત મારા બાબાની તબિયત સારી થાય અને શાંતિથી જીવે કે મરણ પામે તે જ મારો હેતુ છે. માટે મને બાવાજીની બીજી પત્ની તરીકે સ્વીકારો એ માટે પગે લાગું છું.'

કહીને રૂખીમાઈ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

બાપ-દિકરા માટે તો ધરમસંકટ આવી પડ્યું. રૂખીમાઇની સેવા અને આંસુઓથી ભીંજાયેલા બંને બાપ દીકરાએ સાંત્વના આપી, વિચારવાનું કહી ઘરે મોકલી.

હવે શું કરવું? કાયદાકીય બીજા લગ્ન કરી ગુનેગાર બનવાની તૈયારી નહોતી. ગંગાબાઈને છેતરવાની પણ ઇચ્છા નહોતી. જ્યારે મિત્ર જેવા ભગવાનદાસને નારાજ કરવાનું પણ મન મનાઇ કરતું હતું.

ભલે યુગ પરિવર્તિત થયો હતો. છતાં ભગવાન શ્રીકૃષ્ણે કંસના કારાવાસમાં કેદ, નારીઓના ઉધ્ધાર માટે, પોતાની રાણીઓ બનાવી હતી. મહાભારતમાં પાંડવોએ દ્રૌપદી સિવાય, ગાંધર્વ લગ્ન કરેલા જ હતા. નાછૂટકે હરચનપુરીએ દિકરા દેવપુરીને રૂખીમાઇના માથે નામનું પતિ તરીકે છત્ર રહે, જેથી બાપ ભગવાનદાસના આત્માને શાંતિ થાય અને સમાજમાં રૂખીમાઈ માથું ઊંચું રાખીને જીવી શકે માટે ફૂલહાર કરી પત્ની તરીકે સ્વીકારવાની સંમતિ અને આદેશ આપ્યો. ભવિષ્યમાં જે થવાનું થશે તે, સમય પ્રમાણે નિપટાવી લેશું એવી બાંહેધરી આપી.

ભગવાનદાસે સારા સમાચાર સાંભળીને જ શાંતિ સાથે, આનંદના અતિરેકમાં છેલ્લા શ્વાસ લીધા. રૂખીમાઇએ પોતાનું જીવન એવું બનાવી દીધું કે, સસરા કે પતિને, પોતાના વ્યવહારથી જરા પણ અડચણ ન પડે. છતાં પણ 'વા થી પણ વાત ફેલાય' એ મુજબ કચ્છના ઓરિસ્સામાં રહેતા પટેલ કુટુંબોમાં વાયા-વાયા ગંગાબાઈના કાને વાત પહોંચી કે પતિ દેવપુરીએ, ઓરિસ્સામાં બીજા લગ્ન કરી લીધા છે અને કચ્છમાં જાણે ધરતીકંપ થયો. અને ગમે તે રીતે પૈસાની સગવડ કરી, ગંગાબાઈએ પુત્ર બાબુને લઈને બળગડની વાટ પકડી.

જેવા બળગડ પહોંચ્યા કે, ગંગાબાઈએ રૂખીમાઇ ઉપર જે હાથમાં આવ્યું તેનાથી હલ્લો કર્યો. અને રૂખીમાઇને લોહીલુહાણ કરી દીધી. રૂખીમાઇએ પ્રતિકાર કર્યા વિના શાંતિથી, ગંગાબાઈ થાકી ગઇ ત્યાં સુધી માર સહન કર્યો. અને ગુજરાતી હિંદી મિશ્રિત ગાળો સંભળાવતી ગંગાબાઈએ જે કહ્યું તે સાંભળી લીધું. સસરા હરચનપુરીએ વાળવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. છેવટે હરચનપુરીએ જ રૂખીમાઇને તેના બાપના ઘરે જતા રહેવાનું સુચવ્યું. ગંગાબાઈ કોઇ વાત સાંભળવા તૈયાર નહોતી. પતિ દેવપુરી ઘરે હાજર નહોતા ત્યારે આ મહાભારત ભજવાઈ ગયું હતું.

રૂખીમાઇએ બાપીકા ઘરે જઈને, સૌના માટે ભોજન બનાવ્યું અને પીઠાના મજૂર સાથે બધા માટે ભોજન મોકલ્યું. પતિ દેવપુરી અને સસરાએ, જમવાનો સમય થતાં, સૌને જમવા કહ્યું પણ ગંગાબાઈને શક હતો કે રખેને રૂખીમાઇએ જમવામાં ભેળસેળ કરી હોય કે કાંઈ અજુગતું બની જાય તો? એટલે પોતે અને દિકરો બાબુ ભૂખ્યા રહ્યા. પતિ અને સસરાએ જમી લીધા પછી, શક દૂર થયા પછી જ, ભૂખ લાગતાં ભોજન કરવા મજબૂર બન્યા. રૂખીમાઇ બંને સમય, બધા માટે ભોજન બનાવી મોકલતી રહી.

આ તો હજી શરૂઆત હતી. દેવપુરી, રૂખીમાઇને ગંગાના વર્તન માટે કામે જતા પહેલા મળવા ગયા ત્યારે રૂખીમાઇએ કહ્યું, 'બાવાજી, તમે એ ઘરે દીદી પાસે જ રહો. હું દીદીનો ગુસ્સો, આક્રોશ અને મારી તરફનો તિરસ્કાર સમજી શકું છું. દીદીની જગ્યાએ હું કે બીજી કોઈ સ્ત્રી હોય તો પણ તેણે આમ જ કર્યું હોત!' હું તમારૂં સૌનું જમવાનું અહીંથી મોકલતી રહીશ. તમે ત્યાં જ રહેજો. અહીં મારી પાસે આવતા નહીં. થોડો સમય જવા દો. પછી વાત.

એકાદ અઠવાડિયું આમ જ વિત્યું.

કોઈ કોઈની સાથે વાત કરે નહીં. ફુંગરાયેલા રહેતા ગંગાબાઈએ, પતિ કે સસરા સાથે લગભગ બોલવાનું જ બંધ કરી દીધેલું. ઘર માટે કોઈ કાંઈ વસ્તુઓ લાવતા નહીં. એટલે જાતે રાંધવાનું પણ બનતું નહીં. રૂખીમાઈ બંને સમય રસોઈ કરી, પીઠાના નોકર સાથે મોકલતી. સવારના દૂધની વ્યવસ્થા પહેલેથી જ કરેલી હતી એટલે બાવાજી કે હરચનપુરી જાતે જ ચા પાણી બનાવી લેતા અને સૌ ચા પી લેતા. બપોરનો ચા નો સમય પણ સચવાઇ જતો.

બનવાજોગ, ઓરિસ્સાની આબોહવા અને ભેજવાળા જંગલી વાતાવરણને લઈને બળગડ આવેલા ગંગાબાઈ અને દિકરા બાબુને મેલેરિયાએ ઝપટમાં લઈ લીધા. ટાઢિયો તાવ એટલે ઠંડી પણ જબરદસ્ત લાગે. ઘરમાં હતા એટલા ઓઢવાના પણ બે જણ માટે ઓછા પડ્યા. હરચનપુરીએ પીઠાના મજૂર સાથે રૂખીમાઈને કહેવડાવ્યું એટલે રૂખીમાઈ બધું જ પડતું મૂકીને બાપના ઘરમાં જે કાંઈ રજાઇ, ધાબળા હતા લઈને આવી પહોંચી. બંને મા દિકરાને ડૉક્ટર બોલાવી, દવા ઇંજેક્શન શરૂ કરાવ્યા. આ ઘરની પણ જાણકાર તો હતી જ. બાપના ઘરેથી બધી વસ્તુઓ કે ખૂટતી સામગ્રી મંગાવી અહીં જ રસોઇ - જમવાનું બનાવવાનું શરૂ કર્યું. જેથી સતત હાજરીથી દીદી અને દિકરાની સારવાર સરખી રીતે કરી શકાય. ગંગાબાઈ ચૂપચાપ રૂખીમાઈની સેવા માણતા રહ્યા. બીજો કોઈ ઉપાય પણ નહોતો. પતિને મુકાદમ તરીકે સવારમાં કામે જવું પડે અને સાંજે પરત આવે. વહેલી સવારે રૂખીમાઇ જમવાનું ટિફીન બનાવી આપે તે લઈને જાય. સસરા હરચનપુરીની અવસ્થા એટલે એ પણ વધુ કાંઈ ઉપયોગી ન થઈ શકે. નાછુટકે રૂખીમાઈના આધારે જ મેલેરિયાની ચૂપચાપ જરૂરિયાત પૂરતી હા કે ના જેવી પૂછપરછ કરી પોતાની ફરજ નિઃસ્વાર્થભાવે ભજવતી રહી.

બંને ગંગાબાઈ અને દિકરો બાબુ સાજા થતાં જ 'હું મારા ઘરે જાઉં છું' પહેલાની જેમ જમવાનું મોકલતી રહીશ કહીને રૂખીમાઈ બાપીકા ઘરે પરત આવી.

ગંગાબાઈ પાસે બોલવા માટે શબ્દો જ નહોતા. રૂખીમાઈ તો ફરજ નિભાવી જતી રહી અને હજી જમવાનું તો મોકલીને ફરજ નિભાવતી જ હતીને?

'હવે શું કરવું?' કચ્છનું ઘર સાંભરતું હતું. અહીં આવી રીતે ક્યાં સુધી રહેવું? આવ્યા હતા બાવાજી પતિ દેવપુરીને બીજી પત્ની રૂખીમાઇથી જુદા પાડવા. પણ અહીં તો પરિસ્થિતિ અલગ જ બની ગઈ. દેવપુરી ધંધો છોડીને વતન કચ્છમાં આવે, તો ત્યાં શું કરવું? અહીંની આવક જ જીવનનો આધાર હતી. શું કરવું કાંઇ સુઝતું નહોતું. હવે?

એક દિવસ સસરા, પતિ અને દિકરા બાબુને લઇને રૂખીમાઇના ઘરે કે પીઠા ઉપર, ગંગાબાઈ સૌને લઇને 'ચાલો મારી સાથે' કહીને લઈ આવ્યા.

રૂખીમાઇને પણ સૌને અચાનક આવેલા જોઈને કાંઈક નવાજૂનીની આશંકા તો થઈ પણ એણે બધાને ચુપચાપ ચા-પાણી પીવડાવ્યા.

પછી ગંગાબાઈએ વાતની શરૂઆત કરી.

'રૂખીમાઇ, તે મારા સંસારમાં આગ ચાંપી છે. મારા પતિની મજબૂરીનો લાભ લઈ, મારા સસરાને ભોળવીને, મારા પતિ સાથે બીજા લગ્ન કર્યા. તું હવે શું કરવા માંગે છે? અમને હેરાન કરવાનો તારો ઇરાદો છે કે મારા પતિને છોડીને અમને સુખ આપવા માંગે છે?' આ સિવાય પણ ન સંભળાવવાના વચન, ગંગાબાઈએ સંભળાવ્યા, જે સ્વાભાવિક હતા. કોઈ સ્ત્રી જીવતાજીવ પોતાના પતિમાં ભાગ પાડનાર સ્ત્રીને કદી માફ કરી શકે ખરી?

રૂખીમાઇએ શાંતિથી સાંભળી લીધા પછી જવાબ આપ્યો. 'દીદી, અધા અને બાવાજી સાક્ષી છે. બાવાજીએ મને તેમની સાથે લગ્ન કરવા મજબૂર નથી કરી. મેં જ મારા પિતાના આત્માની શાંતિ માટે, હાથ-પગ જોડીને, બાવાજીને અને અધાને, મારો સ્વીકાર કરવા મજબૂર કર્યા છે. ફક્ત મારા ઉપર પતિ તરીકે બાવાજી જેવા પુરૂષનું છત્ર રહે તે માટે. મારે તમારા સંસારમાં કોઈ અડચણ નથી કરવી. પૂછો અધા અને બાવાજીને કે હું કાયમ અલગ પથારીએ સૂવું છું અને હજી સુધી મેં જે વાત કોઈને પણ નથી કરી, સૌથી ખાનગી રાખી છે. મારા બાપને પણ મર્યા સુધી નથી જણાવી એ આજે તમને સૌને કહું છે કે મારો સંસાર ભોગવવાનો કે પતિ તરીકે બાવાજીમાં ભાગ પડાવવાનો કોઈ આશય કે ઇરાદો ન હોવા છતાં, પતિ તરીકે બાવાજી, જગતની દૃષ્ટિએ મારા ઘરવાળા છે. મારો ઇરાદો તો મક્કમ છે જ અને બાવાજી પણ એમના વર્તનમાં કદી મારા તરફ કોઈ પત્ની તરીકેના ભાવથી નજર નથી નાખતા. છતાં ન કરે નારાયણ અને કોઈ એવા અસામાન્ય સંજોગોમાં, જેમ 'ઘી અને અગ્નિ' ભેગા ન રહી શકે તેમ અમારા બંનેમાંથી કોઈની વૃત્તિ બદલાયતો પણ તમારા સંસારને ઉની આંચ ન આવે તે માટે, મેં જગન્નાથપુરીના દર્શન કરવાના બહાના હેઠળ મારા બાપની હયાતીમાં મારી માસીયાઈ બહેનની સાથે જઈને, બાવાજીને ફૂલહાર પહેરાવ્યા પહેલાં જ કુટુંબ નિયોજનનું ઑપરેશન કરાવી નાખેલ છે જે આજે તમારા સૌની પાસે ખુલાસો કરૂં છું. જેની સાક્ષી મારી

માસીયાઈ બહેન, જે પૂરીમાં રહે છે તે છે. માટે હું ફક્ત ને ફક્ત મારા બાપના આત્માની શાંતિ માટે બાવાજીની પત્ની છું પણ આજે પણ મર્યાદા પાળું છું અને જિંદગીભર પાળતી રહીશ એ તમને હું ભગવાન જગન્નાથની સાક્ષીએ જણાવવા તૈયાર છું.'

રૂખીમાઈની વાત પૂરી થયા પછી, ગંગાબાઈ તો અવાચક્ બની સાંભળી જ રહ્યા હતા.

'અરેરે... આવડો મોટો ત્યાગ! એ પણ થોડા સમય માટે નહીં પણ જિંદગીભર માટે. ખરેખર મેં તો આવું વિચારેલું પણ નહીં. મેં મારા પતિ કે સસરાને જેટલા નથી સાચવ્યા એ આ બાઈએ, બાપની શાંતિ માટે શું નથી કર્યું!' ગંગાબાઈના હૃદયના ઉંડાણમાંથી લાગણીની સરવાણી આંસુરૂપી બંને આંખોમાંથી વહેવા લાગી અને ઊભા થઈને રૂખીમાઇને ભેટી પડ્યા.

અરે રે... મારી બહેન! હું તને ન ઓળખી શકી. મને માફ કરી દે. અમે તો માદરપાટ જેવા ખરબચડા છીએ જ્યારે તું તો છો ઢાકાની મલમલ. જેમકે ***માદરપાટના તંબુમાં રહેતી, ઢાકાની મલમલ.***★★ બસ મારે હવે કાંઈ કહેવાનું નથી. હું તો હવે જાઉં છું કચ્છમાં.

અધાને અને બાવાજીને સાચવજે. મન થાય ત્યારે આપણા કચ્છના ઘરે આવજે. અધાને જગન્નાથજીના દર્શન કરાવજે અને બંનેને સાચવજે. દુનિયા ભલે ગમે તે વાત કરે, મને એની પરવા નથી. તું મારી નાની બહેન છો. માદર પાટની નાની બહેન ઢાકાની મલમલ છે. બસ, મને માફ કરી દે.

સૌની આંખમાં આંસુઓની ધાર વહી રહી હતી. સસરા હરચનપુરીને જાણે અહીં જ ભગવાન જગન્નાથના દર્શન થઈ ગયા હોય એટલો આનંદ થયો ત્યારે એમણે સ્વયંભુ જ ભજન શરૂ કર્યું.

*નાથ તું મારો દયાળુ દાતાર*
*તારા અગણિત ઉપકાર કેમ કરી ચૂકવું નાથ...*

***૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ,***
***પ્રોફેસર્સ કોલોની સામે, 'ચાઇલ્ડ કેર' પાછળ,***
***વિજય ચાર રસ્તા પાસે,***
***નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.***
***મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

★★ *માદરપાટના તંબુમાં રહેલી ઢાકાની મલમલ*

*કવિશ્રી અનિલ જોષીએ એમની "ભાવવિશ્વ" નામની સાપ્તાહિક કોલમમાં સ્વ. હરિન્દ્ર દવે માટે પ્રયોજાયેલી શ્રધ્ધાંજલિ.*

## પર્યાવરણ અને વસ્તી

આજે ૬૯ વર્ષ પછી દેશની વસતિ ૧૩૦ કરોડ થઈ ગઈ છે. પર્યાવરણ માટે પણ વસતિ પર નિયંત્રણ થવું જોઈએ. પણ કોણ જાણે કેમ આપણે ત્યાં વસતિ નિયંત્રણની ઝુંબેશમાં હવે ઓટ આવી ગઈ છે. ફેમિલી પ્લાનિંગના વહીવટી તંત્ર દ્વારા શરૂ થયેલા કામ સિવાય રાજકીય રીતે વસતિ નિયંત્રણની ઝુંબેશ ભાગ્યે જ દેખાય છે.

દેશના તમામ પ્રશ્નોમાં મૂળભૂત પ્રશ્ન એ કૂદકે ને ભૂસકે વધતી જતી વસતિનો છે. બેકારી, ગરીબી, મોંઘવારી પણ વસતિનાં કારણે આપણને વર્ષોથી પીડી રહ્યા છે. આપણા રાષ્ટ્રના વિકાસને સમૃદ્ધિની અનિવાર્ય શરત મર્યાદિત વસતિમાં છે, એટલે કે વસતિ નિયંત્રણના કાયદા ઘડવાની હવે જરૂર જણાય છે.

પર્યાવરણ જાળવવું હોય, વૃક્ષો બચાવવાં હોય તો ઓછાં ને મર્યાદિત મોઢાં ખાનારાં જોઈશે. ઝાઝાં પેટ ભરવા વધુ અનાજ ઉગાડ્યા વગર છૂટકો નથી. એમના ઘર માટે લાકડાં કપાશે, એમની જરૂરિયાતો માટે, સગવડો અને આવશ્યક સુવિધાઓ, વિકાસો માટે જ વન અને વૃક્ષો કપાયાં છે. જો વસતિ પર નિયંત્રણ મૂકીશું તો જ સાચા અર્થમાં પર્યાવરણની સુરક્ષા કરી શકાશે. નહિંતર પર્યાવરણ એક ફેશનની જેમ બોલવાનો શબ્દ જ માત્ર બની રહેશે.

વસતિના નિયંત્રણ માટે જરૂરી અંકુશો મૂકના કાયદા ઘડવાનો સમય પાકી ગયો છે. એક કે બે બાળકો અપનાવનારાને ઈન્કમટેક્ષમાં લાભ આપવાથી માંડીને નોકરી વગેરે બાબતોમાં અગ્રતા અપાવી જોઈએ અને વધુ બાળકો અપનાવતાં પરિવારો પર ખાસ કર નાંખવો જોઈએ. તેમજ નોકરીમાં અને ખાસ કરીને સરકારી નોકરીમાં પ્રવેશ ન આપવો જોઈએ એવી યોજનાઓ ઘડવાનો અને વસતિ નિયંત્રણની ઝુંબેશને ઉગ્ર બનાવવાનો સમય આવી પહોંચ્યો છે.

આપણે જેટલું મોડું કરીશું તેટલું વધું આ બાબતમાં પસ્તાવાનો વારો આવશે. પર્યાવરણવાદીઓએ પણ પર્યાવરણ જાળવવા માટે વસતિ નિયંત્રણના કાર્યક્રમોને અગ્રતા આપવાની જરૂર છે. છેલ્લા દાયકામાં વસતિ વધારાનો આંક આઝાદી પછી સૌથી ઓછો છે. તે આપણા સૌના માટે સારા ભવિષ્યની નિશાની છે.

***– ચૌલા કુરૂવા***
***સૌજન્ય : "મૉર્નિંગ વૉક"***

વાર્તા

# પડ્યું પાનું નિભાવી લે

• ડૉ. ઊર્મિલા શાહ •

"શું ચિત્રાબહેન પ્રવાસમાં આવશો ને? આપણે આ વખતે જેસલમેરના પ્રવાસનું આયોજન કર્યું છે. લગભગ છ દિવસ થશે. અનુકૂળ છે ને?"

"હા, ફાવે જ ને! એમાં પૂછવાનું જ ન હોય સર, ફરજ એટલે ફરજ."

"એ તો મને ખબર છે કે તમે ક્યારેય ના કહેતા જ નથી. પણ બહેનોને ઘરની પણ જવાબદારી હોય એટલે પૂછવું તો જોઈએ જ ને!"

...ને ચિત્રાબહેન કશો જ પ્રતિભાવ આપ્યા વિના ઑફિસમાંથી બહાર નીકળ્યાં. એમને નીકળતા હું જોઈ રહી. પણ એ સાથે મારા મગજમાં અનેક પ્રશ્નોની હારમાળા ચાલુ થઈ.

"ચિત્રાબહેનને ઘરમાં મમ્મી કે સાસુ તો છે નહીં. દીકરી અને દીકરો ય હજી નાનાં છે. એમની ગેરહાજરીમાં ઘર કોણ સંભાળતું હશે? ઘરમાં બધાને અગવડ નહીં પડતી હોય! ઘરને વ્યવસ્થિત ચલાવવા માટે જવાબદાર ગૃહિણી વિના કેમ ચાલે? ત્યારે ચિત્રાબહેન તો સવારે સાડા આઠથી ટ્યુશન માટે નીકળી જાય છે. ત્યાંથી સીધાં જ સ્કૂલમાં જાય છે. ને સ્કૂલમાંથી નીકળી પાછું એકાદ ટ્યુશન તો હોય જ. એ ઘરનું કામ ક્યારે કરતા હશે? થાકી જતાં નહીં હોય? એમના ઘરની વ્યવસ્થા કોણ સાચવતું હશે? છોકરાંઓનું ધ્યાન કોણ રાખતું હશે? એમના પતિ પણ કમાતા તો હશે જ... તો પછી ચિત્રાબહેન કેમ આટલી બધી દોડાદોડ કરતાં હશે? એમના પતિને હું તે દિવસે સાહિત્ય પરિષદના ફંકશનમાં મળી હતી. મને બરાબર યાદ છે. ભણેલાગણેલા, ઘણા સંસ્કારી અને સારા માણસ છે. એમની સાથે થોડી વાતચીત કરી તો મને લાગ્યું કે ખૂબ સારા સ્વભાવના છે. એટલું જ નહીં બુદ્ધિશાળી પણ લાગ્યા. એટલે કંઈક તો કરતા જ હશે. પુરુષ માણસ છે. એટલે કમાતા તો હશે ને! તો નાહકનાં ચિત્રાબહેન શું કરવા આટલી દોડ કરતાં હશે!" મારા મનમાં હજી એ કોયડો ઊકલતો જ ન હતો. પણ ત્યાં તો થોડા વખતમાં સ્મિતાબહેન મળ્યાં ને મેં પૂછ્યું, "આ તમારાં મિત્ર ચિત્રાબહેન શું કરવા આટલું દોડે છે? કોને માટે ભેગું કરવાના છે? પતિ આટલા ભણેલાગણેલા ને બુદ્ધિશાળી છે. સારું કમાઈ લેતા તો હશે જ. ચિત્રાબહેન થોડું શાંતિથી જીવતાં હોય તો!"

...ને સ્મિતાબહેન ઘડીભર અટકી ગયાં. "બહેન! જવા દો ને વાત. એ તો ડુંગરા દૂરથી રળિયામણા. ચિત્તરંજનભાઈને તમે ઓળખતાં નથી. નામ એવા જ ગુણ છે... એ ફક્ત તેમના ચિત્તનું જ રંજન કરે છે. બીજું કશું જ નથી કરતા."

"એટલે?"

"ચિત્તરંજનભાઈ ક્યાંય ટકીને નોકરી કરતા જ નથી. કોઈ પણ નોકરી પર એ ભાગ્યે જ ટકી શકે છે. એ તો ચોખ્ખું જ કહે છે કે "એ નોકરીનું બંધન મને ન ફાવે." એ શું? ઘડિયાળના ટકોરે ઑફિસે પહોંચવાનું... બોસથી દબાયેલા રહેવાનું. કામ કરતા ગમે તેટલો કંટાળો આવે તોય ઘડિયાળમાં છ વાગે નહીં ત્યાં સુધી ઑફિસમાંથી બહાર ડોકું નહીં કાઢવાનું. ના... ના... આપણને એ બધું ન ફાવે." ને એટલે એ હવે તો નોકરી ય કરતાં જ નથી."

"તો એ આખો દિવસ કરે શું? એમનો સમય કેવી રીતે પસાર થાય? ચિત્રાબહેન તો આખો દિવસ ઘરમાં હોય નહીં. ઘરમાં એકલા એકલા કરે શું?"

"વાંચે. રોજ ક્યાંક જાહેર પ્રવચનો શોધી કાઢે. બપોર પડે થોડું ઊંઘી જાય. બસ સદાય રીલેક્સ જ રહે."

"ને ચિત્રાબહેન બીજી બાજુ સવારથી રાત સુધી દોડ્યા જ કરે. સવારથી ઊઠીને ઘરનું કામ. ને પછી ટ્યુશનો, સ્કૂલ, પાછું સાંજે ઘેર પહોંચતાં જ રસોઈ ને ઘરનું કામ. પગ વાળીને ઘડીક બેસવાની વાત તો બાજુ પર રહી, ક્યારેય શાંતિથી જમતાં પણ નહીં હોય ને ત્યારે મને મગજમાં વિચાર આવે છે કે આટલી બધી વિષમતા છતાંય ચિત્રાબહેન ચિત્તરંજનભાઈ સાથે આમ જીવન કેવી રીતે નિભાવતાં હશે! તેમની ધીરજ ખૂટી જતી નહીં હોય? 'એકને મજા ને બીજાને સજા'ની જેમ. એ કેવી રીતે સ્વીકારી લેતાં હશે? અને જીવનમાં આવી વિષમતા હોવા છતાંય ચિત્રાબહેનનું મોં જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન હોય. કામમાં હંમેશાં સ્ફુર્તિલાં હોય. કોઈ પણ પ્રવાસ હોય કે બીજી કોઈ પ્રવૃત્તિ હોય, એમના મોંમાંથી ક્યારેય 'ના' કે નિસાસો નીકળે જ નહીં. ને ત્યારે મને થાય '**હે ભગવાન! તેં સ્ત્રીને કેટલી અગાધ શક્તિ આપી છે? કેટલી સહનશીલતા આપી છે?**

**Life is a Struggle.** 'સંગ્રામ ખેલવાની તમન્ના' એ જ સાચી 'જિજીવિષા' જીવનનું એ સનાતન સત્ય જાણે ચિત્રાબહેનના જીવનમાં સ્પષ્ટ થતું દેખાતું હતું. આવાં કેટકેટલાં ચિત્રાબહેન આપણી આસપાસ વસતા આપણે જોઈએ છીએ!

પેલા ઉમાબહેન. સવારે છ વાગ્યામાં ઊઠી જાય. ઘરની સાફસૂફી, કપડાં ધોવાં, રસોઈપાણી બધું જ કામ પતાવે ત્યારે લગભગ સાડા નવ વાગે તેમના પતિ ઊઠે. ઉઠે એવા જ પથારીમાંથી બૂમ પડે. 'ઉમા ચા લાવજે. દાતણ - પાણી તૈયાર કરવાથી માંડી ઉમાબહેન એમની સેવામાં લાગી જાય. નાના બાળકની જેમ પાણીનો ગ્લાસ પણ હાથમાં આપવો પડે. ક્યારેક તો એવું બને કે ત્રણ વર્ષનો એમનો ચિરાગ એક બાજુ રડતો હોય ને બીજી બાજુ ઉમાબહેન એમના પતિ માટે ચાના કપમાં ખાંડ ઓગાળતાં હોય. ને મને એ જોઈને અંદરથી અકળામણ થાય. હું સમસમી ઊઠું. "આ તે કેવા બાપ? પોતાના દીકરાને રડતો જોઈનેય એને હાથ હલાવવાનું મન નથી થતું?" નાદાનિયતની પણ કંઇ અવધિ હોય ને! ને ઉમાબહેન બિચારાં કરે પણ શું? છોકરા તરફ દિલ તો ખેંચાય... પણ સહેજ વાર કરે કે કંઈક કહેતા જાય તો "એક ઘા ને બે કટકા" જેવી પરિસ્થિતિ પળવારમાં સર્જાઈ જાય. ને એટલે હૃદય પર પથ્થર મૂકીને પણ પહેલાં પતિની સગવડ સાચવી લે. એ ય સમજે છે કે મારે બાળક ભલે એક છે પણ પતિય મારા માટે બીજું બાળક જ છે. પડ્યું પાનું નિભાવ્યા વિના ઓછું જ ચાલે છે!

**આવી કેટકેટલી સ્ત્રીઓ જીવનનાં બધાં જ ક્ષેત્રો પર ઝઝુમતી આપણે જોઈએ છીએ!** તમે માનશો? મીરાબહેન નોકરી કરે છે, ઘરનું બધું કામકાજ કરે છે, તેમના પતિ નોકરી તો કરે છે, પણ બાદશાહીની જેમ. સવારના ઊઠીને લગભગ બે કલાક સુધી તો છાપું જ વાંચે. બધી જ પૂર્તિઓ પૂરી ન કરે ત્યાં સુધી નહાવા જાય એ બીજા. મીરાબહેનને રસોડું પતાવીને સમયસર નોકરીએ પહોંચવાની ઉતાવળ હોય. પોતે કામની સતત ઉતાવળ કરતાં હોય પણ પતિ પરવારે તો ને! ને એ બધી મથામણને અંતે ક્યારેક ઑફિસે મોડાં પડે ને બોસનો ઠપકો સહન કરવો પડે. મનમાં ખૂબ દુઃખ થાય. અકળાય, પણ કોને કહે? શું કરું? એક જ વાર પતિને ધીરેથી કહ્યું, 'જરા સમયસર પરવારો તો કેવું? મારે મોડું થઈ જાય છે ને ઑફિસમાં ઠપકો મળે છે.' તો પતિ ગુસ્સે થઈ ગયા. 'મૂકી દે નોકરી. નથી કરવી આપણે નોકરી. હું તો જેમ પરવારું છું એમ જ પરવારીશ. મને તારી આ કટકટ પસંદ નથી.' ને મીરાબહેન મૂંઝાય છે. એ જાણે છે કે પતિમાં જો ઘર ચલાવી શકાય એટલું કમાવાની ક્ષમતા હોત તો એ શું કામ આટલી નોકરી કરતાં હોત! એમને કંઈ દોડદોડ કરવાનો શોખ નથી. **શાંતિથી જીવવું કોને ન ગમે! પણ કાળઝાળ મોંઘવારીમાં પહોંચી કેવી રીતે વળવું?** પતિમાં આવડત નથી એવું નથી. ઘણા હોંશિયાર છે. પણ કામ માટે ધગશ તો જોઈએ ને! ને નોકરીમાંય હંમેશાં કામ બોલે. કામની ધગશ હોય, કર્તવ્યનિષ્ઠા હોય તો પગાર આપોઆપ વધે, બઢતી મળે. પણ મૂળ મુદ્દામાં Motivation જ ન હોય તો શું? આવા કેટલા લોકો મારી આસપાસ હું જોઉં છું, જે ઘણા હોશિયાર હોય પણ કામની ધગશ જ ન હોય ને તેને કારણે તેમની પત્નીઓ જીવનમાં અનેક સંઘર્ષો વેઠતી હોય છે. રાતદિવસ એકાકાર કરતી હોય છે. તનતોડ મહેનત કરતી હોય છે. જીવનમાં જાણે ઝઝુમતી હોય છે. મને ક્યારેક થાય છે. સ્ત્રી બધું શું કામ સહન કરતી હશે? આટલું બધું કરવા છતાંય એ કદી સામે પક્ષેથી સહાનુભૂતિભર્યા બે-ચાર શબ્દો ય પામી શકતી નથી. તો પછી એ આટલું બધું કોના માટે કરે છે? શાને માટે કરે છે? ને ત્યારે એને ગળથુથીમાંથી મળેલ ભારતીય સંસ્કાર બોલી ઊઠે છે, "બહેન! કોને કહું? શું કહું? મારા જ પતિ. ને મારું જ ઘર. મારા જ બાળક ને મારો જ સંસાર. આમાં હું કોને કહું? બાંધી મુઠ્ઠી લાખની. ઘરની આબરૂને ઘરની બહાર કાઢવી એ શું મને શોભે? જે છે એ આ જ છે. ને એ જ રીતે મારે જીવન જીવવાનું છે. પછી એનો વસવસો શું કરવાનો? હસીનેય જીવવાનું છે ને રડીનેય જીવવાનું છે. **રડવાની સાથે કોઈ સાથ નહીં દે, એટલે હસીને જ જીવન જીવવું શું ખોટું?** દુનિયા હસતાની સાથે હસે છે ખરી, રડવાની સાથે કોઈ રડતું નથી. ને મને ચિત્રાબહેનના જીવનની ફિલસૂફી સાંભળી તેમને માટે માન થયું. સ્ત્રી સાચે જ શક્તિમાન છે, સહનશીલતાની મૂર્તિ છે. ■

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

# વજન ઘટાડો

## ૧૪ કિલો વજન ઘટ્યું



વિડીયો
જોવા મળશે

મારૂં નામ કીર્તિ પી. નીસર – મહેકબેનનું અવલેહ લેવાથી મારૂં ડિયાબિટીસનો રીપોર્ટ પણ નોન ડાયાબેટીક આવી ગયો છે. બ્લડપ્રેશરની ગોળી પણ બંધ થઈ છે. ૩ મહિનામાં ૧૪ કિલો વજન ઓછું થયું છે. અવલેહથી ઘણી જાતની બીમારી દૂર થાય છે. – કીર્તિ પી. નીસર, કેમ્પસ કોર્નર

## ૪૦ કિલો વજન ઘટ્યું



વિડીયો
જોવા મળશે

મારૂં નામ મનોજ શાહ છે. આખો દિવસ કોમ્પ્યુટર પર કામ કરવાને કારણે મારૂં વજન ઘણું વધી ગયું હતું. ધીરે ધીરે વધતા વધતા ૧૨૦ કિલો થઈ ગયું હતું. બી.પી.ની બીમારી આવી ગઈ. ડોક્ટર કહેતા કે વજન ઘટાડો નહીં તો પ્રોબ્લેમ થશે. ડોક્ટરે ઘી, તેલ, ખાંડ બધું છોડી દેવાની સલાહ આપી. જે મારાથી ના થઈ શક્યું. એક દિવસ કાયા કોમલ અવલેહની જાહેરાત વાંચી, મેં ૩ મહિનાનો ઓર્ડર આપ્યો. શરૂઆતમાં ૨ કિલો વજન ઘટ્યું, પણ મેં શરૂ રાખ્યું. બીજા મહિને ૪ કિલો વજન ઘટ્યું. આજે મારૂં વજન ૪૦ કિલો ઘટ્યું છે. બી.પી.ની બિમારી નોર્મલ થઈ ગઈ, શક્તિ - સ્ફૂર્તિ વધી અને એક વર્ષમાં સંપૂર્ણ કાયાકલ્પ થઈ ગયો.

– મનોજ શાહ (ઘોઘારી સમાજનું ગૌરવ)
કન્યાદાન મેરેજ બ્યુરો (મુંબઈ)

**જૈન કોર્સ મળશે**

**૨ મહિના પર**

**૧ મહિનાનો**

**કોર્સ ફ્રી**

**હોમ ડિલીવરી મળશે**

**: લેવાની પદ્ધતિ :**
સવારે ૧ ચમચી
અવલેહ
અડધા ગ્લાસ
પાણીમાં મેળવી
ખાલી પેટે લેવુ.

**: મહેક :**
**9619072961**

## ૨૨ કિલો વજન ઘટ્યું



વિડીયો
જોવા મળશે

મારૂં નામ કિરણ છે. થાઇરોઇડને કારણે મારૂં વજન વધીને ૮૫ કિલો થઈ ગયું હતું. કોઈએ કહ્યું કે વોક કરો. પગમાં સોજા રહેવાને કારણે હું ચાલી શકતી ન હતી, પગમાં ખૂબ દુઃખાવો રહેતો હતો. કોઈએ કહ્યું દૂધીનો રસ પીઓ, તેનાથી વજન ઓછું થશે. મેં ૩ મહિના દૂધીનો રસ પીધો. મારૂં એક કિલો પણ વજન ઓછું ન થયું. બધા કહે રાતનું જમવાનું બંધ કરો – જે મારાથી ના થયું. પછી મને કાયા કોમલ અવલેહ વિશે જાણવા મળ્યું. મેં ઓર્ડર કર્યો. મારૂં ૨૨ કિલો વજન ઘટ્યું. મારૂં વજન ૮૫ કિલો હતું આજે મારૂં વજન ૬૩ કિલો છે. શરીરમાં હળવાશ લાગે છે.

– મિસિસ કિરણ (મુંબઈ)

## ૧૦ કિલો વજન ઘટ્યું



વિડીયો
જોવા મળશે

મારૂં નામ મિસિસ આહુજા છે. મહેકબેનનું અવલેહ લેવાથી ચાર મહિનામાં દસ કિલો વજન ઘટાડ્યું છે. સાથે સાથે સાંધાનો દુખાવો, પગના સોજા મટ્યા, પેટ અને કમરમાં shape આવ્યો.

ચહેરા પર Glow આવ્યો. ઉંમર નાની દેખાવા લાગી. સૌથી સારી વાત મારી મનપસંદ દરેક વાનગીઓ ખાવા છતાં વજન ઘટ્યું. મહેકબેનનો ખૂબ ખૂબ આભાર.

– મિસીસ આહુજા (મુંબઈ)

# સ્વાસ્થ્ય મને વારંવાર માઇગ્રેન (માથાનો દુઃખાવો) થાય છે – ૧

● ડૉ. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડૉ. દીપ્તિ શાહ (ગડા) (મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક) ●

● **કેસ સ્ટડી :**

૧૮ વર્ષના તપનને (નામ બદલ્યું છે) છેલ્લા આઠેક વર્ષથી વારંવાર માથાનો દુઃખાવો થતો હતો. શરૂઆતમાં માથાનો દુખાવો થોડોક સમય રહેતો. દર્દનાશક દવાથી (Pain Killer) મટી જતો હતો. ત્યારબાદ તપનને કોઈ તકલીફ ન રહેતી. અચાનક બે-ત્રણ મહિના બાદ ફરીથી માથાનો દુઃખાવો થતો. ફરીથી સારવાર બાદ તપન નોર્મલ થતો. માથાના દુઃખાવાને દિવસે તપન કામ પર ન જતો અથવા ઘણી વખત કામ પરથી અધવચ્ચે પાછો આવી જતો. બીજે દિવસે બધું નોર્મલ થતાં તપન ફરીથી કામ પર જતો.

છેલ્લાં ત્રણેક વર્ષથી (૧) માથાના દુઃખાવાનું પ્રમાણ વધ્યું છે (Severity) તથા (૨) માથાના દુઃખાવો વધારે સમય રહે છે. (Duration) (૩) માથાના દુઃખાવાથી રાહત મેળવવા ગોળીઓનું પ્રમાણ વધ્યું છે (Medicine dose is increased).

તાજેતરમાં માથાના દુઃખાવાનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. સતત દુઃખાવો રહે છે. દર્દનાશક દવાથી પણ નજીવી રાહત મળે છે.

ગરદન તથા ખભામાં પણ દુખાવો શરૂ થયો છે. સવારના ઉઠવાની સાથે જ માથાનો દુઃખાવો શરૂ થઈ જાય છે. રાતમાં પણ માથાના દુઃખાવાને લીધે ઊંઘમાં ખલેલ પહોંચે છે. કામ પર અનિયમિત જવાય છે. નાની નજીવી બાબતમાં તપન ગુસ્સે થઈ જાય છે જે એનો સ્વભાવ નથી.

**વૈદ્યકીય તપાસ :** માથાના દુઃખાવાનું પ્રમાણ વધતાં ત્રણેક વર્ષથી ડોક્ટરોને કન્સલ્ટ કરીને સારવાર ચાલું છે.

ફેમિલી ડોક્ટરની વૈદ્યકીય તપાસ (બ્લડ પ્રેસર, નાડીના ધબકારા, હૃદય, ફેફસા, પેટ વગેરેની તપાસ) નોર્મલ હતી.

**એક્સ-રે, લેબોરેટરી તથા અન્ય તપાસ :** લોહીની તપાસ તથા કોલેસ્ટેરોલ, થાઈરોઈડ, ડાયાબિટીસ માટેની તપાસ નોર્મલ આવી. માથાનો સી.ટી.સ્કેન તથા એમ.આર.આઈ. સ્કેન પણ નોર્મલ હતા.

**ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય :** ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. ન્યુરોલોજિકલ તપાસ બધી જ નોર્મલ આવી. માઈગ્રેનનું નિદાન થયું તથા એ પ્રમાણેની સારવાર શરૂ કરી. થોડોક સમય સારું રહ્યું. માથાનો દુઃખાવો બંધ થયો પરંતુ ફરીથી સારવાર ચાલુ હોવા છતાં દુઃખાવો થયો. દુઃખાવાનું પ્રમાણ વધારે હતું આથી મોટી હોસ્પિટલમાં દાખલ કર્યા.

ફરીથી બધી જ તપાસ કરી. ફરીથી માથાનો સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન નોર્મલ આવ્યો. દવામાં ફેરફાર કર્યા. થોડી રાહત મળી.

હોસ્પિટલમાં ઈ.એન.ટી. સ્પેશિયાલિસ્ટ તથા આંખના સ્પેશિયાલિસ્ટનો અભિપ્રાય લીધો. એમની તપાસ નોર્મલ આવી.

એકાદ વર્ષ પહેલા ફરીથી માથાનો દુઃખાવો શરૂ થયો. બીજા ન્યુરોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. સારવાર શરૂ કરી નજીવી રાહત મળી. ત્રીજા ન્યુરોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવા સમજાવ્યા.

● **માથાના દુઃખાવાને લીધે તપનની જીવનશૈલી પર નકારાત્મક અસરો :**

(૧) વારંવાર માથાના દુઃખાવાને લીધે તપને ઓફિસમાં રજા લેવી પડતી. આથી તપનની અનિયમિત ઓફિસર તરીકે છાપ પડી હતી.

(૨) પત્નીને તપનની ખૂબ જ ચિંતા થતી હતી. "ગંભીર બીમારી છે." "અસાધ્ય બીમારી છે" એવી સતત ચિંતા રહેતી હતી. આથી પત્નીને પેટમાં એસિડીટી થઈ આવી તથા ડાયાબિટીસનું પ્રમાણ વધી ગયું.

(૩) ઓફિસમાં ગેરહાજર રહેવાથી ઓછા દિવસની હાજરીને લીધે પગાર ઓછો મળતો હતો. આથી નાણાંકીય તકલીફ રહેતી.

(૪) મોટા પુત્રને પપ્પાની તબિયતની ચિંતા હતી. આથી એ પોતાના અભ્યાસમાં ધ્યાન આપી શકતો ન હતો. તથા પપ્પા જોડે તપાસ માટે ઘણી વખત સાથે જવું પડતું. આ બધાને લીધે અભ્યાસમાં પાછળ રહેવા લાગ્યો.

**મનોચિકિત્સકનો અભિપ્રાય :**

ત્રીજા ન્યુરોલોજિસ્ટની સલાહ બાદ બે-એક મહિને તપન તથા એની પત્ની લેખકના અભિપ્રાય માટે આવ્યા. ઊંડાણમાં મનોવિશ્લેષણ કર્યું તથા વૈજ્ઞાનિક પદ્ધતિથી મનની તપાસ (Mental status Examination - MSE) કરી નીચે

પ્રમાણેની મહત્ત્વની જાણકારી મળી.

**મનના લક્ષણો :** તપનને છેલ્લાં પાંચેક વર્ષોથી (માથાના દુઃખાવાનું પ્રમાણ વધ્યું એના પહેલાંથી) રાત્રે ઊંઘ મોડેથી આવતી હતી. સવારમાં સ્ફૂર્તિ ઓછી રહેતી હતી. પરાણે ઊઠી તૈયાર થઈ સમયસર ઓફિસે જતો હતો. કામમાં મન ઓછું લાગતું હતું. ઓફિસમાં કોફી પીવાનું પ્રમાણ વધી ગયું હતું. શાંત સ્વભાવના તપનને નજીવી બાબતો પર વારંવાર ગુસ્સો આવી જતો હતો. પાછળથી તપનને પસ્તાવો થતો હતો પરંતુ ગુસ્સાને કાબૂમાં રાખી શકતો ન હતો. કામની ખૂબ જ ચિંતા રહેતી હતી. સમયસર કામ પૂર્ણ થશે કે નહીં એની સતત કાળજી રહેતી હતી. "નવો બોસ મારા વિશે શું ધારશે" એની ચિંતા હંમેશાં રહેતી હતી. જોકે અત્યાર સુધી બધું જ કામ બરોબર થયું હતું તેમજ સમયસર થયું હતું નવા બોસે કામમાં ભૂલ એકપણ કાઢી ન હતી છતાં પણ તપન સતત કાળજીમાં રહેતો હતો. બોસ મને કામમાંથી કાઢી નાખશે પછી હું શું કરીશ, મારા કુટુંબનું શું થશે એવી નકામી ચિંતા તથા નકારાત્મક વિચારો સતત આવતા હતા.

એક સહકર્મચારીનું ચારેક વર્ષ પહેલાં મરણ થયું હતું ત્યારબાદથી તપનની ચિંતા વધી ગઈ હતી. કામનો બોજો ત્યારબાદ વધી ગયો હતો. એનું અડધાથી વધારે કામ તપનને કરવું પડતું હતું.

ઉપરોક્ત મનના લક્ષણો – માથાનો દુઃખાવો વધ્યો એ પહેલેથી હતા. ઉપરોક્ત લક્ષણો માથાનો દુઃખાવો વધ્યો ત્યારબાદથી શરૂ થયા નથી.

સૌએ સમજવાની જરૂર છે કે આ મનના લક્ષણો તથા બીમારીને લીધે તપનમાં માથાનો દુઃખાવો વધ્યો છે, નહીં કે માથાના દુઃખાવાના વધારાને લીધે મનના લક્ષણો શરૂ થયા છે.

- **મનોવિશ્લેષણ :**

છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તપનના જીવનમાં નીચે પ્રમાણેના નકારાત્મક પ્રસંગો બન્યા હતા. આ પ્રસંગોની નકારાત્મક અસર મન પર થયેલ.

**(૧) કામનો બોજો :** ત્રણ વર્ષ પહેલાં નોકરીમાં બઢતી (Promotion) મળેલ હતી. પગાર થોડો વધ્યો હતો પરંતુ સાથે કામ ઘણું વધી ગયું હતું. સાંજના મોડેથી ઓફિસમાં બેસીને કામ પૂરું કરવું પડતું હતું. તપનને ઘણી વખત થતું કે આના કરતા બઢતીમાં "ના" પાડી હોત તો આ સ્ટ્રેસ ન આવત.

**(૨) ઉપરી અધિકારીનું (Boss) રાજીનામું :** ઉપરી અધિકારી જેની જોડે તપનને સારું બનતું હતું, એણે ઓચિંતુ કંપનીમાં રાજીનામું આપી દીધું તથા બીજી કંપનીમાં જોડાઈ ગયા. સંવેદનશીલ તપનના મન પર આ પ્રસંગની ઊંડી નકારાત્મક અસર થયેલ.

**(૩) ડેડ લાઇન - ટાર્ગેટ ડેટ્સ :** સમયસર કામ પૂરું કરવાનું સ્ટ્રેસ : કામ સમયસર સમયની મર્યાદામાં પૂરું કરવું પડતું હતું. જો કામ સમયસર (ટાર્ગેટ ડેટમાં) પૂરું ન થાય તો કંપનીને નુકસાની ભરવી પડે એમ હતું. એટલે શનિવાર તથા રવિવાર રજાના દિવસો હોવા છતાં ઓફિસમાં બેસી કામ કરવું પડતું હતું.

**(૪) દિકરાનું અકસ્માત તથા ફ્રેક્ચર :** એકના એક દીકરાનું અકસ્માત થયેલ તથા પગમાં ફ્રેક્ચર થયેલ. હોસ્પિટલમાં દાખલ કરી ઓપરેશન ઈમરજન્સીમાં કરાવવું પડેલ.

ઉપરોક્ત નકારાત્મક પ્રસંગોની સંવેદનશીલ, લાગણીશીલ તપનના મન પર ઊંડી અસર થયેલ. આ પ્રસંગો બાદ માથાનો દુઃખાવો વધી ગયેલ તથા સતત માથાનો દુઃખાવો રહેતો હતો.

**નિદાન :** મનના તથા શારીરિક લક્ષણો, વૈદ્યકીય તપાસ, મનની મનોવૈજ્ઞાનિક તપાસ (MSE), લેબોરેટરી, એક્સ-રે તથા અન્ય તપાસ પરથી યોગ્ય નિદાન કરવામાં આવ્યું. તપનને એન્ઝાઈટી ડીસઓર્ડરની (Anxiety Disorder) બીમારી થઈ હતી જેમાં શારીરિક લક્ષણ (Somatic SYmtom) મુખ્ય હતા.

માથાના દુઃખાવાનું કારણ તપનના કેસમાં માનસિક તણાવને લીધે હતું. જેથી બધી શારીરિક તપાસ નોર્મલ આવતી હતી તથા દર્દનાશક દવાઓથી રાહત મળતી ન હતી. સારવારમાં માનસિક તણાવ ઓછો કરવાની દવાઓ તથા પ્રતિક્રિયામાં ફેરફાર કરી સ્વભાવ તથા દૃષ્ટિકોણ બદલાવવાની જરૂર હતી.

- **સારવાર :**

માનસિક તણાવ (Stress) ઓછો કરવા માટે દવાઓ (Anti-stress Medication) ચાલુ કરી. જેની તાત્કાલિક અસર જોવા મળી. પખવાડિયામાં તો માથાના દુઃખાવામાં નોંધપાત્ર રાહત મળી. મહત્ત્વની સારવારમાં તો તપન નિયમિત ઓફિસમાં કામ પર જવા લાગ્યો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)**

# સ્વાસ્થ્ય નિરોગી જીવનની સામે દુનિયાનાં દરેક સુખને પાંગળા ગણવામાં આવે છે

• ડૉ. મિહિર એમ. વોરા •

પહેલું સુખ તે જાતે નર્યા - આ કહેવતથી આપણે બહુ સારી રીતે પરીચિત છીએ, એટલે જ તો નિરોગી જીવનની સામે દુનિયાનાં દરેક સુખને પાંગળા ગણવામાં આવે છે. સ્વસ્થ શરીરનાં મહત્ત્વ પર આપણાં વડવાઓએ ખૂબ જ ભાર આપ્યો છે. આ જ કારણથી તો પ્રાચીન સમયમાં યોગની શોધ કરી હતી. આજની લાઈફ સ્ટાઈલ અને ઝડપી બની રહેલી જિંદગીની દોડમાં તન-મન-ધનનું તાદાત્મ્ય સાધવું ઘણું મુશ્કેલીભર્યું બની ગયું છે. તે સ્થિતિમાં મેડિટેશન દ્વારા માનસિક થાક ઓછો થતાં આપણે અનેક રીતે સફળતા મેળવી શકીએ. એટલે કે મેડિટેશન, આત્મવિશ્વાસ, સંકલ્પ બળ દ્વારા માનસિક એકાગ્રતા વધારતાં, ધ્યાનયોગ દ્વારા માનસિક શાંતિની સાથે સાથે નવાં જોમ અને તાજગી તેમજ ઉત્સાહનો સંચાર થાય છે. જો તમને કોઈ ચિંતા હોય કે ઊંઘ ન આવતી હોય – આવામાં જો તમે કોઈ ડોક્ટરનો સંપર્ક કરશો તો તેઓ પણ તમને મેડિટેશન કરવાની સલાહ આપશે. જેમાં એકાગ્રતાની ઊણપ હોય છે તેઓ ખૂબ જ ચિંતિત, ઉદાસ, ચીડચિડિયા અને હતાશ રહે છે. કેટલાંક લોકો અપરાધ ભાવના અને હીનભાવનાનો શિકાર પણ થઈ જાય છે. આત્મવિશ્વાસની ઊણપ અને અસુરક્ષાની ભાવના, કુંઠા, ગુસ્સો, ગભરાહટ વગેરે વધી જાય છે. જેના કારણે અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ શરીરમાં ઘર કરે છે. જેથી ધ્યાન એટલે કે મેડિટેશન કરવાથી ફાયદા થાય છે.

**ધ્યાનની પદ્ધતિ :** ધ્યાન એ મોટી સાધના છે; કે અમુક સિદ્ધ પુરુષો કે ઋષિ-મુનિઓ જ ધ્યાન કરી શકે એ ખોટી માન્યતા છે. ધ્યાન એ મનની સહજસ્થિતિ છે જેને પ્રાપ્ત કરવાનું દરેક માણસ માટે શક્ય છે. એટલું જ નહીં પણ એ સહેલું પણ છે. ધ્યાનની અનુભૂતિ માટે જે રીતે શરીરને ફાવે અને સ્થિરતા પૂર્વક લાંબો સમય ટટ્ટાર કરોડરજ્જુ રાખીને બેસી શકાય એ રીતે બેસવું જોઈએ. સુખમ સ્થિરમ્ આસનમ્ સૂખપૂર્વક-સ્થિરતાથી બેસી શકાય એવું આસન પસંદ કરવું જોઈએ. તમને સાદી પલાંઠી વાળીને બેસવાનું ન ફાવે તો ખુરશીમાં ટટ્ટાર બેસો; નહીં તો પદ્માસનમાં કે સિદ્ધાસનમાં કે વજ્રાસનમાં - જેમ ફાવે તેમ ટટ્ટાર સ્થિરતા પૂર્વક બેસો. હવે આંખો બંધ કરી દો. તમારા મનમાં અનેક જાતના વિચારો આવ્યા કરશે. આ વિચારો પાછળ દોરવાઈ ન જાઓ. વિચારોને આવવા દો અને નિરપેક્ષ નિષ્કામભાવે એને પસાર થઈ જવા દો. ન વિચારોને રોકવાનો પ્રયત્ન કરો, ન એની પાછળ દોરવાઈ જાઓ. જાણે કે ફિલ્મ જોતા હો તેમ એક પછી એક વિચારોને આવવા દો અને પસાર થઈ જવા દો. ધીમે ધીમે વિચારોનું પ્રમાણ આપોઆપ ઘટતું જશે. આ પ્રક્રિયાની સાથોસાથ, ધીમેધીમે ઊંડા શ્વાસોશ્વાસ લેવાની શરૂઆત કરી દો. દરેક શ્વાસની સાથે પેટની દિવાલ ધીમેથી બહાર તરફ ધકેલાવી જોઈએ અને ઉચ્છવાસની સાથે અંદર તરફ જરા પણ ઝાટકા વગર, લયબદ્ધ ધીમેધીમે ઊંડા શ્વાસોચ્છવાસ લેતા રહો. તમારું બધું જ ધ્યાન શ્વાસોચ્છવાસ પર જ કેન્દ્રિત થશે. ધ્યાન એટલે શું? ધ્યાન એટલે કુદરત સાથે સંવાદિતા સાધવી; ધ્યાન એટલે પરમ શાંતિ; ધ્યાન એટલે મનના વિક્ષેપો, વિચારો કે વિકારોને મનની આંતરિક શાંતિની અનુભૂતિના રસ્તામાં ન આવવા દેવાની પ્રક્રિયા. આમ, ધ્યાનને અનેક રીતે વર્ણવી શકાય છે. આપણા મનમાં અને સમગ્ર વિશ્વમાં એક પરમ શાંતિનું તત્ત્વ છવાયેલું હોય છે. જ્યારે શરીર અને મન, કુદરત સાથે સંવાદિતા સાધીને રહે છે; માનસિક વિચારો કે વિકારો આ શાંતિથી મનને દૂર લઈ જાય એની કાળજી રાખવામાં આવે છે ત્યારે શાંતિ મેળવવાની પ્રક્રિયા શક્ય બને છે જેને ધ્યાન એટલે કે મેડિટેશન કહેવામાં આવે છે. ધ્યાન એક એવી ક્રિયા છે જે તણાવને ઝડપથી દૂર કરે છે. એક રિસર્ચ પબ્લિકેશનમાં બતાવવામાં આવ્યું છે કે મેડિટેશન, તણાવને ઓછું કરે છે અને દિમાગને શાંત કરે છે. મેડિટેશન કરવાથી આપણે પોતાને જાણી શકીએ છીએ. ખરા-ખોટાની ખબર પડે છે. મેડિટેશન કરવાથી દરેક વ્યક્તિને પોતાના માઈન્ડ સ્પોટની જાણકારી મળે છે જે આપણને વાસ્તવિકતાથી પર દોષોથી દૂર રાખે છે. સાંધાના દુખાવાથી જે નિયમિત રીતે મેડિટેશન કરે છે તેમને આરામ મળે છે. આનાથી તણાવ અને થાકમાં પણ રાહત મળે છે. મેડિટેશન ગર્ભવતી મહિલાઓમાં ડિપ્રેશન ઓછું કરે છે પાંચમાંથી એક ગર્ભવતી મહિલાને ડિપ્રેશન થાય છે, એવામાં તેમને મેડિટેશન કરવાથી આરામ મળે છે. મેડિટેશન એક પ્રકારનું માઈન્ડફુલનેસ યોગા હોય છે જે શરીરમાં સકારાત્મક ઉર્જાને એકત્રિત કરે છે. ટીનેજરમાં ડિપ્રેશનની સમસ્યા દૂર કરે

છે. ટીનેજર્સને લાગે છે કે દુનિયાની તમામ સમસ્યા તેમની જ પાસે છે. તેઓ ખૂબ જ તણાવમાં રહે છે. જો તેઓ નિયમિતપણે મેડિટેશન કરે તો તણાવ દૂર થશે અને ખુશ રહેશે. વજન ઘટાડવામાં સહાયક હોય છે. મેડિટેશન કરવાથી વજન પણ ઘટાડી શકાય છે. જે લોકો વજન ઘટાડવાના ઈચ્છુક હોય તેઓ જો મનથી મેડિટેશન કરે તો તેઓ આનો લાભ લઈ શકે છે. ઊંઘ આવવામાં મદદરૂપ હોય છે. જો કોઈને અનિંદ્રાની સમસ્યા હોય તો ચોક્કસ મેડિટેશન કરવું. મેડિટેશન કરવાથી મૂડ અને ઈમોશન કંટ્રોલમાં રહે છે અને ઊંઘ પણ સારી આવે છે. મેડિટેશન કરતી વખતે હંમેશાં હકારાત્મક વિચારો સાથે શરૂઆત કરવી. મેડિટેશન કરતી વખતે થાઈરોઈડ, હાઈ-લો બ્લડપ્રેશર તો નથીને? એ ચેક કરી લેવું. જરૂરી શાંત, શુદ્ધ હવામય વાતાવરણ પસંદ કરવું. ધ્યાન કરતી વખતે શ્વાસના લય પર ધ્યાન આપો, એનો અનુભવ કરો. ધ્યાનયોગ કરતી વખતે આરામદાયક ઢીલાં વસ્ત્રો પહેરવા. તબિયત સારી ન હોય તે સ્થિતિમાં હળવાં આસનો જ કરવાં. ધીમી ગતિએજ પ્રાણાયામ કરવો. મેડિટેશન કર્યા પછી પંચમુખી મુદ્રા દ્વારા શક્તિ લોક કરવી જરૂરી.

- **શું કરવું શું નહીં?**

જમ્યા પછી તરત જ કોઈપણ રીતે મેડિટેશન કરવાથી શારીરિક-માનસિક સ્થિતિ પર વિપરીત પ્રભાવ પડે છે. મેડિટેશન કર્યા પછી તરત જ જમવું નહીં. બે-પાંચ મિનિટ પછી પાણી, દૂધ-પી લઈ શકાય. મેડિટેશનમાં અવારનવાર વિક્ષેપ ન પડે તે માટે આહાર વિહારમાં કાળજી રાખવી. નેગેટિવ વિચારો ધરાવતી વ્યક્તિઓથી દૂર રહેવું. મેડિટેશન પહેલાં આસન કરતી વખતે શરીર પર વધુ દબાણ ન આવે, સ્ટ્રેસ ન પહોંચે એ બાબતની ખાસ કાળજી રાખવી. પ્રાણાયામ અને ધ્યાનયોગ દ્વારા ઈન્દ્રિયો અને મનના દોષો જે રીતે ધાતુને અગ્નિમાં તપાવવાથી તેના દોષ દૂર થાય છે અને અસાધારણ ઝડપે માનસિક એકાગ્રતા વધે તેમજ શાંતિનો અનુભવ થાય છે. જ્યાં દાક્તરી સલાહની જરૂર હોય ત્યાં દાક્તરી સલાહને અવગણશો નહીં.

*Email : Noremihirm@yahoo.com*

## મને વારંવાર માઇગ્રેન થાય છે – (૧)

(અનુસંધાન : પાના નં.-૬૪ ઉપરથી ચાલુ)

કાઉન્સેલિંગ સેશન્સ શરૂ કર્યા. નકારાત્મક પ્રતિક્રિયામાં તથા દૃષ્ટિકોણમાં સમજણપૂર્વકના ફેરફારો તપને કર્યા.

કોગ્નિટીવ બિહેવિયર થેરાપી શરૂ કરી.

**પરિણામ :** ત્રણ મહિનાની સારવારમાં ઘણો જ ફરક પડ્યો. તપન ઓફિસમાં નિયમિત કામ કરવા લાગ્યો. ઓફિસમાં તથા ઘરે તપન પ્રફુલ્લિત રહેતો હતો. માથાનો દુખાવો બંધ થઈ ગયો. એક વર્ષમાં તપનને માથાનો દુખાવો ફક્ત બે જ વખત થયો હતો. દુ:ખાવો મામુલી હતો તથા તરત જ કાબૂમાં આવી ગયો હતો. દુખાવાના લીધે તપને ઓફિસમાં એકેય દિવસ રજા લીધી નથી.

- **સારાંશ :**

દર્દીમાં શારીરિક લક્ષણો હોય, વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી, સી.ટી.સ્કેન, એમ.આર.આઈ. સ્કેન વગેરે બધુ જ નોર્મલ હોય ત્યારે શારીરિક તપાસ જોડે મનની વૈજ્ઞાનિક તપાસ મનોચિકિત્સક પાસે કરાવવી જરૂરી છે. વિચારો, લાગણી, કાર્ય, એકાગ્રતા, ગ્રહણશક્તિ, સ્મરણશક્તિ, વર્તણૂંક વિશેના લક્ષણોની યોગ્ય તપાસ કરવાથી યોગ્ય નિદાન થઈ શકે છે તથા યોગ્ય સારવાર થઈ શકે છે જેથી દર્દીને રાહત મળે છે અને દર્દી ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે. *(ક્રમશ:)*

## એક મજેદાર પુરાણકથા

ભગવાન વિષ્ણુનું વાહન ગરૂડ. આ ગરૂડના એક કાકા હતા. ગરૂડના કાકાને પોતાની મૃત્યુતિથિ જાણવાની ઈચ્છા થઈ. તેણે ગરૂડને વિષ્ણુ ભગવાનને પૂછવાનું કહ્યું. પછી બંને વિષ્ણુ પાસે ગયા. વિષ્ણુએ કહ્યું કે જેણે સર્જન કર્યું છે તે બ્રહ્માજી જ આ તિથિ કહી શકે.

પછી ત્રણે જણ બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ જણાવ્યું કે આ તો વિસર્જનના દેવ મહાદેવજી જ કહી શકે.

પછી ચારેય જણ મહાદેવજી પાસે ગયા. મહાદેવજીએ કહ્યું કે આનો જવાબ તો યમરાજા જ આપી શકે.

પછી પાંચેય જણ યમરાજ પાસે ગયા. પણ યમરાજે કહ્યું કે આનો અધિકાર તો વિધાતા પાસે છે – જેણે લેખ લખ્યા છે.

પછી છ જણ વિધાતા પાસે ગયા અને ગરૂડના કાકાની મરણ તિથિ પૂછી. વિધાતાએ પોતાની ખાતાવહી જોઈને જવાબ આપ્યો કે : જે ક્ષણે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ગરૂડ અને યમરાજ એક જ જગ્યાએ ભેગા થશે ત્યારે ગરૂડના કાકાનું મૃત્યુ થશે!!

તે જ ક્ષણે કાકા ઢળી પડ્યા!

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*જો ભાગ્યમેં હૈ વહ ભાગકર આયેગા,*
*જો નહીં હૈ વહ આકર ભી ભાગ જાયેગા.*

માહિતી

# આંદામાન અને નિકોબાર ટાપુઓ

• મહેશભાઈ ત્રિવેદી •

આંદામાન - નિકોબારના ટાપુઓની ગુજરાતીઓને સવિશેષ માહિતી ન હોય તે સ્વાભાવિક છે. તેમ છતાં હવે ગુજરાતીઓ ત્યાં ખૂબ જ ફરવા માટે જાય છે. ત્યાં બે રીતે પહોંચાય છે. એક વહાણ દ્વારા અને બીજો રસ્તો છે હવાઈ માર્ગે. એલ.ટી.સી. હવાઈ માર્ગે માન્ય હોવાથી એકવાર પ્લેન દ્વારા જવું જોઈએ. પ્લેન દ્વારા જવાથી ખર્ચ વધશે પણ સમય બચવાનો. વહાણ દ્વારા જવું હોય તો દેશના ત્રણ જગ્યાએથી અઠવાડિયા કે દસ દિવસે વહાણ ઉપડે છે. ચેન્નાઇ, કલકત્તા અને વિશાખાપટ્ટનમ. વહાણો પણ મોટા વિશાળ હોય છે. જેથી તેમાં કોઈ તકલીફ નથી હોતી પણ વહાણને પહોંચતા ૮૦થી ૮૫ કલાક થાય છે. દરેક વહાણમાં ચાર ક્લાસ હોય છે : ડિલક્સ, પ્રથમ શ્રેણી કેબિન, દ્વિતીય શ્રેણી કેબિન અને બંક શ્રેણી. ડિલક્સનો ભાવ રૂા. ૭૬૪૦/-, પ્રથમ શ્રેણી માટે રૂા. ૬૩૨૦/-, દ્વિતીય શ્રેણી માટે રૂા. ૫,૦૩૦/- અને બંક શ્રેણી માટે રૂા. ૧૯૬૦/-નો ભાવ આજે છે. ચેન્નાઈ, વિશાખાપટ્ટનમ કે કોલકત્તામાં વહાણી ઑફિસે રીઝર્વેશન કરાવવું જરૂરી છે. રીઝર્વેશન માટે નીચેના ફોનનો સંપર્ક કરો. Shipping Corporation of India Ltd. • મુંબઈ : (૦૨૨) ૨૮૨૨૧૦૧, ૨૮૨૩૩૧૬ • કોલકત્તા : (૦૩૩) ૨૪૮૨૩૫૪, ૨૪૮૮૦૧૩ • ચેન્નાઇ : (૦૪૪) ૨૫૨૩૧૪૦૧.

પોર્ટ બ્લેયર ત્યાંની રાજધાની છે. આ સૌથી મોટું શહેર છે. જ્યાં તમામ વસ્તુઓ ઉપલબ્ધ છે. ચેન્નાઈથી પોર્ટ બ્લેયરનું અંતર ૧૩૩૦ કિ.મી. છે. કોલકત્તાથી ૧૩૦૩ કિ.મી. અને વિશાખાપટ્ટનમથી ૧૨૦૦ કિ.મી.નું અંતર છે. વિમાનમાં પહોંચતા બે કલાક થાય છે.

પોર્ટ બ્લેયર ઉતર્યા પછી ત્યાં હોટલોની ખૂબ જ વ્યવસ્થા છે. દરરોજનું હોટલનું ભાડું રૂા. ૮૦૦થી રૂા. ૨૦૦૦ સુધીનું છે. મોટાભાગે ત્યાં તમિલ લોકો રહે છે. તેઓની માતૃભાષા તામિલ છે પણ બધો જ વ્યવહાર હિંદીમાં ચાલતો હોવાથી તમિલ લોકો પણ હિંદીમાં જ બોલે છે. અહીં ગુજરાતીઓના પચાસ જેટલા ફેમિલી છે પણ આમાં મુસ્લિમ ફેમિલી વધારે છે. નવાઈની વાત તો એ છે કે નવરાત્રિના તહેવાર નિમિત્તે બધા ભેગા મળીને માતાજીના ગરબા ગાતા હોય છે અને દિવાળી પછી એકવાર સ્નેહ મિલનનો કાર્યક્રમ પણ ગોઠવે છે. 'ગુજરાતી મિત્ર મંડળ' નામની રજિસ્ટર્ડ સંસ્થા ૨૦૦૪માં ઊભી કરી છે. જેના પ્રમુખ મહમદભાઈ જાદવેટ છે. મહમદભાઈનું આ વિસ્તારમાં ખૂબ જાણીતું નામ છે. તેઓ જાદવેટ ટ્રેડિંગ કંપનીમા માલિક છે. ગુજરાત મિત્ર મંડળના મંત્રી છે મહેશભાઈ ત્રિવેદી. ખૂબ જાગૃત અને સેવાભાવી. અહીં કોઈ પણ ગુજરાતી આવે તો તમામ પ્રકારની વ્યવસ્થા કરી આપે. મહેશભાઈ ૩૨ વર્ષ પહેલાં અહીં આવેલા છે. મૂળ વતન રાજકોટ. તેઓ હાર્ડવેરનો ધંધો કરે છે ને તેઓની પત્ની કલ્પનાબેન ફેશન ડિઝાઇનર તરીકે કાર્ય કરે છે.

આંદામાન - નિકોબારમાં જે યાત્રીઓ ફરવા જાય છે તેઓનું ૫ રાત્રિ અને ૬ દિવસનું અથવા ૭ રાત્રિ અને ૮ દિવસનું પેકેજ હોય છે. જેને પેકેજ ટુર કહેવામાં આવે છે. પેકેજના ભાવ અલગ અલગ હોય છે. સામાન્ય રીતે ૧૧,૦૦૦ રૂપિયા પેકેજ ટુરના લેવામાં આવે છે. આ પેકેજ ટુરમાં રહેવા - જમવા તેમજ ફરવાનો — તમામ ચાર્જનો સમાવેશ થાય છે. આપણે કશું જ આપવાનું હોતું નથી. સવારે ચા-પાણી નાસ્તો કર્યા પછી બહાર ફરવા નીકળી જવાનું હોવાથી લંચ પોતાના ખર્ચે, વચ્ચે જરૂરી હોય તો કરી લેવાનો હોય છે. સાંજે ડિનર તેઓ સારી રીતે આપે છે. પેકેજ ટુરમાં તમારે કયા દિવસે કયા સ્થળે ફરવા જવાનું હોય છે, તે જણાવી દે છે. પણ યાત્રી તરીકે તમારે સજાગ અને સ્પષ્ટ રહેવાની જરૂર છે કારણકે આ બધા લોકો જે ધંધો કરે છે, તે સેવા માટેનો નથી હોતો. જેથી તમારે પહેલા દિવસે જ તમામ પ્રકારની સ્પષ્ટતા કરી લેવી જોઈએ અન્યથા કેટલીકવાર છેતરાઈ પણ જવાય છે. મે ની ૧૫મીથી વરસાદ શરૂ થાય છે. જેથી સપ્ટેમ્બર પછી જ ત્યાં જવું હિતાવહ છે. શિયાળામાં ઠંડી જેવું નથી. ઓક્ટોબરથી એપ્રિલ સુધી સારી ઋતુ ગણાય છે. વરસાદ ૧૫૦ ઇંચ જેટલો પડે છે. વધુમાં વધુ ગરમી ૩૦થી ૩૧ ડિગ્રી સેલ્સિયસ હોય છે.

આંદામાન એક ઐતિહાસિક ભૂમિ છે. પ્રાકૃતિક સૌંદર્યની દૃષ્ટિએ કાશ્મીર કરતાં પણ તેની ઊંચાઈ ચડી જાય તેવી છે. પ્રદૂષણ રહિત આ ભૂમિ છે. દરિયો એકદમ સ્વચ્છ છે. વાતાવરણ શાંત છે. સ્થાનિક લોકો ઈમાનદાર છે. ઇ.સ. ૮૫૧ની આસપાસ આરબ ખલાસીઓએ નિકોબારી ટાપુને ઓળખી બતાવ્યો હતો અને આ ટાપુઓને 'આંગામાન' તરીકે

સંબોધ્યા હતા. તેના ઉપરથી 'આંદોમાન' નામ પડ્યું. આંદોમાનનો અર્થ 'મોટું' થાય છે. ૧૮મી સદીમાં અંગ્રેજ વહાણવટીઓ દ્વારા વસાહત સ્થાપવાના ઘણા પ્રયત્નો થયા પરંતુ પીવાના પાણીની અછત, મેલેરિયાનો ભય અને અહીંની મૂળ પ્રજાના હિંસક વલણના કારણે છેક ૧૭૯૮ સુધી બંદર સ્થાપી શકાયું નહીં. ૧૭૯૮ના ઓક્ટોબરમાં નૌકાદળના કેપ્ટન આર્કી બાલ્ડ બ્લેર ત્રણ જહાજો સાથે અહીં આવ્યા. અને તેઓએ ચૌથમ ટાપુ ઉપર વૃક્ષો કપાવી, સાફસૂફી કરાવીને પહેલી વસાહત સ્થાપી. અંગ્રેજોએ ૧૨૦ જેટલા કેસોમાં આજીવન કેદની સજા કરેલી તેવા તમામને અહીં મોકલી દીધેલા. સેલ્યુલર જેલમાં ૩૭૦ જેટલા દેશની આઝાદી માટે લડેલા સપૂતોને રાખવામાં આવેલ. જેમાંથી કેટલાયે લોકોને ફાંસી આપી દીધી હતી. આ સેલ્યુલર જેલ જોવા જેવી છે. આઝાદી માટે લડેલા તમામના ફોટાઓ અહીં છે. તદુપરાંત ગણેશ દામોદર સાવરકરે લખેલ 'કાળાપાણી' વિશે જેલના દરવાજે લખ્યું છે :

*"યહ તીર્થ મહાતીર્થોંકા હૈ,*
*મત કહો ઈસે કાલાપાની.*
*તુમ સુનો યહાં કી ધરતી કી,*
*કણ કણસે ગાથા બલિદાની."*

આ તમામ મહાપુરૂષોના જીવન વિશે ખૂબ જાણવા જેવું છે. આમાંથી ઘણા દેશ ભક્તોએ પોતાની આત્મકથા લખીને અંગ્રેજોને કેવી કેવી પીડા આપી હતી, તેનું વર્ણન કરેલ છે. લક્ષ્મીકાંત શુક્લની આત્મકથા 'ક્યા છોડું ક્યા બાંધ ચલું' આ સિવાય પણ ઘણી બધી માહિતી આ વિશે જાણવા જેવી છે. આંદોમાન આદિવાસીઓ વિશે ભારત સરકારે 'મેન ઈન સર્ચ ઓફ મેન' નામની ફિલ્મ બનાવી છે, જેને બેસ્ટ ડોક્યુમેન્ટરી ઍવોર્ડ મળેલ છે. વીર સાવરકરે લખ્યું છે કે 'સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે પણ મુતરડી અને જાજરૂની વ્યવસ્થા ત્રાસ ઉપજાવે તેવી હતી. કેદીઓને નક્કી કરેલા સમયે જ એક સાથે હાજતે લઈ જવામાં આવતા હતા. કેદીઓને આપવામાં આવેલું માટીનું વાસણ પણ એટલું બધું નાનું હતું કે એમાં પેશાબ-પાણી થઈ શકે નહીં. નારિયેળની કાચલીમાંથી બનાવેલો વાડકો ભરીને દરેકને કાંજી આપવામાં આવતી અને તે પણ મીઠા વગરની." આવી કરૂણ પરિસ્થિતિમાં તેઓ જીવતા હતા. ગુજરાતીમાં સ્વામી સચ્ચિદાનંદજીએ 'કાલા પાની' (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય), કિશોરસિંહ સોલંકીએ 'કાળા પાણીના કિનારે' (પાર્શ્વ પ્રકાશન) અને હીરેન મહેતાએ 'અજબ દુનિયા આંદામાનની' (નવભારત સાહિત્ય મંદિર) નામના ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે. જેમાંથી ઘણી બધી માહિતી જાણવા મળે એમ છે.

આવા એક ઐતિહાસિક પ્રદેશને જોવો તે જીવનનો લહાવો છે. આ માટે વિભિન્ન ટ્રાવેલ એજન્સીઓ અત્યારે આ વિસ્તારમાં ટુરનું આયોજન કરે છે. ભારત સરકારના પ્રવાસ વિભાગે પણ ઘણી બધી વ્યવસ્થા ત્યાં ગોઠવી છે. સાથે સાથે આંદોમાન વિસ્તારમાં સરકારી બસો પણ એક સ્થળેથી બીજા સ્થળે લઈ જાય છે. એકવાર આ દેશનો આ ભવ્ય આઝાદીનો વારસો જ્યાં સંકળાયેલો છે, તે સ્થળનું દર્શન કરવું એક લહાવો છે.

## લઘુ કથા : સાંસદની ચૂંટણી ટાણે પક્ષની ટિકિટ

*– કૃષ્ણ પંડિત*

કાંતિલાલ નખશીખ ગાંધીવાદી હતા. શાસ્ત્રીજી એમના આદર્શ હોઈ, રાજકારણમાં ત્રીસ વર્ષથી એક જ પાર્ટીના અદના સેવક તરીકે તેમણે સેવા આપી હતી. એ જૂનું નળિયાવાળું મકાન, સીંદરી ભરેલ ખાટલો ને જૂની રહનસહન.

તાલુકાના, પક્ષના ઉત્સાહી યુવકોને લાગ્યું કે કાંતિલાલ જેવા ઈમાનદાર, સંન્નિષ્ઠ અને સેવાના ભેખધારીને વિધાનસભાની ટિકિટ તથા ચૂંટાયા પછી મંત્રીપદ મળશે તો પક્ષની પ્રતિષ્ઠા વધશે, રાજ્યનું ભલું થશે.

એમની પ્રતિષ્ઠા એવી હતી કે અન્ય તાલુકાના પક્ષના કાર્યકરો પણ રજૂઆત કરવા પહોંચી ગયા ને પક્ષ પ્રમુખને કહ્યું કે કાંતિભાઈને એમ.સી. (સાંસદ) તરીકે ઊભા રહેવા ટિકિટ આપો. અમો સહુ તેમને જીતાડવાની ખાતરી આપીએ છીએ.

પ્રમુખ તથા ટિકિટ વિતરણ કરનાર સભ્યોની મૂંઝવણ વધી ગઈ કારણકે ઘણો મોટો જનમત એમની ફેવરમાં હતો પણ કાંતિલાલ ભૂખડી બારસ હતા. કમિટીને દોઢિયું પરખાવે એવી એમની નાણાંકીય સ્થિતિ ન હતી. ચૂંટણી ખર્ચ ઉપાડવાનો કે ભંડોળમાં ફાળો આપવાનો તો પ્રશ્ન જ ન હતો.

પ્રમુખે કહ્યું, 'ભાઈ, ખુદ શાસ્ત્રીજી કે સરદાર ટિકિટ માંગે તો પણ ટિકિટ ન આપી શકીએ. સાંપ્રત સમયમાં પક્ષના સભ્યોની ઈમાનદારી ઉપર નહીં પણ પૈસાના ભંડોળ થકી પક્ષ ચાલે છે. જો ઈમાનદાર, ગરીબ, ઈન્ટેલીજન્ટ અને સજ્જનોને ટિકિટો આપીશું તો અમારી પાર્ટી અને અમે ભૂખે મરશું ને ડૂબશું.

*પ્લોટ નં. ૧૩૨૯/૨, સેક્ટર-૩/બી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૩.*
*મો. ૯૬૮૭૪ ૮૫૮૮૦*

માહિતી

# સાંપ્રત સમયમાં પ્રકાશિત સામાયિક 'ધરતી'ને ૭૦ વર્ષ થયા

• ભીમજી નાકરાણી •

આપણે જ્યારે નાના હતા ત્યારે અને આજે પણ શાળા - કોલેજની લાઈબ્રેરીમાં અથવા કોઈ કોઈ જગ્યાએ બુક સ્ટોલમાં આપણને જુદા જુદા વિષયના સામયિકો (મેગેઝિન) જોવા મળે, બાળવાર્તા, ધર્મ, સ્ત્રી વિષયક, સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી, ન્યુઝ વીકલી કે પાક્ષિક, મેનેજમેન્ટ, પોલીટિકલ રિવ્યુઅર, આરોગ્ય વિષયક અને અન્ય. ઘણાં વાંચે, ઘણાં નજર મારે. આજે તો દરેક દૈનિકપત્રમાં વિવિધ પૂર્તિઓ આવે છે. જે એક સ્વતંત્ર મેગેઝિન છે. હવે છેક આઝાદી પહેલાથી અને આઝાદી પછી આ સામયિકોએ જનજાગૃતિનું માધ્યમ બની લોકોને જગાડવાનું, પ્રેરણા આપવાનું, સંસ્કાર સિંચન અને માતૃભાષાને જીવાડવાનું કામ કર્યું છે. આજેય કરે છે. જે સમાજ સૌથી વધુ જાગૃત, વિકાસશીલ અને શિક્ષિત કે સમજદાર છે (માત્ર સંપત્તિવાન નહીં) તે સમાજ કે સંસ્થાનાં મુખપત્રો કે મેગેઝિન સૌથી વધુ પ્રકાશિત થાય છે. લોકો તેને વાંચે છે, ચિંતન કરે છે. દા.ત. સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક સામયિકો લોકોના ઘર સુધી જાય છે. સંસ્કાર સિંચનનું કામ કરે છે. એવી જ રીતે તદ્દન ઓછી વસ્તી ધરાવતા જૈન સમાજના 'જીતો' સહિત ૧૫થી ૧૭ મેગેઝિન પ્રકાશિત થાય છે. વર્ષોથી સમાજ જાગૃતિનું કામ કરે છે. એટલે આવતા સમયમાં પણ પ્રિન્ટ મીડિયાનું મહત્ત્વ ઘટવાનું નથી. હવે તો આ બધઆ મેગેઝિન ઓનલાઈન નેટ ઉપર પણ આપણે વાંચી શકીએ છીએ.

ગુજરાત - મહારાષ્ટ્રમાંથી વિવિધ વિષય, જ્ઞાતિ, જાતિ, ધર્મ-સંપ્રદાય, શિક્ષણ અને ઈન્ડસ્ટ્રીયલ કે પછી સરકારી સામયિકો ગણો — અંદાજિત ૭૦૦થી વધુ સામયિકો પ્રકાશિત થઈ રહ્યા છે — અને થાય છે, વંચાય છે. ચિત્રલેખા કે અભિયાન ન્યુઝ મેગેઝિન છે જે સ્ટોલ ઉપર મળે છે. જ્યારે સંસ્કાર સિંચનનું માસિક જનકલ્યાણ જેની એક લાખ નકલ આજેય વેચાય છે, વંચાય છે. આ સિવાય તદ્દન નાના નાના 'ફરફરીયા' જુદા ગણાય. આ બધાની કુલ નકલ ૩૫ લાખથી વધુ થવા જાય છે. જેમાં ધર્મ, સંપ્રદાય અને સરકારી સામયિકોની નકલો સૌથી વધુ છે. જોકે, આ વિષય ખૂબ જ વિશાળ છે. હવે આપણે ગુજરાતમાં પાટીદાર સમાજના મુખપત્રો અને મેગેઝિનોની વાત કરીએ. ગુજરાતમાં લેઉઆ - કડવાની કુલ ૧૫ ટકા વસતિ ગણાય. આર્થિક રીતે સુખી - સંપન્ન એવો આ સમાજ અનેક ધર્મ, સંપ્રદાય, વાડી, વાડા, ગોળ અને અંગત રજવાડામાં વહેંચાયેલો છે. માતબર દાન આપીને માતબર સંસ્થાઓ બનાવી છે. તે વિવિધ સંપ્રદાયોના મંદિર નિર્માણ માટે અને તેમના મુખપત્રોને નિભાવવા માટે કરોડો રૂપિયા આપતી આ દિલેર પ્રજા છે. પણ ખાટલે મોટી ખોટ છે કે આ પ્રજા પાસે રૂપિયા આવ્યા, સંસ્કાર, વાંચન, ચિંતન ઓછા થયા. પોતાને પોતાનું ગૌરવ ઘટતું જાય છે. વાડાબંધીમાં 'જોક'માંના બિચારાની સ્થિતિમાં હૈસો-હૈસોના તાલે ચાલી રહ્યા છે. એટલે પાટીદારો પાસે સાંપ્રત સમયની જરૂરિયાત પ્રમાણે સામયિકોનો અને વાચકોનો અભાવ છે. એટલે જોઈએ તેવી જનજાગૃતિ નથી. તેના માઠા પરિણામ સમાજ ભોગવી રહ્યો છે. આગળની ખબર નથી! પાટીદારોના જે સામયિકો ચાલે છે તે મોટેભાગે ધાર્મિક, સાંપ્રદાયિક સંસ્થા દ્વારા પ્રકાશિત અને કેટલાક 'હાઈફાઈ' ડાઈજેસ્ટ છે. જે પુસ્તકોમાંથી કે બીજેથી લેખો સીધેસીધા ઉઠાવે છે. જેથી હાલના સમયને અનુરૂપ સમસ્યા કે તેના ઉકેલની વાત તેમાં આવતી નથી કે સમાજની તત્કાલીન સ્થિતિ, સમાચાર, લેખો, ચિંતન, ચર્ચા 'ઍવોઈડ' કરવામાં આવે છે. પૈસાપાત્ર ટ્રસ્ટી તંત્રી હોય, સંપાદક મંડળ માત્ર નામનું હોય. 'વટ પાડવા' અને પોતાના ઈગોને પોષવા માટે પોતાને ગમતા લેખો અને વિષયોની વાત આમાં આવ્યા જ કરે છે, જે બરાબર નથી.

સમાજ માટે સમાજનું મેગેઝિન સમાજની જ ચિંદતા કરતું હોય, સમાજનો ચિતાર અને વાતો - સમાચાર, સમસ્યા લખતું હોય, 'કચ્છ કડવા પાટીદાર સંદેશ' તેનો આદર્શ નમૂનો લેખાય. 'જિનમંગલ' પણ ખરું. કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું 'મંગલ મંદિર' કે કડવા પટેલ સમાજનું 'ઉમિયા પરિવાર' કે 'ધરતી' જોવું જોઈએ. ડાઈજેસ્ટ તો સ્ટોલ ઉપર મળે છે અને દૈનિક પત્રોની પૂર્તિઓમાં ઘણું વાંચન મળે છે. સમાજલક્ષી હોવું તે સમાજના મુખપત્રની ખાસિયત છે. 'સાધના' હિંદુત્વની વાત કરે તો 'કુમાર' સાહિત્ય અને કલાની વાત કરે. એમ જ્ઞાતિના સામયિકમાં શું જોઈએ, તે જે તે પ્રકાશક કે તંત્રીને ખબર હોવી જોઈએ.

આમ છતાં પાટીદારોમાં કાળક્રમે સમય અનુસાર સામયિકો આવ્યા, બંધ થયા, નવા ચાલુ થયા, ઘણાં ચાલે છે અને ચાલે છે તે જનજાગૃતિનું કામ કરે છે. સામયિક એ સંગઠન માટેનું સૌથી મહત્ત્વનું પીઠબળ અને પૂરક બળ છે. સમાજે કોઈપણ ભોગે

સામયિકો ચલાવવા જ જોઈએ, વાંચવા જોઈએ એ પણ જરૂરી છે.

એક વાત ખાસ સમજવા જેવી છે. તે વાત એ છે કે સૌથી વધુ સમયથી ચાલતા, ફેલાવો ધરાવતા અને સૌથી વધુ વંચાતા સામયિકો ક્યારેય ખર્ચાળ નથી હોતા. આવા સામયિકનું અંદરનું સત્ત્વ મજબૂત હોય છે. ચાર કલરમાં કે આર્ટ પેપરમાં છપાતું, કિંમતમાં મોંઘું મેગેઝિન સમાજને પરવડે નહીં. બુક સ્ટોલ પર વેચાતા ચિત્રલેખા, ફેશન, ફિલીંગ્સ, ગૃહશોભા કે ફેમિનાની વાત અલગ છે. ઊમિયા પરિવાર એક જ કલરમાં છપાય છે. ૪૦,૦૦૦ નકલનો ફેલાવો છે. લે-આઉટ બેસ્ટ છે. તો જનકલ્યાણ ન્યુઝ પ્રિન્ટમાં છપાય છે. છતાં એક લાખ પરિપક્વ વાચકો ધરાવે છે. સમાજના મુખપત્ર ઉત્તમ લે-આઉટ, સફેદ સારા કાગળમાં હોય, લેખો અને અંદરની મેટર અલગ અલગ લેખકો દ્વારા અલગ અલગ વિષય ઉપર હોય, ઉઠાંતરી ન હોય, તાજા લેખો હોય તે જરૂરી છે. ગુજરાતના કડવા પાટીદાર અને લેઉઆ પાટીદાર પાસે સામયિકો છે. હવે કડવા પાટીદાર પાસે ૭૦ વર્ષથી એક સામયિક નિયમિત પ્રસિદ્ધ થાય છે, જેનું નામ છે 'ધરતી.' આજે પણ ૬૮થી ૭૦ પેજમાં ખૂબ સારું પ્રિન્ટીંગ અને લે-આઉટમાં સમાજનું મુખપત્ર સાબિત થાય છે. ૭૦ વર્ષનું આયુષ્ય અદ્ભુત વાત છે, અભિનંદનને પાત્ર છે. ૧૮ હજાર નકલનો ફેલાવો ધરાવે છે. જ્ઞાતિ-જાતિ, સમાજ કે સંસ્થાના સામયિકમાં આત્મા તત્ત્વ મહત્ત્વનો ગણાય. કડવા પાટીદાર સમાજ પાસે સમગ્ર ગુજરાતના મુખ્ય શહેરોમાંથી કુલ ૧૫ જેટલા સામયિક પ્રકાશિત થાય છે. જેની કુલ નકલ અંદાજિત ૧ લાખ ૫૦ હજાર જેટલી થવા જાય છે. આ જાગૃતિની નિશાની છે.

જ્યારે ગુજરાતમાં વસતા લેઉઆ પાટીદારો સંખ્યામાં વધુ છે, શિક્ષિત છે, સંપત્તિવાન છે. છતાં આખા ગુજરાતમાંથી માત્ર ૫થી ૬ સામયિક પ્રકાશિત થાય છે. જેને ૧૦૦% સમાજલક્ષી ગણીએ તેવા સામયિકોની કુલ નકલ ખૂબ ઓછી છે. મોટાભાગના સામયિક તો માત્ર સૌરાષ્ટ્ર - લેઉઆ પાટીદાર સમાજની સંસ્થાઓ પ્રકાશિત થાય છે. જેને ૧૦૦% સમાજલક્ષી ગણીએ તેવા સામયિકોની કુલ નકલ ખૂબ ઓછી છે. મોટાભાગના સામયિક તો માત્ર સૌરાષ્ટ્ર - લેઉઆ પાટીદાર સમાજની સંસ્થાઓ પ્રકાશિત કરે છે. આ સમાજ પાસે વાંચન નથી, ચિંતન નથી, સમજદારી કેળવવાની બાકી છે. અઢળક સંપત્તિ જરૂર છે પણ જ્ઞાન, માહિતી કે સંગઠન માટેનું કોઈપણ વિચારપત્ર કે મુખપત્ર નથી. દયનીય સ્થિતિ ગણવી. આપણે કેટલા વૈચારિક પછાત અને જ્ઞાનમાં ગરીબડા છીએ તે આ આંકડા બતાવે છે. લેઉઆ પટેલ ધર્મ, સંપ્રદાય, વાડાબંધી, ગોળ અને અંગત રજવાડામાં વહેંચાયેલો સંપત્તિવાનનું પ્રભુત્વ ધરાવતો સમાજ છે. એટલે ગરોડા સમાજ, વાળંદ સમાજ, વાલ્મિકી સમાજ કે દલિત અને અન્ય તદ્દન નાના સમાજના સામાજિક જેટલા પણ સામયિક કે નકલો નથી. આ ક્ષેત્રે બૌદ્ધિક અને આવડત ધરાવતા કોઈ વ્યક્તિઓ સમાજના પૈસાપાત્ર ધૂરંધરોને ખપતા નથી. મેં જાતે 'લેઉઆ પાટીદાર સંદેશ' નામનું સામયિક ૩ વર્ષ ચલાવ્યું. મારા ઉપર વ્યક્તિગત ૪.૫૦ લાખનું દેવું કરી બંધ કરવું પડ્યું. લવાજમ, જાહેર ખબર તો ઠીક, 'સારું થઈ રહ્યું છે' કહેનારો મળવો મુશ્કેલ છે. આ લેઉઆ પટેલો છે જેમના આર્થિક અનુદાનથી જ મોટા મંદિરો, આવક આપતી સંસ્થાઓ, મોટા મોટા ધામો, ધર્મ સ્થાનો આકાર પામી રહ્યા છે. પરંતુ પોતાના જ સમાજને એક તાંતણે બાંધવા માટેનું મુખ્ય મીડિયા પ્લેટફોર્મ એટલે સમસ્ત લેઉઆ પટેલ સમાજ માટેનું મજબૂત મુખપત્ર 'મેગેઝિન' હજુ સુધી નથી. જે ચાલે છે તેની ખબર નથી પણ કડવા પાટીદાર સમાજના સામયિકોની જેમ માતબર નથી, તંત્રી તરીકે લાખો રૂપિયા આપીને બનેલા ટ્રસ્ટીઓ જ પોતાના નામ સાથે કાર્ય કરે છે. વાંધો નથી, પણ સમાજના સામયિકોમાં એ આપો, જે અત્યારના સમયની માંગ છે. સમાજને જાગૃત કરવા માટે જે મહત્ત્વની મેટર છે. સમસ્યાઓના ઉકેલ માટે નવલોહિયા લેખકો તૈયાર કરી તેમની પાસે લખાવો, સામયિકને વ્યક્તિગત પબ્લિસિટી માટે નહીં, સમાજ માટે ઉપયોગી બનાવો. સમાજના રૂપિયા બચાવો.

## હવે જોઈએ પાટીદાર સામયિકોની થોડી મહત્ત્વની વિગતો અને માહિતી – કડવા પાટીદાર સમાજના સામયિકો

| ક્રમ | વર્ષ | સામયિકનું નામ | પ્રકાશક | સમય | કુલ નકલ | પેજ | વિષય | તંત્રી | પ્રિન્ટીંગ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨૬ | ઉમિયા પરિવાર | સિદસર મંદિર | માસિક | ૪૦,૦૦૦ | ૮૨ | સંપૂર્ણ સામાજિક | ડૉ. રમેશ ઘોડાસરા | ૧ કલર |
| ૨. | ૫ | ★ઉમિયા જ્યોત | ઊંઝા મંદિર | માસિક | ૫,૦૦૦ | ૫૬ | ધાર્મિક વધુ | ડૉ. પ્રભુદાસ પટેલ | ૪ કલર |
| ૩. | ૩૫ | ઉમિયા દર્શન | શ્રી દિલીપ વાછાણી | માસિક | ૩,૦૦૦ | ૪૮ | સામાજિક | ભીમજી નાકરાણી | ૧ કલર |
| ૪. | ૭૦ | ધરતી | ધરતી વિકાસ મંડળ | માસિક | ૧૮,૦૦૦ | ૭૨ | સામાજિક | પ્રિ. સોમાભાઈ પટેલ | ૧ કલર |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫. | ૩૬ | કડવા પાટીદાર સંદેશ | કચ્છ કડવા પા.સમાજ | માસિક | ૨૨,૮૦૦ | ૬૦ | સામાજિક | શામજી પટેલ | ૧ કલર |
| ૬. | ૨૦ | ઉમા વાણી | કડવા પા.મંદિર, સુરત | દ્વિ-માસિક | ૧૦,૦૦૦ | ૪૦ | સામાજિક | નટવર પટેલ | ૧ કલર |
| ૭. | ૫ | ઉમિયા દીપ | ૪૨+ કડવા પા.સમાજ | દ્વિ-માસિક | ૬,૦૦૦ | ૩૨ | સામાજિક | ડૉ. અનિલ પટેલ | ૧ કલર |
| ૮. | ૩૨ | કડવા પાટીદાર પરિવાર | ક.પા. પરિવાર-અમદાવાદ | માસિક | ૯,૦૦૦ | ૬૮ | સામાજિક | ડૉ. બેચર પટેલ | ૧ કલર |
| ૯. | ૧૬ | પટેલ પરિવાર | ઝાલાવાડ ક.પા. સમાજ | માસિક | ૩,૫૦૦ | ૩૬ | સામાજિક | પ્રાણજીવન પટેલ | ૧ કલર |
| ૧૦. | ૧૫ | ઉમા દર્પણ (કચ્છ) | વાંઢાઇ મંદિર | માસિક | ૮,૦૦૦ | ૬૮ | સામાજિક | રતિલાલ પટેલ | ૧ કલર |
| ૧૧. | ૫ | લક્ષ્મીનારાયણ દર્પણ | કચ્છી ક.પા. ભુજ સમાજ | માસિક | ૭,૦૦૦ | ૬૪ | સામાજિક | રતિલાલ પટેલ | ૧ કલર |
| ૧૨. | ૧૫ | જય ઉમિયા | ક.પા.સમાજ મહેસાણા | માસિક | ૮,૦૦૦ | ૫૨ | સામાજિક | પ્રિ. કેશુ પટેલ | ૧ કલર |
| ૧૩. | | ઉમિયા સંદેશ | ક.પા. સમાજ ૮૪ ગામ | માસિક | ૮,૦૦૦ | ૪૦ | સામાજિક | પી.પી. પટેલ | ૧ કલર |
| ૧૪. | ૧૦ | ઉમિયા પાટીદાર દર્શન | દશકોશી ક.પા. સમાજ | માસિક | ૫,૦૦૦ | ૪૦ | સામાજિક | અનિલ પટેલ | ૧ કલર |
| ૧૫. | ૨૦ | કડવા પાટીદાર સૌરભ | ક.પ.સમાજ કચ્છ | માસિક | ૩,૦૦૦ | ૪૦ | સામાજિક | સી.કે. પટેલ | ૧ કલર |
| **લેઉઆ પાટીદાર સમાજના સામયિકો** | | | | | | | | | |
| ૧૬. | ૫ | ★ખોડલ ધામ સ્મૃતિ | ખોડલધામ રાજકોટ | માસિક | ૨૫,૦૦૦ | ૬૮ | ડાઇજેસ્ટ (સંપાદન) | નરેશ પટેલ - ટ્રસ્ટી | ૪ કલર |
| ૧૭. | ૧૦ | ★કચ્છી લેઉઆ પટેલ સંદેશ | ભુજ લે.પ. સમાજ | ત્રિમાસિક | ૫,૦૦૦ | ૪૮ | સામાજિક | ગોવિંદ ખોખાણી | ૪ કલર |
| ૧૮. | ૩૭ | પટેલ સુવાસ | સૌ.લે.પ.સ.-અમદાવાદ | માસિક | ૨,૦૦૦ | ૪૮ | સામાજિક | ધાડિયા | ૧ કલર |
| ૧૯. | ૩૫ | ધન્ય સૌરાષ્ટ્ર ધરણી | સૌ.લે.પ.સ.-મુંબઈ | ત્રિમાસિક | ૫,૦૦૦ | ૪૮ | સામાજિક | ધીરેન વઘાસિયા | ૧ કલર |
| ૨૦. | ૯ | માટીની મહેંક | ઝાલાવાડ લે.પ.સ.-સુરેન્દ્રનગર | માસિક | ૩,૦૦૦ | ૧૬ | સામાજિક | મોહન પટેલ | ૧ કલર |
| ૨૧. | ૨૦ | સમાજ સુવાસ | ધંધુકા લેઉઆ પટેલ સમાજ | ત્રિમાસિક | ૨,૦૦૦ | ૨૪ | સામાજિક | ધરમશીભાઈ મોરડિયા | ૧ કલર |
| ૨૨. | ૧ | ★અંતરંગ (નવું) | સૌ.લે.પ.સ.-વડોદરા | ત્રિમાસિક | ૨,૦૦૦ | ૪૮ | સામાજિક | પી.પી. કાનાણી | ૪ કલર |
| ૨૩. | ૨૫ | છ ગામ લે.પ. સમાજ | ચરોતર સમાજ લે.પ. | માસિક | ૧,૦૦૦ | ૩૨ | સામાજિક | પ્રા.સી. પટેલ | ૧ કલર |
| ૨૪. | ૨ | ★સરદાર ધામ (કડવા + લેઉઆ કમ્બાઇન્ડ) | વિશ્વ પાટીદાર કેન્દ્ર | માસિક | ૪,૦૦૦ | ૬૪ | ડાઇજેસ્ટ | ગગજી સુતરીયા-ટ્રસ્ટી | ૪ કલર |

***ખાસ વિગત :*** ★ નિશાનીવાળા સામયિકો આર્ટ પેપર અને ૪ કલરમાં છપાય છે. જેથી પ્રોડક્શન કોસ્ટ ઘણી ઊંચી આવે છે. આની જગ્યાએ ટાઈટલ ૪ કલરમાં કરીએ અને અંદરના પેજ વ્હાઈટ મેપલીથો પેપરમાં છાપવામાં આવે અને લે-આઉટ સુંદર હોય તો ખર્ચ ઘટાડી શકાય છે. દા.ત. ઉમિયા પરિવાર અને અનુપાન મેગેઝિન જોઈ લેવા. અંદરની મેટર મહત્ત્વની છે.

***નોંધ :*** આ વિગતને આધારે સૌ ચિંતનશીલ સ્વજનોએ મૂલવણી કરી લેવી. ગુજરાતમાંથી વિવિધ વિષયના ૩૫થી વધુ સામયિકોના તંત્રીપદે પાટીદાર બૌધ્ધિકો સેવાઓ આપે છે. સમાજની જાણ માટે આ વાત લખી છે.

સાંપ્રત પ્રશ્ન

# સાંપ્રત વિચાર મંચ

• સંકલન : હસમુખભાઈ મહેતા •

'સાંપ્રત પ્રશ્ન'ના 'શું મુખ્યમંત્રીની બદલી ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકશે ખરી?' – વિષય અન્વયે અનેક વિચારવંતોએ પોતાના આગવા મંતવ્યો સાથે વિષયની વિસ્તૃત છણાવટ કરી છે. જેમાં ક્રમાંક નીચે મુજબ છે : (૧) શ્રી બલવીરસિંહ જાડેજા, (૨) શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા અને (૩) શ્રી મુકુંદ કે. મહેતા.

આ દરેકના વિચારો ખૂબ ઉત્તમ કક્ષાના છે.

'સાંપ્રત પ્રશ્નો'ના દરેક વિષય પર હજી પણ વધારે વિચારકો રસ ધરાવે અને તેમના વિચારો 'કચ્છશ્રુતિ' સુધી પહોંચાડે એ જરૂરી છે. આ એક વિચારમંચ છે અને તેની ઉપયોગીતા ઘણી જગ્યાએ છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખી, આ કોલમ પ્રત્યે દરેક વાચકવર્ગ અને વિચારક જાગૃત બને એ સમયની માંગ છે.

આ વિભાગમાં ભાગ લઈ રહેલા તમામ તજજ્ઞ લેખકોનો ખૂબ ખૂબ આભાર.

આટલા જ હોંશ અને ખુશીથી 'કચ્છશ્રુતિ' આગળ વધે છે અને હવે પછીનો વિષય નીચે જણાવેલ છે.

***"કચ્છને પંજાબ અને હરિયાણાની જેમ લીલોછમ વિસ્તાર બનાવવા શું કરી શકાય?"***

આ વિષય પર આપ સૌ વાચકવર્ગ અને વિચારશીલ મિત્રોને પોતાના વિચારો અત્રે મોકલાવા આમંત્રિત કરીએ છીએ.

## "શું મુખ્યમંત્રીની બદલી ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકશે ખરી?"

### પ્રથમ ક્રમાંકનો લેખ

*– બલવીરસિંહ જાડેજા*

ઉપરના સાંપ્રત પ્રશ્નનો જવાબ, જે રીતે જણાવાયું છે એ મુજબ, ખૂબ જ વિચાર માંગતો જવાબ તો છે જ.

આ અનુસંધાને જ્યાં સુધી નવા મુખ્યમંત્રી અને એમની 'ટીમ' જેને હજી માંડ એક માસ જ પૂરો થયો છે તેમના માટે આગાહી કરવી અતિ કઠિનની સાથે સાથે લેખાજોખા કરવા અઘરા પણ છે. જો કે કહેવત અનુસાર 'પુત્રના લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણામાં'થી જ નિરખી જનાર, જમાનાના ખાધેલ, વાચકો, વિચારકો કે અનુભવીઓ, શતરંજની કેવી બાજી રમાશે, તે અનુમાન જરૂરથી કરી શકે છે.

આ મુજબ નવા મુખ્યમંત્રીએ 'સૌનો સાથ, સૌનો વિકાસ' એ એમના પક્ષના સુત્ર મુજબ કામ કરવાનું શરૂ કર્યું હોય તેમ લાગે છે. જે એમણે નાયબ મુખ્યમંત્રીને, મહત્ત્વ આપતા પગલાથી જાણી શકાય છે. છતાં આ તો રાજકારણ છે. મુખ્યમંત્રીનો હોદ્દો છોડનાર બહેનને, એમના સ્વભાવને લઈને, જે નુકસાન થયું તેનાથી વધારે પક્ષના જ અંદરખાને, અસંતુષ્ટોએ કે ટાંટીયાખેંચના મહારથીઓએ કે અનામતનો વર્ગવિગ્રહ ઊભો કરનાર વિરોધપક્ષ કે અંદરનાજ તત્ત્વોએ જ હોદ્દો છોડાવ્યો તેમ કહી શકાય. છતાં વડાપ્રધાન બનેલા મુખ્યમંત્રીના સમયમાં ગુજરાતની પરિસ્થિતિની સમીક્ષા અને સરખામણી, હજી પણ, દાયકાઓ સુધી થતી રહેશે તે નિર્વિવાદ છે. છતાં બદલાવ માટે અવકાશની શક્યતા પણ એટલી જ છે.

૧. વિગતવાર જોઈએ તો, બદલાયેલા મુખ્યમંત્રી, વડાપ્રધાન અને પક્ષ પ્રમુખના વિશ્વાસુ અને સંઘ પરિવારના પણ કાર્યકર અને સંગઠનના માણસ છે તે બદલાવ માટે સૌથી મોટો હકારાત્મક કારણ છે.

૨. આવનારી ૨૦૧૭ની કે ૨૦૧૮ની (કદાચ) ચૂંટણી પહેલાં વડાપ્રધાન અને પક્ષપ્રમુખ જે ચાર રાજ્યોમાં, એમાં પણ ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં લોકસભાની જેમ, પોતાનો કરિશ્મા કરી દેખાડે તો ગુજરાત માટે એમની ટીમને ફાયદો જ ફાયદો છે તેમ સમજવું. પંજાબમાં અકાલી દળ સાથે જોડાણ હોવાથી સફળતામાં ભાગીદારીની 'ક્રેડિટ' લઈ શકાય જ્યારે નિષ્ફળતામાં દોષનો ટોપલો,

વર્તમાન સરકાર કે ડ્રગ્સ જેવા કારણો ઉપર ઢોળી શકાય.

૩. એકંદરે ગુજરાતમાં અમુક જિલ્લા સિવાય, વરસાદની પરિસ્થિતિ, સંતોષકારક હોઈ, આવતા ઉનાળા સુધી, વધારાના કામકાજનો કે આર્થિક બોજ સરકાર ઉપર ન પડે તો બીજા અગત્યના કામો કે નિર્ણયો માટે જરૂરી જગ્યાએ, નાણાં ભંડોળ ફાળવી શકવાની શક્યતા પણ રહેલી છે.

૪. જતા જતા બહેનશ્રીએ લીધેલા પગલા જેવા કે કન્યા કેળવણીના ઉચ્ચ અભ્યાસ માટેની સહાય, કર્મચારીઓને સાતમા પગારપંચનો અને પેન્શનરોને લાભ, વગેરે નવી સરકારને કે મુખ્યમંત્રીને બોનસમાં મળેલા લાભ પણ ગણાવી શકાય.

૫. રાષ્ટ્રીય સ્તરે તેમજ રાજ્ય કક્ષાએ નબળો બની ગયેલો કોંગ્રેસ પક્ષ, તેમજ આર્થિક કૌભાંડોથી ઘેરાયેલા નેતાઓની ખરાબ છાપ તેમજ નેતાગીરી માટેની હુંસાતુંસી અને સબળ નેતૃત્વનો અભાવ નવા મુખ્યમંત્રી કે સરકાર માટે, પોતાની લોકભોગ્ય યોજનાઓ કે સુધારણાના પગલાઓ, જો લોકહિત માટે જાહેર થાય અને સરખી રીતે, ત્વરીત ગતિએ અમલીકરણ થાય, તો નવા મુખ્યમંત્રીની લોકપ્રિયતામાં વધારો થતાં, પ્રવર્તમાન પરિસ્થિતિમાં બદલાવ જરૂર આવી શકે.

૬. ગુજરાતમાં આમ આદમી કે માયાવતીના બહુજન સમાજવાદી પક્ષ, ચૂંટણીલક્ષી લાભ લેવા માટે, ગુજરાતની મુલાકાતોથી લોક માનસમાં 'પછેડી ભીના છાંટા' જેટલા વરસાદ સિવાય વધુ મહત્ત્વ નહીં કરી શકે એ ગુજરાતની જનતા, જેણે ભૂતકાળમાં રાષ્ટ્રીય નેતૃત્વ કરેલ છે તે આસાનીથી સમજી શકે છે. અને આમ પણ "આપ" અને બી.એસ.પી.ના રાષ્ટ્રીય સ્તરે એક પછી એક જાહેર થતા આંચકાઓથી, ગુજરાતના નેતૃત્વને ખાસ વાંધો આવી શકે તેમ નથી. પણ હરીફ કે દુશ્મનને કદી નબળો નહીં ગણવાની નીતિ અનુસાર દરેક હરીફ પક્ષને "Watch & Wait" પ્રમાણે ધ્યાન રાખવું રહ્યું.

૭. અંગ્રેજીમાં કહ્યા મુજબ, Last But not Least પ્રમાણે પાટીદારો અને ઓ.બી.સી.નું અનામત આંદોલન અને દલિતોના અત્યાચારનો મુદ્દો સરકારના કે મુખ્યમંત્રીના માથાનો દુઃખાવો હોવા છતાં, અંગ્રેજોની નીતિ અનુસાર "ભાગલા પાડો અને રાજ કરો" એ મુજબ, તેમજ મારા નીચેના સૂચન મુજબ, હલ કરવાનો પ્રયત્ન કરવામાં આવે તો કદાચ નવા મુખ્યમંત્રી અને સરકાર, આવનારી ચૂંટણી સુધી વૈતરણી પાર કરીને, લોકભોગ્ય સરકારનું બિરૂદ ટકાવી શકે. હજી સુધી આ વિચાર પક્ષના, બૌધ્ધિક નેતૃત્વના રાજકીય પંડિતોના ધ્યાન બહાર કેમ રહી ગયો? એ સવાલ છે.

મારી દૃષ્ટિએ સૌથી મોટી ગુમાવેલી તક, અનામત આંદોલનમાં, વિનંતી અને પોતાની વગ વાપરીને ધાર્મિક નેતાઓનો સંયમ પૂર્વકનો ઉપયોગ કરવાનું, મુનાસિબ ન મનાયું એ સબળ કારણ 'બસ ચૂકી જવા' જેટલું જ મહત્ત્વનું હતું.

સન્માનીય એવા ધાર્મિક નેતા, સ્વ. પ્રમુખ સ્વામી મહારાજની વિદાય, એ અણધાર્યો આઘાત છે. આપ સૌને આ વિષય સાથે 'આ પ્રસંગને શું લેવા દેવા?' એ પ્રશ્ન થાય. તે બાબત મારી રીતે હું નીચે મુજબ ખુલાસો કે છણાવટ કરવાનું જરૂરી સમજું છું.

મુખ્યમંત્રી જૈન સમાજના છે અને નાયબ મુખ્યમંત્રી પાટીદાર છે તેમજ મંત્રીમંડળમાં પણ પાટીદાર સમાજનું ઘણું વર્ચસ્વ છે. ગુજરાતમાં, પાટીદાર અને જૈન સમાજની વસતિ સૌથી વધુની સાથે સાથે આ બંને ધર્મોના અનુયાયીઓની સંખ્યા પણ કદાચ સૌથી વધુની સાથે સાથે, સમાજ સુધારણાના પગલાઓમાં આ બંને ધર્મના સંતોએ ઘણો મહત્ત્વનો ભાગ પણ ભજવ્યો છે.

ભારતની સંસ્કૃતિ મુજબ, ધાર્મિક સંતો - મહાત્માઓનું વર્ચસ્વ, આમ સમાજ ઉપર હંમેશાં છવાયેલ રહેલ છે. ખરેખર સાચા સંત પુરૂષો, જેવા કે સ્વ. પ્રમુખ સ્વામિ મહારાજ, સ્વ. પૂ. મોટા સ્વ.સંતરામ મહારાજ, સ્વ. દાદા ભગવાન, સ્વ. ડોંગરેજી મહારાજ કે હાલના પૂ. મોરારિબાપુ, પૂ. મહંતસ્વામિ મહારાજ કે પૂ. સચ્ચિદાનંદ મહારાજ કે જૈન સમાજના અગ્રણી મહારાજ સાહેબો - ભગવંતો આમ સમાજ ઉપર, અસરકારક પ્રભાવ પાડી શકે તેમ છે. (અહીં ઢોંગી અને બની બેઠેલા બાબાઓ કે ગુરૂઓ, જે પોતાના કૌભાંડોથી બદનામ થઈ સજાઓ ભોગવી રહ્યા છે એવા કોઈનો ઉલ્લેખ નથી.)

### *કઈ રીતે?*

૮. સૌપ્રથમ, નવા મુખ્યમંત્રી કે એમનું પ્રધાનમંડળ નમ્ર રીતે, સાચા ધાર્મિક નેતાઓ, તેમને વિનંતી કરી, બંધારણની ખરી હકીકત સમજાવી અમુક મર્યાદાઓને કારણે, આમ

જનતાજોગ નિવેદન બહાર પડાવી, અનામત માટે, વગર વિચાર્યે કરતા આંદોલનો ઉપર રોક લગાવી, આમ જનતાના મનમાં સાચી પરિસ્થિતિનો ખ્યાલ આપી શકાય.

૯. જેમના પ્રભાવથી, જે તે સમાજ, ખરેખર બધી જ રીતે એટલે કે શૈક્ષણિક, આર્થિક, સામાજિક રીતે સંગઠિત તથા સક્ષમ છે અને જેને ખરેખર અનામતની જરૂર જ નથી. 'અમે અમારી જ્ઞાતિને De Value કરી નીચી દેખાડવા નથી માંગતા પણ અમારા પગ ઉપર, લાયકાત ઉપર, મહેનત અને આવડતથી અત્યાર સુધી જે હાંસલ કરેલ છે તે રીતે જ ભારત, વિશ્વ અને ગુજરાતમાં પણ 'અનામત વિના જ' આગળ વધીશું. બસ, અમને તક આપો. જેવી કે મોંઘવારી દૂર કરો, ઈન્કમટેક્ષ કે કર ભરનારાઓને રાહત, પબ્લિક સુવિધાઓને વધુને વધુ સક્ષમ અને લોકભોગ્ય બનાવો (દા.ત. ગુજરાતના રસ્તાઓ, રોડ ટ્રાન્સપોર્ટ જેમ ભારતભરમાં વખણાય છે તેમ), ખેતી કરનારાઓ ખેડૂતોને, પોષણક્ષમ ભાવો, વીમાનો તાત્કાલિક લાભ કે ખેડૂતલક્ષી વધુ સારી યોજનાઓ વગેરે વગેરે.

આ બધું જ પક્ષ પ્રમુખ, મુખ્યમંત્રી શ્રી કે જરૂર પડ્યે વડાપ્રધાનશ્રી, જે ગુજરાતના જ છે તેઓ સંતોને વિનંતી કરી આમ જનતાને સમજાવી, શાંત ગુજરાત કે વર્ગ વિગ્રહ વિનાનું ગુજરાત બનાવી શકાય તો વર્તમાન પરિસ્થિતિમાં જરૂર બદલાવ લાવી શકાય. ■

---

## સેવા અને સાધના

જીવો ત્યાં સુધી સેવા કરો. સેવા ન ભૂલો. સેવા એ જ સાધના છે. સેવા સીધી થાય અને અલગ રીતે પણ થાય. એટલે કે રસોઇ બનાવીને પણ કોઇને જમાડાય અને અનાજ આપીને કે તૈયાર ભોજન ખવડાવીને ભૂખ ભાંગી શકાય. સીધા ભણાવી શકાય અથવા ભણવાની ફી પણ આપી શકાય કે પુસ્તકો આપીને પણ ભણવામાં મદદ થઈ શકે. સેવાના અનેક પ્રકાર છે. સાધુના પગ દબાવીને સેવા થાય કે તેમને કોઈ મદદ કરીને પણ સેવા થાય. ગરીબને પૈસા આપીને પણ સેવા કરી શકાય, મદદ થઈ શકે. ગરીબને અનાજ આપી શકાય, વસ્ત્ર પણ આપી શકાય. દર્દીને ડોક્ટર પાસે લઈ જઈને પણ સેવા થાય કે દવા લાવી આપીને કે પૈસા આપીને પણ મદદ થઈ શકે.

તમારું દિલ સેવાનું હોય તે જ મહત્ત્વનું છે. સેવાની ભાવના મહત્ત્વની છે. પછી તમારી શક્તિ કેટલી છે તે જોવાનું છે. જીવનમાં સેવા તો દરેકે કરવી જ જોઈએ. જીવન આપને મળ્યું છે તે જ બહુ મોટી વાત છે. તો પછી આ જીવનને સાર્થક બનાવવું રહ્યું અને તેને સાર્થક અને સફળ બનાવવા સેવા જરૂરી છે. પછી તમારા વડીલોની સેવા કરો કે ગરીબોની કરો, સમાજની કરો કે દેશની કરો, દર્દીઓની સહાય કરો કે બાળકોની કરો કે પછી પ્રાણીઓની કરો – સેવા ઘણી રીતે થઈ શકે છે.

જીવદયા અને માનવતા જ શ્રેષ્ઠ ધર્મો છે. આ ધર્મોને ન ભૂલો. પ્રાણીમાત્રમાં જીવ છે. જીવો પ્રત્યે દયા રાખવી જોઈએ. અહિંસા એ જ પરમો ધર્મ છે. માનવતા પણ સૌથી મોટો ધર્મ છે. દરિદ્ર નારાયણને ભગવાન કહ્યા છે. ગરીબોની દયા રાખો. એમને મદદ કરો. સહાયભૂત થાઓ અને કલ્યાણકારી કાર્યો કરો. જો કે સેવા કરવા તમારે ઘર છોડવાની કે સંસારનો ત્યાગ કરવાની કોઈ જરૂર નથી. આ માત્ર દંભ જ છે. સેવા કરવાનું કામ એટલે સાધુ થવું તેમ કહેવું યોગ્ય નથી. સંસારમાં રહીને ઘરના બીજાં કામોની વચ્ચે થોડો સમય સેવા માટે પણ ફાળવી શકાય. સેવા ક્ષેત્ર બહુ જ વિશાળ છે અને તમે તેને કોઈ પણ સ્વરૂપમાં મેળવી શકો છો. માત્ર તમારી ભાવના હોવી જોઈએ. વિશેષમાં સેવા કરવાની અભિરુચિ કેળવવી જોઈએ. સેવાને જીવનના બીજા રંગોની સાથે જ અપનાવો. જીવન અનેક રંગોનું બનેલું છે જેમાંનો એક સેવા ક્ષેત્રનો પણ છે.

સરકારી નોકરીને પણ સેવા કહે છે. એટલે જ સેવા માટે વેતન પણ છે અને તેનો ભંગ કરવા માટે કડક કાયદા અને શિક્ષાની જોગવાઈઓ છે. રાજકીય ક્ષેત્રને પણ લોકો સેવા તરીકે ઓળખે છે. જો કે આમાં જેટલા મેવા છે તેટલા ક્યાંય નથી. રાજકારણનું ક્ષેત્ર આજે એશોઆરામ અને ધન-દોલત આપતું ગણાય છે. એ સેવા બીજાની લે છે. જો કે સેવા પણ હવે કેરિયર બની રહી છે રાજનીતિની જેમ.

આપણે ત્યાં સેવા અવેતન ગણાતી આવી છે જ્યારે પશ્ચિમના દેશોમાં સેવાનો વ્યાપ સવેતન ગણાય છે. હવે આપને ત્યાં પણ અનેક કોર્સિસ અને ડિગ્રીઓ શરૂ થયા છે અને જોબ મળી શકે છે એટલે કે સવેતન સેવા બનવા માંડી છે.

સેવા ખરેખર તો તમારા આનંદ માટે છે, શાંતિ માટે છે. આત્માના કલ્યાણાર્થે છે. એથી રોજ નહીં તો અઠવાડિયો થોડા કલાક કે મહિનામાં એક બે દિવસ પણ સેવા માટે ફાળવવા તમારા પોતાના જ હિતમાં છે. વડીલોની સેવા કરો. દુઃખી ગરીબ લોકો કે બાળકોની સેવા કરો. તમારી આસપાસના વિસ્તારમાં સફાઈ કરો કે જાગૃતિનો પ્રયાસ કરો. યાદ રાખો કે માનવતા સૌથી મોટો ધર્મ છે.

*– ચૌલા કુરૂવા*

*સૌજન્ય : "મોર્નિંગ વૉક"*

ખેલકૂદ

# વેસ્ટઇન્ડિઝના ક્રિકેટર... કર્ટની વોલ્શની ખેલદિલી

• ડૉ. આશિષ એમ. ચોક્સી •

એ દિવસ હતો ૧૬ ઓક્ટોબર ૧૯૮૭ નો. તમે આ લેખ વાંચી રહ્યા હશો ત્યારે આજથી લગભગ ૨૯ વર્ષ પહેલાનો આ દિવસ ક્રિકેટ ઇતિહાસમાં ખેલદિલી અને સ્પોર્ટસમેન સ્પિરિટ માટે લખાવાનો હતો. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન અને વેસ્ટઇન્ડિઝ વચ્ચે ૧૯૮૭ના ક્રિકેટ વર્લ્ડ કપની એક દિલધડક મેચ રમાઈ રહી હતી. બંને દેશો માટે આ મેચ ખૂબ જ અગત્યની હતી. જે જીતે તે સેમિફાઈનલમાં પહોંચે અને જે દેશ હારે તે વર્લ્ડકપમાંથી ફેંકાઈ જાય તેવી સ્થિતિ હતી.

વેસ્ટઇન્ડિઝે પ્રથમ દાવ લઈને ૫૦ ઓવરમાં ૨૧૬ રન કર્યા હતા. પાકિસ્તાને જીતવા ૨૧૭ રન કરવાના હતા. ૪૯ ઓવરમાં પાકિસ્તાનની નવ વિકેટ પડી ચૂકી હતી. છેલ્લે એ પરિસ્થિતિ આવીને ઊભી રહી કે જીત માટે પાકિસ્તાને ચાર બોલમાં ૧૨ રન કરવાના હતા. અબ્દુલ કાદિર અને છેલ્લો બેટ્સમેન સલીમ જાફર ક્રીઝ પર હતા. વેસ્ટ ઇન્ડિઝ તરફથી કર્ટની વોલ્શ ૫૦મી ઓવરમાં બોલિંગ કરી રહ્યો હતો. આ મેચમાં તે અદ્‌ભુત ફોર્મમાં હતો. તેણે જાવેદ મિયાંદાદ, સલીમ મલીક અને ઈમરાનખાન જેવા ધૂરંધરોને આ મેચમાં પેવેલિયનનો રસ્તો બતાવી દીધો હતો. ૫૦મી ઓવર શરૂ થઈ ત્યાં સુધીમાં તે ૯ ઓવરમાં ૨૬ રન આપીને ચાર વિકેટ લઈ ચુક્યો હતો. બાકી રહેલા ચોથા, ત્રીજા અને બીજા બોલે કાદરે અનુક્રમે ૨, ૬ અને ૨ રન બનાવી લીધા હતા. હવે છેલ્લો બોલ બાકી હતો. પાકિસ્તાનને સેમિ ફાઈનલમાં પહોંચવા ૨ રન જોઈતા હતા. વેસ્ટ ઇન્ડિઝને સેમિ ફાઈનલમાં પહોંચવા ૧ વિકેટ જોઈતી હતી.

સામાન્ય રીતે આવી સ્થિતિ હોય ત્યારે ત્રણ શક્યતા રહે. કોઈ એક ટીમ હારે, એ જ ટીમ જીતે અથવા મેચ ટાઈ (બરાબરની) થાય. પણ અહીં કોઈએ પણ ના વિચારી હોય તેવી ચોથી શક્યતા થવાની હતી. કર્ટની વોલ્શે દોડવાનું ચાલુ કર્યું. આખા સ્ટેડિયમમાં નીરવ શાંતિ છવાઈ ગઈ હતી. જ્યારે વોલ્સ બોલ ફેંકવા અમ્પાયર સુધી પહોંચ્યા ત્યારે હાજર પ્રેક્ષકોનાં શ્વાસ જાણે ડબલ ગતિમાં ધડકતા હતા. પણ આ શું? કર્ટની વોલ્શે બોલ ફેંક્યો જ નહીં. નોન સ્ટ્રાઈકર એન્ડ પર રહેલ સલીમ જાફર બોલ ફેંકાયા પહેલા ક્રીઝની બહાર ચાર ડગલાં દોડી ગયો હતો. વોલ્શે ધાર્યું હોત તો શાંતિથી બેલ્સ ઉડાવી સલીમ જાફરને રન આઉટ કરી મેચ ખિસ્સામાં મૂકી દીધી હોત. પણ વોલ્શે આવું ના કર્યું. માણસનું ખરું વ્યક્તિત્વ તેણે બધું જ ગુમાવી દીધું હોય અથવા તેને છેલ્લી તક મળતી હોય ત્યારે તે જે વર્તન કરે તેમાં પ્રગટ થાય છે. કમરે હાથ રાખી ખૂબ જ નમ્રતાથી વોલ્શે સલીમ જાફરને ક્રિઝમાં પાછા આવી જવા વિનંતી કરી. હવે જ્યારે તેણે છેલ્લો બોલ ફરી નાખ્યો ત્યારે કાદિરે બે રન મેળવી પાકિસ્તાનને જીતાડી આપ્યું. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ વર્લ્ડકપના ઇતિહાસમાં પહેલી વખત સેમિફાઈનલ સુધી પણ ના પહોંચી શક્યું.

ભલે વેસ્ટ ઈન્ડિઝ મેચ હારી ગયું પણ આજે એ પ્રસંગના ૨૯ વર્ષ પછી પણ ક્રિકેટ રસિકો આ ખેલદિલીની ઘટના ભૂલી શક્યા નથી. વોલ્શે દુનિયાને એ બતાવી આપ્યું કે જીત કે હાર મહાન નથી પરંતુ રમત મહાન છે. ક્રિકેટ ચાહકોના દિલમાં વોલ્શે કાયમી સ્થાન લઈ લીધું હતું. દુનિયાભરના અખબારોએ આ મેચના પરિણામ કરતા આ ઘટનાને પ્રથમ પાને મહત્ત્વ આપ્યું હતું. ક્રિકેટમાં જ્યારે જ્યારે સ્પોર્ટમેન સ્પિરીટની વાત આવે છે ત્યારે આ મેચ અને કર્ટની વોલ્શનું ઉદાહરણ યાદ કરવામાં આવે છે. પાકિસ્તાનના જર્નલ ઝિયા ઉલ હકે વોલ્શની ખૂબ પ્રશંસા કરી અને કરાંચીનું પ્રખ્યાત હાથેથી ભરેલું કાર્પેટ ભેટમાં આપ્યું. અહીં એ ખાસ ઉલ્લેખ કરવો જોઈએ કે ICC એ (આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલે) ઈ.સ. ૨૦૧૦માં કર્ટની વોલ્શને ક્રિકેટમાં તેની વિશિષ્ટ સેવાઓ બદલ 'હોલ ઓફ ફેઈમ' ક્રિકેટરોની યાદીમાં તેનું નામ સમાવિષ્ટ કરી તેમને સન્માનિત કર્યા હતા. કર્ટની વોલ્શે ટેસ્ટમાં ૫૧૯ અને વનડે ક્રિકેટમાં ૩૨૧ એમ કુલ થઈને ૮૨૦ જેટલી વિકેટો આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લીધી હતી.

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

***Faith is taking the first step even when you don't see the whole staircase.***

*– Martin Luther King, Jr.*

# શબ્દ શોધ : ૫૪

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

## ગાંધી જયંતી

ગાંધીજીએ સત્યાગ્રહના અજોડ શસ્ત્રથી અંગ્રેજી સત્તાને નમાવી,
ભારત દેશને સ્વતંત્રતા અપાવી સાબરમતીના સંતે કમાલ કરી બતાવી.
સ્વદેશી ભાવના વિના સ્વરાજ નથી તેવી ઉચ્ચ ભાવનાથી ધારણ કરી ખાદી
ભારતની આઝાદી માટે અહિંસાનું શસ્ત્ર ધારણ કરી, અપાવી ભારતને આઝાદી,
સાબરમતીના સંતે કરી કમાલ...

દેશની એકતા ને અખંડિતતાને એકજુટ કરીને નવું આંદોલન જગાડ્યું
સરદાર, નહેરુ અને અનેક નેતાઓને પોતાની વચ્ચે લાવીને જોમ જગાડ્યું
અંગ્રેજી સત્તાને જુસ્સાથી નમાવીને,
સાબરમતીના સંતે કરી કમાલ...

ભારતના ભાગ્ય વિધાતાનું બિરૂદ મેળવીને મોહન બનીને ધારણ કર્યો અવતાર
ભારતના લોકો આજીવન નહીં ભૂલે તેમના અગણિત ઉપકાર
અંગ્રેજી સત્તાને દેશમાંથી ભગાડી,
સાબરમતીના સંતે કરી કમાલ...

ભગવાન શ્રીકૃષ્ણ પાસે સુદર્શન ચક્ર ને મહાત્મા પાસે ચરખાનું ચક્ર
દેશમાં ગૃહ ઉદ્યોગની અલખ અને સ્વદેશીની ભાવના જગાડી
સાબરમતીના સંતે કમાલ કરી બતાવી...

ગાંધી જયંતીના દિવસે ભારતજનો યાદ કરશે આવા મહાનુભાવને
આઝાદ ભારતના પ્રણેતા અને રચનાકાર તેવા છે આ મહાનુભાવને,
સત્ સત્ પ્રણામ અને વંદન.
સાબરમતીના સંતે કરી કમાલ...

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## ભાવ હોય તો જ ભાગીદારી કરજે...

*કરેલું ફોગટ જતું નથી એ જ છે વચનબદ્ધ માનજે*
*વિશ્વાસથી વિચારજે, પણ શ્રદ્ધા હોય તો સાંધજે*
*ભાવ હોય જો ભરત રામનો, તો જ ભાગીદારી બાંધજે*
*ભાગીદારી સંસાર બરાબર ખૂબ વિચારી બાંધજે*
*ભાવ હૈયે હોય સમર્પણનો તો જ ભાગીદારી બાંધજે.*

## ગઝલ

લાગણીઓ આંખથી છલકાય છે,
પ્રીતના એ જામ પાતી જાય છે.
પાંદડાઓ વૃક્ષથી ખરતા નથી
પાનખરનું પોત ખુલ્લું થાય છે.
કોણ છે એની ખબર પડતી નથી,
કો'ક પડદામાં રહીને ગાય છે.
માણસોના શહેરમાં ફરવા છતાં,
માનવી જેવું જ ક્યાં દેખાય છે?
ફૂલનાં સંપર્કમાં આવ્યો નથી
હાથ મારો કેમ આ કરમાય છે?
સ્વાતિબિંદુની જ અફવા આજે પણ
માછલીનાં કર્ણમાં પડઘાય છે.
લ્યો, ગઝલની વીજ ત્રાટકશે હવે
વેદનાનાં વાદળાં ઘેરાય છે.
એજ છે 'ગજકંધ' એના શ્વાસથી
કબ્ર પરનો દીપ ઠારી જાય છે.

*વ્રજ ગજકંધ - ભુજ*

## ગઝલ

દર્દ છે અને દવા પણ છે,
નથી જે કંઈ તે ડહાપણ છે!
રૂઝાઈ જાશે ઘાવ દૂઝતા,
મટે નહીં તેજ ચણચણ છે!
રસ્તા તો સીધા સરળ છે,
ભૂલાં પડે એ તો ચરણ છે!
દઈ દીધી છે કેવી નિશાની,
એનું જ હવે એક રટણ છે!
સંગમ હોય છે ખીણ ધોધના,
એકલું હોય તે તો રણ છે!
સ્વર્ગ નર્કનાં દ્વાર તો ક્યાં છે?
અહીં તો જીવન મરણ છે!

*રમેશ જા. વૈદ્ય - ભુજ (મો. ૯૫૫૮૭ ૨૭૧૭૬)*

# શબ્દ શોધ : ૫૪

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | | ■ | | ■ | ૮ | |
| ■ | | ■ | ૯ | ૧૦ | | | | ■ |
| ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ | | ■ |
| ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | ૧૭ |
| | ■ | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | ■ | |
| ૨૧ | | | ■ | ■ | ■ | ૨૨ | | |
| | ■ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | | ■ | |
| ૨૭ | | ■ | ૨૮ | | | ■ | ૨૯ | |

## આડી ચાવીઓ

૧. નવા વર્ષના સૌને ______ (૯)
૭. ગધેડો (૨)
૮. એક તેજાનો (૨)
૯. નેવરી, નવમલ્લિકા – એ નામની એક ફૂલવેલ (૩)
૧૧. એક તેજાનો (૨)
૧૨. મમ્મીના ભાઈ (૨)
૧૩. "______ હર મહાદેવ" (૨)
૧૪. મારાપણાનો ભાવ, તૃષ્ણા (૩)
૧૬. હોટલમાં નાસ્તો કે ભોજન બાદ વેઈટરને અપાય (૨)
૧૮. શિક્ષા (૨)
૧૯. સુંદર, સુડોળ, સુભોગ, રળિયામણું (૨)
૨૧. મહંમદ પયગંબર સાહેબના પત્નીનું નામ (૩)
૨૨. તનુજાની અભિનેત્રી પુત્રી અને અજય દેવગણની પત્ની (૩)
૨૩. રાજવંશી ભાયાત કે સગાં, કે જેને ગામ ગરાસ ભેટ મળ્યા હોય તેવા, ગરાશિયો (૫)
૨૭. કાછડી વાળ્યા વિના કેડે વીંટવાનું વસ્ત્ર (૨)
૨૮. યાત્રા, જાત્રા, તીર્થ સ્થાનોનો ધાર્મિક ઉદ્દેશથી પ્રવાસ (૩)
૨૯. શોકસભાના અંતે બે મિનિટ શું પાળવામાં આવે? (૨)

## ઊભી ચાવીઓ

૧. અટક, અવટંક (૨)
૨. સૌરાષ્ટ્રના થાન તાલુકાના એક જૂના મંદિરમાંનાં શિવ – કે જ્યાં બહુ જ મોટો મેળો ભરાય છે (૫)
૩. બોજ, ભાર (૩)
૪. ભિક્ષુક, યાચક (૩)
૫. દમદાટી, સખત ધમકી (૫)
૬. સાવ, તદ્દન, સૂર્ય ગ્રહણને ______ આંખે જોવાથી આંખને હાનિ થાય છે (૨)
૧૦. શંકા, સંશય (૩)
૧૩. હર્ષના લીધે વધુ પડતા ઉત્સાહવાળું, હરખવાળું (૫)
૧૪. મોજ, આનંદ (૨)
૧૫. ચામડી (૨)
૧૭. મલ્લ, કુસ્તીબાજ (૫)
૧૮. જાગૃત, સાવધ, સચેત (૩)
૨૦. સ્વીકાર, સંમતિ (૩)
૨૪. ભૂપ, રાજવી, ભૂપતિ (૨)
૨૫. સાચું, સત્ય (૨)
૨૬. પત્ની, ભાર્યા (૨)

## શબ્દશોધ : ૫૩નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| અ | ના | મિ | કા | ■ | મ | હા | દે | વ |
| મા | ત | ■ | મ | ગ | ન | ■ | શ | ર |
| ન | ■ | અં | ■ | મ | ■ | દ | ■ | દા |
| ત | નુ | જા | ■ | ગી | ■ | બં | ધ | ન |
| ■ | ■ | ર | ત | ન | જો | ગ | ■ | ■ |
| આ | સો | ■ | ન | ■ | બ | ■ | બી | ક |
| સ | ■ | દ | યા | ■ | ન | ક | ■ | ર |
| મા | જ | મ | ■ | ભુ | ■ | લા | ગ | ત |
| ન | મ | ન | ■ | જ | ■ | ક | મ | ળ |

## શબ્દ શોધ : ૫૨/૫૩નો ઉકેલ મોકલાવનારના નામ

- બિંદી કેતન રાણા - અમદાવાદ
- પ્રભુલાલ આર. સિધ્ધપુરા - ગાંધીધામ
- ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા - અમદાવાદ
- સરલાબેન ચંદ્રકાંતભાઈ શાહ - અમદાવાદ
- શ્રીમતી વી.એસ. ભટ્ટ - ગાંધીનગર
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- નીલેશ વી. શાહ - ભુજ
- રાજેશ કે. ગાંધી - અંજાર
- વિનય ડી. આસર - માંડવી
- મહાભાઈ આર. વોરા - ભુજ

# ગાંધીનગર ગાથા

• શ્રીમતી વર્ષા જયંત મહેતા •

## શ્રીમતી મનીષાબેન ત્રિપાઠીએ ૪ ગોલ્ડ મેડલ હાંસલ કર્યા

તાજેતરમાં રાજકોટ ખાતે યોજાયેલ ૭મી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ એક્વેટીક ચેમ્પિયનશીપ-૨૦૧૬માં મૂળ કચ્છના અને હાલે ગાંધીનગર સ્થિત શ્રીમતી મનીષાબેન ત્રિપાઠીએ ૬૦થી ૬૪ વય જુથમાં ૪ ગોલ્ડ મેડલ જીતીને રેકોર્ડ સ્થાપિત કર્યો છે. ૧૦૦ અને ૨૦૦ મીટર બેક સ્ટ્રોક અને ફ્રી સ્ટાઈલમાં આ મેડલ્સ જીતવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન. અત્રે ઉલ્લેખનીય છે કે મનીષાબેન સ્વ. મધુભાઈ ભટ્ટના સુપુત્રી છે.

## સ્વરથી ઇશ્વર

શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને જુનિયર સિટીઝન કાઉન્સિલ - ગાંધીનગર દ્વારા આયોજિત આત્મીય સ્વજનોની યાદમાં શ્રદ્ધાંજલિ આપતો કાર્યક્રમ ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજવામાં આવ્યો હતો. આ રીતે સ્વજનોની યાદમાં સ્વરથી ઈશ્વર શિર્ષક હેઠળ અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. ઉપરાંત, જુસિકા દ્વારા ગત વર્ષમાં ૪૪ અનામી મૃતકોના અંતિમ સંસકાર કરવામાં આવ્યા હતા. હિંદુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર અનામી મૃતકોના મોક્ષાર્થે શ્રી સત્યનારાયણની કથા તેમજ શ્રાદ્ધ વિધિનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે અલગ અલગ સંસ્થાના દિવ્યાંગ બાળકોને તથા વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ભોજન કરાવવામાં આવ્યું હતું.

## ગણેશોત્સવ

ગાંધીનગર, સેક્ટર-૬ ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ તેમજ શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ અને થનગનાટ આર્ટ એન્ડ કલ્ચર દ્વારા શ્રી સાર્વજનિક ગણેશોત્સવનું આ વર્ષે આયોજન કરવામાં આવ્યું હતું. દસ દિવસીય આ ગણેશોત્સવમાં દરરોજ રાત્રે વિવિધ સાંસ્કૃતિક તેમજ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સભ્યો તથા અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહેતા હતા. લોક ડાયરો, હાસ્ય દરબાર, જાદુ પ્રયોગો, કોમેડી નાટક જેવા વિવિધ કાર્યક્રમો આ ઉત્સવ દરમિયાન યોજાયા હતા. પર્યાવરણને અનુલક્ષીને સ્થળ પર તૈયાર કરેલા પાણીના કુંડમાં ગણેશ મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

## પ્રાર્થના સભા તેમજ અસ્થિ વિસર્જન

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા પવિત્ર ગંગા નદીમાં મૃત સ્વજનોના અસ્થિઓનું વિસર્જન કરવામાં આવે છે. તાજેતરમાં આ સંસ્થા દ્વારા પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું તેમજ સંસ્થાના કાર્યકરો દ્વારા હરિદ્વાર ખાતે અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર કચ્છ મિત્ર મંડળના નીલેન્દુ વોરા આ પ્રવૃત્તિમાં સક્રિય છે.

## લોકાર્પણ - અભિનંદન

શ્રી લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા સાહિત્યિક મિલનનો એક કાર્યક્રમ તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન કચ્છના લેખક ઉમરશી પરમાર સંપાદિત 'શ્રુત સ્મૃતિ' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં સાહિત્ય રસિકજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ - ગાંધીનગર સરસ્વતી સન્માન - બાળચિત્ર સ્પર્ધા

સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ - ગાંધીનગર દ્વારા તાજેતરમાં ખીમજી વિશ્રામ હોલ, કડી પરિસર ખાતે સમાજના તેજસ્વી બાળકોના સરસ્વતી સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે બાળ ચિત્ર સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. ઉપરાંત ધોરણ-૧ થી ૧૨, ગ્રેજ્યુએટ તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ અને અન્ય ફેકલ્ટીના તેજસ્વી તારલાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના પરિવારજનો તેમજ અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

## મજહબ કી જરૂરત નહીં

*અલ્લાહ કો નમાઝ કી જરૂરત નહીં*
*ભગવાન કો પૂજા કી જરૂરત નહીં*
*રામ-રહીમ ગલે મિલ જાય તો*
*ઈન્સાન કો મજહબ કી જરૂરત નહીં.*

*- દિનેશ પંચાલ*

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

**પ્રેરણા સ્ત્રોત**

- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

Vaikunth R. Gopani
B.Com. FCA. DISA

M. 9426303628
9909986171

## V. R. GOPANI & CO.

**Charaterd Accountants**

**H.O. :**
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

**Branch :**
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

**Resi. :**
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

મોમાઈ સુગર કોર્પોરેશન - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
મહાકાલ સુગર સપ્લાયર્સ - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---

## GILL & CO. PVT. LTD.

IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**: BRANCHES :**
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે
ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,
ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ

All Products

## વિલમોર પ્લાય પ્રા.લિ.

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦

---

## AMBICA TIMBER MART

logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company) | FORESTRY PRODUCTS (Export and Import) | ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging

## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

---

## POSITIVE®

PLY & BOARD

-: Also Available :-

- Teak Wood
- MDF
- Liner Laminate

- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

RAVI ENTERPRISE

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RII
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @Gota. HOMES
Happiness is here.
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસ:
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસ: બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓ:
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો

ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.c
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટર
સીમા હોલની સામે, 100 ફૂટ રોડ, પ્રહલ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma


Patel Tours & Travels®
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all

II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-